MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૭-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

**2** સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે ૫ જૂને જગન્નાથ મંદિરમાં પૂર્ણિમા ઉત્સવ ઉજવાશે

**6** ત્રીજા તબક્કાના સંક્રમણને શોધવા દેશના ૧૦ હોટસ્પોટ શહેરોમાં મોજણી હાથ ધરાશે

**8** માત્ર હવા પર નિર્ભર રહેનાર ચુંદડીવાળા માતાજીએ ૯૧ વર્ષ કર્યો દેહત્યાગ

**12** સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના માંડણના ચીનકુવા ફળિયાના લોકો આઝાદી બાદથી વિકાસની રાહ જોઈ રહ્યા છે

## દેશમાં કોરોના વાયરસ કોમ્યુનિટી સંક્રમણના ભયાનક ત્રીજા તબક્કામાં પ્રવેશ્યુ..?

# ૨૪ કલાકમાં કોરોનાના ૬૫૦૦થી વધુ પોઝિટિવ કેસ

**દેશભરમાં કોરોનાના કેસ વધીને ૧.૪૫ લાખથી વધુ, ૧૪૬ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૪૧૭૨એ પહોંચ્યો, ૬૦,૪૯૧ દર્દીઓ કોરોનાને હરાવીને સ્વસ્થ થયા, રિકવરી રેટ ૪૧.૬૦ ટકા : સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૫૨૨૬૭ પોઝિટિવ કેસ,૧૬૯૫ લોકોના મોત, તમિલનાડુ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં પણ કોરોના બેકાબૂ**

ન્યુ દિલ્હી

શું ભારત હવે કોરોના મહામારીના જોખમકારક કોમ્યુનિટી સંક્રમણના ભયાનક ત્રીજા તબક્કામાંથી પસાર થઇ રહ્યું છે...? આ સવાલ એટલા માટે ચર્ચામાં છે કે દેશમાં દિવસે દિવસે કોરોનાના કેસો વધી રહ્યાં છે. ગઇકાલે અંદાજે ૭ હજાર બાદ છેલ્લાં ૨૪ કલાકમાં ફરીથી ૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. જો કે સત્તાવાળાઓ સંક્રમણના ખતરનાક ત્રીજા તબક્કાનો ઇકાર કરી રહ્યાં છે. દેશભરમાં કોરોનાથી ૧,૪૫,૨૩૮ લોકો સંક્રમિત થયા છે અને ૪,૧૭૨ લોકોના મોત થયા છે. સાથે જ ૬૦,૭૦૬ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશભરમાં સૌથી વધારે ૫૨,૬૬૭ કેસ મહારાષ્ટ્રમાં છે અને મહારાષ્ટ્રમાં ૧,૬૯૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. તો બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૧૭,૦૮૨ કેસ સામે આવ્યા છે અને ૧૧૯ લોકોના મોત થયા છે. ૧૪,૪૬૮ સંક્રમિતો સાથે ગુજરાત ત્રીજા ક્રમે છે.

જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૧.૬૦ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૫૩૫ નવા કેસ સાથે દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૧૪૫૩૮૦ સુધી પહોંચી ગયો છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૧૯ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

જાહેર કરાયેલી વિગતો પ્રમાણે, દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૬૪૧૪ સંક્રમિત વધ્યા હતા, ૩૦૧૨ લોકો સાજા પણ થયા હતા.જ્યારે ૧૪૮ લોકોના મોત થયા હતા. હોસ્પિટલમાં ૮૦ હજારથી વધારે લોકોની સારવાર ચાલી રહી છે. જેમાં સોમવારે ૩૨૫૪ દર્દીઓનો વધારો થયો હતો.

દેશમાં દર્દીઓનો આંકડો ૧ લાખ ૪૫ હજારને પાર કરી ગયો છે.સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી મંગળવાર સવારે જાહેર કરાયેલા અપડેટ પ્રમાણે, અત્યારે દેશમાં કુલ દર્દીઓનો આંકડો ૧.૪૫,૩૮૦ છે, જેમાંથી ૪ હજાર ૧૬૭ લોકોના મોત થયા છે. જેથી ૬૦ હજારથી વધારે લોકો સાજા થયા છે. દેશમાં વધતી કોરોનાની ગતિને કારણે ૨૪ કલાકમાં કોરોનાના ૬ હજાર ૫૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૧૪૬ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૫૨૬૬૭ કેસ નોંધાયા છે જ્યારે ૧૬૯૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૦૮૨ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૧૮ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ ગુજરાતમાં

અનુસંધાન પાના નં. ૬

### અમેરિકામાં કોરોના મૃત્યુઆંક એક લાખની નજીક

## વિશ્વભરમાં અત્યાર સુધી ૫૫.૮૮ લાખથી વધારે કોરોના દર્દીઓ, ૩.૪૮ લાખના મોત

**૧ જુલાઈથી સ્પેનમાં આવનાર વિદેશી નાગરિકોને ક્વોરન્ટિન નહીં કરાય**

ન્યૂયોર્ક

વિશ્વભરમાં અત્યાર સુધી કોરોના મહામારીના અંદાજે ૫૫.૮૮ લાખથી વધારે દર્દીઓ નોંધાયા છે. ૩.૪૮ લાખ લોકોના મોત થયા છે. અને ૨૩.૬૬ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. તો બીજી તરફ સુપર પાવર અમેરિકામાં કોરોના મૃત્યુઆંક એક લાખની નજીક પહોંચવામાં છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મહામારીના સમયે ગોલ્ફ રમત રમવાની બાબતે પોતાનો બચાવ પણ કર્યો હતો.

અમેરિકામાં કોરોનાના ૧૭ લાખ ૬ હજાર ૨૨૬ કેસ નોંધાય છે. ૯૯,૮૦૫ લોકોના મોત થયા છે. ૪.૬૫ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.અમેરિકામાં દૈનિક મૃત્યુઆંકમાં ઘટાડો થઈ રહ્યો છે. જોન હોપકિંસ યુનિવર્સિટી મુજબ સોમવારે અહીં ૫૩૨ લોકોના મોત થાય છે અને એક દિવસમાં ૧૯ હજાર નવા કેસ સામે આવ્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગોલ્ફ રમવાને લઈને પોતાનો બચાવ કર્યો છે. મીડિયા દ્વારા કરવામાં આવેલા કવરેજ સામે તેણે ટ્વિટ કરીને કહ્યું કે બહાર નિકળવા માટે અને થોડી કસરત કરવા માટે સપ્તાહના અંતે હું ગોલ્ફ રમું છું. બનાવટી અને ભ્રષ્ટાચારી ન્યૂઝે તેને એવી રીતે જોયું કે જાણે આ પાપ છે. મીડિયાને એ કેમ દેખાતું નથી કે ત્રણ મહિના પછી હું ગોલ્ફ રમ્યો છું. જો હું ત્રણ વર્ષ પછી પણ ગોલ્ફ રમત તો પણ તેઓ આ

અનુસંધાન પાના નં. ૬

### અટકળો વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ એનસીપી પ્રમુખ શરદ પવાર સાથે મુલાકાત કરી

## ઠાકરે સરકારને રાજકિય ભીંસમાં લેવા ભાજપની વ્યૂહરચના: રાષ્ટ્રપતિ શાસનની માંગણી

મુંબઈ

દેશમાં અત્યારે કોરોના વાઈરસ મહામારીનું સંકટ છે અને દેશમાં સૌથી વધુ કેસો મુંબઈ-મહારાષ્ટ્રમાં બહાર આવી રહ્યાં છે તથ્રે હવે તે મુદ્દે તે રાજકીય ખેંચતાણ શરૂ થઈ છે.. આ દરમિયાન જ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ એનસીપી પ્રમુખ શરદ પવાર સાથે પણ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ હાલની સ્થિતિ વિશે ચર્ચા કરી હતી. આ ચર્ચામાં કોરોના સંકટ અને ભાજપ તરફથી સતત થતાં વિરોધ વિશે પણ વાત કરવામાં આવી હતી. શિવસેના નેતા સંજય રાઉતે ટ્વિટર પર આ મુલાકાત વિશે માહિતી આપી હતી.આ મહાસંકટ વચ્ચે હવે ભાજપ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. આજે સાંજે ૪ વાગે ફડણવીસ મીડિયા સાથે વાત કરવાના છે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ નેતા નારાયણ રાણેએ પણ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી સાથે મુલાકાત કરી હતી. તેમણે હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગણી કરી હતી. છેલ્લા કેટલાક દિવસથી શિવસેના અને

અનુસંધાન પાના નં. ૬

### મોદી સરકાર પર રાહુલના પ્રહારો

## ૪-૪ લોકડાઉન નિષ્ફળ ગયા દેશ પરિણામ ભોગવે છે...!

**કોરોના જ્યારે ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે સરકાર લોકડાઉન હટાવી રહી છે,બોર્ડરના મુદ્દે પણ સરકાર પારદર્શી નથી**

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે પ્રેસ કોન્ફરન્સ કરીને મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને તેમણે લોકડાઉન ફેલ થયું હોવાનો આરોપ પણ મોદી સરકાર પર લગાવ્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ બે મહિના પહેલાં કહ્યું હતું કે, આપણે ૨૧ દિવસમાં કોરોના વાઈસને હરાવી દઈશું પરંતુ આજે ૬૦ દિવસ પછી પણ આપણાં દેશમાં કોરોના વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને લોકડાઉન હટાવવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, લોકડાઉનનો ઉદ્દેશ સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, લોકડાઉનના ચાર તબક્કામાં પણ પીએમને આશા હતી તેવા પરિણામો નથી મળ્યા. આ સંજોગોમાં અમે બધા સરકારને પૂછવા માંગીએ છીએ કે, હવે સરકાર આગળ શું કરવાની છે. કારણકે લોકડાઉન ફેઈલ થઈ ગયું છે. રાહુલે આરોપ લગાવ્યો કે, પીએમ મોદી શરૂઆતમાં ફ્રન્ટ ફૂટ પર રમતા હતા પરંતુ હવે તેઓ બેકફૂટ પર આવી ગયા છે. પરંતુ પીએમએ ફરી ફ્રન્ટફૂટ પર આવવું પડશે.

રાહુલનો સવાલ છે કે, લોકડાઉન ખોલવા વિશે સરકારની સ્ટ્રેટેજીમાં પ્રવાસીઓ અને રાજ્યોની મદદ વિશે શું વ્યવસ્થા કરવામાં આવી છે? તેમણે કહ્યું કે, સરકારે આર્થિક પેકેજમાં જે

અનુસંધાન પાના નં. ૬

## પ્રેમિકાની હત્યા છુપાવવા માટે બિહારી મજૂરે ૯ લોકોની હત્યા કરી

**બર્થડે પાર્ટીમાં ૯ લોકોને ઊંઘની ગોળી આપી, કોથળામાં બાંધીને કુવામાં ફેંક્યા**

હૈદરાબાદ

તેલંગાણામાં વારંગલના સરહદ વિસ્તારમાં કુવામાંથી મળેલી ૯ લાશોના ગુંચવાયેલા કોકડાનું રહસ્ય ઉકેલાઇ ગયું છે. વારંગલ પોલીસે જણાવ્યું કે, આ તમામ હત્યા બિહારના પ્રવાસી મજૂર સંજય કુમાર યાદવે(૨૪) પ્રેમિકાની હત્યાની વાત છુપાવવા માટે કરી હતી. સંજયે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે. તેને બર્થડે પાર્ટીમાં તમામને જમવામાં ઊંઘની ગોળીઓ આપી દીધી હતી. ત્યારબાદ તમામ લોકો બેભાન થઈ ગયા તો તેને બધાને એક બોરીમાં ભરીને ગોરેકુંટા ખાતે આવેલા ગોડાઉન પાસેના કુવામાં નાંખી દીધા હતા.

પોલીસે જણાવ્યું કે, જે કુવામાંથી લાશ મળી, ત્યાં નજીકમાં કોથળા બનાવવાની એક ફેક્ટરી છે વારંગલ પોલીસ કમિશનર વી.રવિંદરે જણાવ્યું કે, જે કુવામાંથી લાશ મળી હતા, તેની પાસે જ કોથળા બનાવવાની ફેક્ટરી છે. અહીંયા પ્રવાસી મજૂરો રહે છે. આરોપી સંજય પણ અહીંયા જ રહેતો હતો. તેની સાથે પશ્ચિમ બંગાળનો રહેવાસી મકસૂદ પત્ની નિશા અને પરિવારના સભ્યો રહેતા હતા. તેની સાથે બિહારના વધુ બે અને ત્રિપુરાનો પણ એક

અનુસંધાન પાના નં. ૬

## કોરોના ઈફેક્ટ: શું હવે ધામધૂમથી મોટા તહેવારોની ઉજવણી મુશ્કેલ બની રહેશે....?

**ગણપતિબાપ્પાને પણ કોરોના નડી શકે, અંદાજે ૨.૫ લાખ કરોડના ધાર્મિક બિઝનેસને થઈ શકે છે અસર, કોરોના પ્રોટોકોલમાં નવરાત્રી,-દિવાળીની ઉજવણી હવે નહિ થઈ શકે નાતાલ સુધી આયોજનો બંધ**

નવી દિલ્હી

ઈદની ઉજવણી મુસ્લિમ બિરાદરોએ કોરોનાના લોકડાઉનને લીધે દેશભરમાં પોતાના ઘરમાં જ રહીને કરી છે. . હવે આવતા મહિનાના અંતમાં ૨૫ જૂને રથયાત્રા પણ સોશ્યિલ ડિસ્ટેન્સ અને શહેરના રેડઝોનમાં તેનો માર્ગ હોઇ તે પ્રતિકાત્મક જ નીકળશે કે કેમ તે અંગે પણ પ્રશ્નાર્થ છે. તેની સાથે ૨૦૨૦ના વર્ષમાં આવનારા તમામ ધર્મોના ખાસ કરીને હિન્દુ ધર્મના વિવિધ તહેવારો પર કોરોનાની અસર પડી શકે છે. તહેવારોમાં અર્થતંત્રને મળતાં પ્રોત્સાહનમાં પણ ઘટાડો થઈ શકે, એવો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

કોરોનાના કેસ આગામી મહિનાઓમાં ઘટે તો પણ જ્યાં સુધી તેની રસી નહીં શોધાય ત્યાં સુધી ખરા અર્થમાં વિશ્વ અગાઉ જેવું સામાન્ય નહીં બને. તમામ ક્ષેત્રોના ધંધામાં તો લાખો કરોડોનો ફટકો પહોંચ્યો છે અને હજુ આગામી મહિનાઓમાં વિકટ પરિસ્થિતિ સર્જાવાની શક્યાતા છે. ભારતમાં તહેવારોનો અને તેમાં થતી મંદિરોની આવકનો મળીને રૂ. ૨.૫ લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય છે અને આગામી નાતાલ સુધી કોરોનાને લીધે કોઈ ધર્મના તહેવારો શોપીંગ, મેળાવડા કે પરંપરાગત રીતે ઉજવી શકાય તેવી શકયતા નથી તે જોતા અર્થતંત્ર, વેપાર, ધંધા અને રોજીમાં જંગી કમરતોડ ખોટ જોવા મળશે.

હવે આગામી મહિનાઓમાં રથયાત્રા પછી પાંચ જુલાઈએ ગુરુ પૂર્ણિમાની ઉજવણી થશે. હજારો ભકતો તેમના ગુરુના દર્શન કરીને દક્ષિણામાં મોંઘી રકમ અને ભેટ સોગાદો મુકતા હોય છે આ વખતે આવા મેળાવડા શકય નહીં હોય... ૩ ઓગસ્ટે રક્ષાબંધન છે જયારે ૧૧ ઓગસ્ટે જન્માષ્ટિમનો તહેવાર છે. ૧૭ ઓગસ્ટે

અનુસંધાન પાના નં. ૬

### ૩૧ મે પહેલા ૨૨થી ૨૪ કેબિનેટ અને રાજ્યમંત્રી શપથ લઈ શકે છે

## મધ્યપ્રદેશમાં શિવરાજ મંત્રીમંડળ વિસ્તારની તૈયારીઓ શરૂ

**શિવરાજે લોકડાઉન-૧ લાગૂ થયાના એક દિવસ પહેસા શપથ ગ્રહણ કર્યા હતા**

ભોપાલ

કોંગ્રેસની કમલનાથ સરકારને તેમના જ પક્ષના ૨૦ ધારાસભ્યો દ્વારા ઉથલાવ્યાં બાદ લોકડાઉન-૧ની પૂર્વ સંધ્યાએ ફરી મુખ્યમંત્રી બનેલા ભાજપના શિવરાજસિંહ ચૌહાણના મંત્રીમંડળ વિસ્તારને લઈને મંગળવારે ચર્ચા થવાની છે. કોરોના મહામારી વચ્ચે શિવરાજે એકલાએ સીએમપદના શપથ ગ્રહણ કર્યા હતા.

સૂત્રોએ કહ્યું કે, મોડી સાંજે થનારી બેઠકમાં મુખ્યમંત્રી ચૌહાણ સિવાય ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિષ્ણુદત્ત શર્મા અને સંગઠન મહામંત્રી સુહાસ ભગત ઉપસ્થિત રહેશે. તેમાં સંભવિત નામોને અંતિમ રૂપ આપવા સાથે પ્રદેશ પ્રભારી વિનય સહસ્ત્રબુદ્ધે સાથે વાત કરીને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને જાણકારી આપવામા આવશે. મુખ્યમંત્રી પોતે દિલ્હી આવીને વાત કરી શકે છે. મુખ્યમંત્રી ઈચ્છે છે કે મંત્રીમંડળ વિસ્તાર બાદ પણ ૬થી ૮ પદ ખાલી રાખવામા

અનુસંધાન પાના નં. ૬

### ૫ જૂને પૂર્ણિમા સ્નાન પર્વ, ૧૭૦ સેવકોના કોરોના ટેસ્ટ બાદ ઉત્સવ ઉજવાશે, રથયાત્રા અંગે હાલ શંકાના વાદળો

# સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે ૫ જૂને જગન્નાથ મંદિરમાં પૂર્ણિમા ઉત્સવ ઉજવાશે

**૨૩ જૂને રથયાત્રા અંગે શંકાના વાદળો, અભિષેકમાં ૧૭૦ ગરબાડૂ સેવકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો**

પુરી

એક તરફ દેશમાં કોરોના સંકટ ચાલી રહ્યું છે અને તમામ મંદિરો ધારમિક સ્થાનો બંધ છે ત્યારે ઓરિસ્સામાં પારંપારિક પુરીના જગન્નાથ મંદિરમાં દર વર્ષે નિકળતી ઐતિહાસિક રથયાત્રાને લઈને હાલ શંકાના વાદળો ચાલી રહ્યા છે. છેલ્લાં ૪૮ કલાકમાં કોરોનાના ૩૦ પોઝિટિવ કેસ પુરી જિલ્લામાં નોંધાયા છે. ત્યાર બાદ ફરીથી જિલ્લામાં રથયાત્રાને લઈને અસમંજસની સ્થિતિ છે. જોકે, આ બધા વચ્ચે રથનું નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. ૨૩ જૂને રથયાત્રા છે. તેના પહેલાં ૫ જૂને મંદિરમાં પૂર્ણિમા ઉત્સવ પણ ઉજવાશે. જેમાં ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રા દેવીની મૂર્તિઓને સ્નાન કરાવવામાં આવે છે. તેના માટે અભિષેકમાં ૧૭૦ ગરબાડૂ સેવકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. રિપોર્ટ નેગેટિવ આવશે તો જ તેમને પૂર્ણિમા સ્નાનમાં સામે થવાની મંજૂરી આપવામાં આવશે.

૫ જૂને પૂર્ણિમા ઉત્સવ યોજાશે. જેમાં પવિત્ર ત્રિમૂર્તિ (ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રા)ને સુગંધિત જળથી અભિષેક-સ્નાન કરાવવામાં આવશે. આ ઉત્સવ રથયાત્રા સાથે જોડાયેલ છે અને તેને ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવે છે. જોકે, આ વર્ષે મંદિર પરિસરમાં ગણતરીના લોકોની હાજરીમાં આ ઉત્સવ ઉજવાશે. આ ઉત્સવમાં ૧૦૮ સુગંધિત પાણીના ઘડાથી ભગવાનનો અભિષેક કરાવવામાં આવશે. આ પર્વમાં જે સેવકો સામેલ હોય છે તેમને ગરબાડૂ કહેવામાં આવે છે. આ લોકો જ પૂર્ણિમા સ્નાનની પૂર્ણ વિધિનું સંચાલન કરે છે. મંદિર પ્રશાસક પીકે જેના પ્રમાણે મંદિર સમિતિએ નિર્ણય લીધો છે કે, બધા જ ગરબાડૂ સેવકોનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવશે.

૮ મેથી શરૂ થયેલું રથ નિર્માણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. રથ ધીમે-ધીમે આકાર લઈ રહ્યા છે. જોકે, અમ્ફાન વાવાઝોડાના કારણે બે દિવસ માટે રથ નિર્માણમાં વિઘ્ન આવ્યાં હતાં. પરંતુ, ૨૩ જૂન પહેલાં રથને તૈયાર કરવા માટે વિશ્વકર્મા સેવકો પૂરપાટે કામ કરી રહ્યાં છે. મંદિર સમિતિ અને જિલ્લા પ્રશાસન પણ કોરોનાવાઇરસના કારણે તેમના સ્વાસ્થ્ય ઉપર વિશેષ ધ્યાન રાખી રહ્યા છે. મુખ્ય જિલ્લા મેડિકલ અધિકારી ડો. નીલકંઠ મિશ્રા પ્રમાણે કર્મચારીઓને સમયે-સમયે કોરોનાથી સાવધાની વિશે જણાવવામાં આવે છે. તેમના માટે કેમ્પ પણ યોજવામાં આવ્યાં છે. નિયમિત રૂપે તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવે છે

# મણિપુરમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકો બન્યા ભયભીત

ઈમ્ફાલ

દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં સોમવારે મોડી રાત્રે ભૂકંપનો ૫.૫ની તીવ્રતાનો આવતા લોકો ઘરની બહાર આવી ગયા હતા. મણિપુરમાં રાત્રે ૮ વાગીને ૧૨ મીનીટે ભૂકંપનો ઝટકો આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૫ નોધાઈ હતી. નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજીના અનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ મણિપુરથી ૧૫ કિમી મોઈરાંગ ખાતે નોધાયું હતું. આ પહેલા પણ મણિપુરમાં ગત શુક્રવારે ભૂકંપનો ઝટકો રિક્ટર સ્કેલ પર ૩.૬નો નોધાયો હતો.

છેલ્લાં ઘણા દિવસથી દેશના જુદા જુદા ભાગમાં ભૂકંપના ઝટકા આવતા હોવાનું નોંધાયું છે.. ૨૦ મેના રોજ બેંગલોરમાં પણ વિચિત્ર પ્રકારનો અવાજ સંભાળીને લોકો ઘરની બહાર આવી ગયા હતા જોકે અધિકારીઓએ ભૂકંપ ન હોવાનું ઈનકાર કર્યો હતો. આ પહેલા રાજસ્થાનના ઝૂનઝૂનું માં પણ ભૂકંપના હળવા ઝટકા અનુભવાયા હતા. જયપુર હવામાન કેન્દ્ર નિર્દેશક શિવ ગણેશે જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૦ કિમી ઊંડું હતું.

# આ જ વર્ષે કોરોનાની દવા બજારમાં આવવાની આશા વ્યક્ત કરાઈ અમેરિકન કંપનીની જાહેરાત: કોરોનાની દવાના માનવીય પરિક્ષણની શરૂઆત

વોશિંગટન

કોરોના વાયરસના કહેર વચ્ચે આખી દુનિયાના વૈજ્ઞાનિકો તેની દવા અને રસી શોધવામાં લાગી ગયા છે. છેલ્લાં એક મહિનામાં દુનિયાના કેટલાંય દેશના વૈજ્ઞાનિકો, ડૉકટર્સે , મેડિકલ ઈન્સ્ટિટ્યુટ્સ અલગ-અલગ દાવાઓ કરી રહ્યા છે. તેમાં એક કંપનીનો ઉમેરો થયો છે. અમેરિકાની બાયોટેકનોલોજી કંપનીએ ઓસ્ટ્રેલિયામાં કોરોના વાયરસ ચેપની દવાનું હ્યુમન પરીક્ષણ શરૂ કરવાની જાહેરાત કરી છે અને આ વર્ષે રોગચાળાની સામે આ જ વર્ષ દવા આવવાની આશા વ્યક્ત કરી છે.

બાયોટેકનોલોજી કંપની 'નોવાવૈક્સ' ના મુખ્ય સંશોધનકર્તા ડો.ગ્રિગોરી ગ્લેને જણાવ્યું હતુ કે કંપનીએ પ્રથમ તબક્કાની ટ્રાયલ શરૂ કરી છે જેમાં મેલબોર્ન અને બ્રિસ્બેન શહેરોના ૧૩૧ વોલેન્ટિયર પર દવાનું પરીક્ષણ કરાશે. અમે દવા અને રસીને એકસાથે બનાવવાનો વિચાર એટલા માટે કરી રહ્યા છીએ કે અમે બતાવી શકીએ કે તે આ કેટલી અસરકારક છે. વર્ષના અંત સુધીમાં આને લોકો માટે ઉપલબ્ધ કરવી શકીએ.

# સોશિયલ ડિસ્ટન્સિંગને જાળવવા કેનેડામાં સ્લો સ્ટ્રીટ પ્રોગ્રામનો નવતર અમલ

વાનકુવર

દુનિયાભરના દેશો કોરોના લૉકડાઉનમાં રાહત આપવાની સાથે સોશિયલ ડિસ્ટન્સિંગના નવા નવા ઉપાય અપનાવી રહ્યા છે. કેનેડાના વાનકુવરમાં આવો જ એક ઉપાય અમલમાં મૂકાયો છે જેને સ્લો સ્ટ્રીટ પ્રોગ્રામ એવું નામ આપવામાં આવ્યું છે. સૂત્રોએ કહ્યું કે, તેનો . ઉદ્દેશ્ય એ છે કે રોડ પર ઓછા લોકો રહેશે તો સાઈકલવાળા અને પગપાળા ચાલનારાને વધુ જગ્યા મળશે. તે ઉપરાંત પર્યાપ્ત અંતર પણ જળવાઈ રહેશે. આશરે ૧૨ કિમીના ભાગમાં સાઈકલિંગ અને વૉકિંગને જ પ્રોત્સાહિત કરાશે. વાહનો ઓછી સ્પીડથી ચાલશે. કારણ વિના ઊભા નહીં રહી શકે. જુલાઈથી બીજો તબક્કો શરૂ થશે. કુલ ૩ ફેઝમાં ૫૦ કિમીમાં સ્લો સ્ટ્રીટ બનાવાશે. ટોરન્ટોમાં પણ બુલેવર્ડ વેસ્ટ સહિત અમુક મુખ્ય ક્ષેત્રોના માર્ગો પર કારથી અવર-જવર પર પ્રતિબંધ મૂકાયો છે. કેનેડામાં ૮૪ હજારથી વધુ લોકો કોરોના ચેપગ્રસ્ત છે, ૬૪૬૪ લોકો મૃત્યુ પામ્યા છે અને આશરે ૪૪ હજાર લોકો સાજા થઈ ચૂક્યા છે.

# મનોજ તિવારીનો લૉકડાઉનમાં ક્રિકેટ રમવાનો મામલો, સ્ટેડિયમના MDને નોટિસ

સોનીપત

ગન્નૌરના શેખપુરા સ્થિત યુનિક ક્રિકેટ સ્ટેડિયમમાં દિલ્હી બીજેપી અધ્યક્ષ મનોજ તિવારીના ક્રિકેટ રમવાના મામલે સ્ટેડિયમના એમડીને ગન્નૌર એસડીએમ સ્વપ્નિલ રવિન્દ્ર પાટિલે કારણ બતાવો નોટિસ ફટકારી છે. આ ગન્નૌરમાં એક પ્રાઈવેટ એકેડમીનુ ક્રિકેટ સ્ટેડિયમ છે. એસડીએમ સ્વપ્નિલ રવિન્દ્ર પાટિલે સ્ટેડિયમ એમડીને નોટિસ ફટકારીને પુછ્યું છે કે, ક્રિકેટ મેચનુ આયોજનની સ્વીકૃતિ કયા અધિકારી દ્વારા આપવામાં આવી હતી.

સાથે એ પણ કહેવામાં આવ્યુ છે કે શું ક્રિકેટ રમતા પહેલા સ્ટેડિયમને સેનેટાઇઝ કરાવ્યુ હતુ. આમાં કહેવાયુ છે કે આરોપ છે કે મેચ દરમિયાન એકબીજાથી દુર બનાવી રાખવાના નિયમોનુ ધ્યાન ન હતુ રખાયુ, કેટલાક ખેલાડીઓએ તો માસ્ક પણ ન હતુ પહેર્યુ હતુ. સ્ટેડિયમ એમડી સનથ જૈનને આ નોટિસનો જવાબ ૨૪ કલાકની અંદર સ્વયં હાજર રહીને આપવાનો છે. સાથે જ એસડીએમ સ્વપ્નિલ રવિન્દ્ર પાટિલે એ પણ નિર્દેશ આપ્યો છે કે જો તે યોગ્ય પુરાવા લઈને હાજર ન થયા તો, મેચ દરમિયાન હાજર રહેલા અન્ય લોકો સામે પણ લૉકડાઉનના ઉલ્લંઘનની કલમ ૧૮૮ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

### પરપ્રાંતિય મંજુરો મુદ્દે સુપ્રીમ કોર્ટનું કડક વલણ

# પરપ્રાંતિય મજુરો ઉપર કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ

**સુપ્રિમે પરપ્રાંતિય મજૂરોની પરિસ્થિતિ પર ધ્યાન આપવાની માંગ કરી છે, કેન્દ્ર તેમજ તમામ રાજ્યો તરફથી જવાબો**

નવી દિલ્હી

સુપ્રિમ કોર્ટે દેશભરમાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોની સમસ્યા અને તેમની સામે આવી રહેલી આફત અંગેનું ધ્યાન લીધું છે અને જવાબ રજૂ કરવા માટે કેન્દ્ર સરકાર અને દેશભરની રાજ્ય સરકારોને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કેન્દ્ર સરકારે જણાવવું જોઈએ કે પરપ્રાંતિય મજૂરો માટે અત્યાર સુધી શું પગલા ભરવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું છે કે અત્યાર સુધીના પ્રયાસો પૂરતા નથી. પરપ્રાંતિય મજૂરો માટે આ એક મુશ્કેલ સમય છે અને આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે અસરકારક નક્કર પગલાં લેવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અશોક ભૂષણ, ન્યાયાધીશ સંજય કિશન કૌલ અને ન્યાયાધીશ એમ.આર. શાહે તેમના બે પાનાના આદેશમાં જણાવ્યું છે કે તેઓ સતત મીડિયા અને અખબારના અહેવાલો જોતા આવ્યા છે કે પરપ્રાંતિય મજૂરો પગથી લાંબા અંતરની કમનસીબ સ્થિતિમાં છે. જો તમે નિર્ણય કરી રહ્યા છો, તો કોઈ સાયકલથી આ અંતરની મુસાફરી કરી રહ્યું છે. તેઓ જે જગ્યાએ ફસાયેલા છે અને જે રીતે તેમને ખોરાક અને પાણી મળતું નથી તે દિશામાં વહીવટની ફરિયાદ કરી રહ્યા છે. દેશ હાલમાં બંધ છે. સમાજના આ વર્ગને મુશ્કેલીની આ ઘડીમાં સહાયની જરૂર છે. તેમને હમણાં સરકારની મદદની જરૂર છે. ખાસ કરીને ભારત સરકાર અને રાજ્ય સરકારે આ અંગે પગલા ભરવા જોઈએ. કોર્ટે કહ્યું કે પરપ્રાંતિય મજૂરો માટે આ મુશ્કેલ સમય છે અને તેમને મદદની જરૂર છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેમને બધા પત્રો અને અહેવાલો આપવામાં આવ્યા છે અને તેમને પરપ્રાંતિય મજૂરોની સમસ્યાથી વાકેફ કરવામાં આવ્યા છે. પરપ્રાંતિય મજૂરોની સમસ્યા હજી પણ યથાવત છે. રાજયની સરહદો, રસ્તાઓ, રેલ્વે સ્ટેશનો અને રાજમાર્ગો પર મોટી સંખ્યામાં પરપ્રાંતિય મજૂરો ફસાયેલા છે. તેમ છતાં રાજ્ય અને કેન્દ્ર સરકારે ઘણાં પગલાં લીધાં છે, આ બધા પ્રયાસો હજી પણ અપૂરતા છે અને તેમાં ખામીઓ પણ છે. અમે આ મામલે એકમત છીએ કે પરપ્રાંતિય મજૂરો માટે અસરકારક અને નક્કર પગલાં લેવાની જરૂર છે જેથી તેઓ મુશ્કેલીમાંથી મુક્તિ મેળવે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે ભારત સરકાર અને દેશના તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ પાઠવીએ છીએ. કોર્ટે કહ્યું કે ગુરુવારે આ મામલાની સુનાવણી થાય ત્યાં સુધી કેન્દ્ર સરકારે આ કેસમાં લેવામાં આવેલા પગલાઓ વિશે માહિતી આપવી જોઈએ અને સોલિસિટર જનરલ કોર્ટમાં હાજર રહેવું જોઈએ. નોંધપાત્ર વાત એ છે કે સ્થળાંતર દરમિયાન પરપ્રાંતિય મજૂરોના મોતનો મામલો સુપ્રીમ કોર્ટમાં ઉભો થયો છે. સુપ્રીમ કોર્ટે ૧૫ મેના રોજ સુનાવણી દરમિયાન ટીપ્પણી કરી હતી કે, પરપ્રાંતિય મજૂરોની હિલચાલ પર નજર રાખવી કોર્ટ માટે અશક્ય છે.

### વિમાન યાત્રીઓ માટે ઠાકરે સરકારે જાહેર કરી ગાઈડલાઈન્સ

# એક અઠવાડિયાથી ઓછું રહેનારા માટે હોમ ક્વોરોન્ટાઈન નહી

મુંબઈ

દેશના દરેક એરપોર્ટ પર ઘરેલું વિમાની સેવા શરૂ થઈ છે. દરેક વિમાન મથક પર સોશિયલ ડીસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે. કોરોના સંકટ તરત સમાપ્ત થવાનું નથી. આ વચ્ચે બીજા રાજયોથી મહારાષ્ટ્ર આવનારા યાત્રીઓ માટે મહારાષ્ટ્ર સરકારે ઘણા નિયમો કાયદા આધારિત નિર્ધારિત કર્યા છે. આવનારા યાત્રીઓનું થર્મલ સ્કીનીંગ કરવામાં આવશે અને હાથ પર સ્ટેમ્પ લગાવવામાં આવશે. તથા તેમના માટે ૧૪ દિવસનું હોમ આઈસોલેશન જરૂરી હશે. જોકે સ્થાનિક તંત્ર હોમ આઈસોલેશનમાં ઘણી છૂટછાટ આપી શકે છે. જો યાત્રી કોઈ કચેરીમાં કામ કરે છે તો તંત્રને જરૂરી છૂટછાટ આપવાનું પણ વિચારી શકે છે.

જો કોઈ યાત્રી મહારાષ્ટ્ર આવે છે અને એક અઠવાડિયાની અંદર જ પરત જતો રહે છે તો તેને હોમ આઈસોલેશનમાં રહેવાની જરૂર નથી પરંતુ તેમણે રાજ્ય સરકારને આ મુદ્દે જાણ કરવાની રહેશે. સાથે જ યાત્રીઓને કન્ટેઈન્મેન્ટ ઝોન જવાની પરવાનગી નહિ હોય. મહારાષ્ટ્ર સરકાર તરફથી જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ યાત્રી રહેણાંક પરિસરમાં રહેવા માટે નથી જઈ રહ્યા તો તેને પોતાના સ્થાન વિશે સૂચિત કરવાનું રહેશે જેથી તેને સેનેટાઈઝ કરી શકાય.

SOP કોરોના લક્ષણ વાળા દર્દીઓ પર લાગુ થશે. એરપોર્ટ સુધી રોડ માર્ગ દ્વારા જવાની પરવાનગી હશે પરંતુ યાત્રીને કન્ટેઈન્મેન્ટ ઝોનથી બહાર જવા માટે પરવાનગી નહિ હોય. યાત્રીઓને રેડ ઝોનથી બહાર જવા માટે પરવાનગી લેવી પડશે.

# વિશ્વમાં કોરોના વાયરસના સક્રિય કેસોમાં ભારતનો પમો નંબર, નંબર ૧ પર અમેરિકા

**વિશ્વમાં ૨૩.૬૮ લાખ લોકો સાજા થયા, વિશ્વમાં ૨૮.૭૬ લાખ કોરોનાના એક્ટિવ કેસ**

નવી દિલ્હી

વિશ્વમાં કોરોના મહામારી અટકવાનું નામ લેતી નથી. હાલમાં વિશ્વમાં કોરોના મહામારીને કારણે આંક ૫૬ લાખ નજીક પહોંચી ગયો છે. તો મોતનો આંક પણ ૩.૫૦ લાખ નજીક પહોંચ્યો છે. વિશ્વમાં અત્યાર સુધી ૫૫.૯૨ લાખ લોકો કોરોનાનો ચેપ લાગ્યો છે. કોરોનાને કારણે મોતનો આંક પણ ૩.૪૮ લાખ થઈ ચૂક્યો છે. વિશ્વમાં કોરોના મહામારી વચ્ચે હાલમાં કોઈ રસીઓ શોધાઈ નથી પરંતુ અન્ય રોગની દવાઓથી તાવ ઉતારવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. જેના પરિણામે લોકો સાજા થનારાની સંખ્યા પણ હવે જોવા મળી રહી છે.

વિશ્વમાં હાલમાં કોરોનાની કોઈ રસી શોધાઈ નથી ત્યારે વૈકલ્પિક રૂપે મેલેરિયામાં વપરાતી દવાઓ અપાઈ રહી છે. જેનાથી સાજા થનારાની સંખ્યા પણ વધી છે. વિશ્વમાં કોરોનાના ૨૩.૬૮ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે. હજુ પણ વિશ્વમાં ૨૮.૭૬ લાખ કોરોનાના એક્ટિવ કેસ છે. વિશ્વમાં એક્ટિવ કેસમાં ભારતનો પમો નંબર છે. જ્યારે સૌથી વધારે એક્ટિવ કેસ અમેરિકામાં છે. અમેરિકામાં ૧૭ લાખમાંથી ૧૧.૪૨ લાખ કેસ હજુ પણ એક્ટિવ છે. મોતનો આંક પણ ૧ લાખ નજીક પહોંચી ગયો છે.

વિશ્વમાં એક્ટિવ કેસની વાત કરવામાં આવે તો હાલમાં ૨૮,૭૫,૯૦૦ કેસ એક્ટિવ છે. જેમાં સૌથી વધારે એક્ટિવ કેસ અમેરિકામાં ૧૧,૪૧,૭૫૧ કેસ સક્રિય છે. જેમાં ૧૭ હજારથી વધારે ક્રિટીકલ કેસ છે. બીજા નંબરે રસિયામાં ૨ લાખ ૩૧ હજાર કેસ સક્રિય છે. જેમાં ૨,૩૦૦ ક્રિટીકલ કેસ છે. ત્રીજા નંબરે બ્રાઝીલમાં પણ ૧.૯૯ લાખ કેસ એક્ટિવ છે જેમાં ૮,૩૦૦ સિરિયસ દર્દીઓ છે.

ચોથા નંબર પર ફ્રાન્સમાં પણ ૮૯,૩૧૧ કેસ એક્ટિવ છે. તો ૧૬૦૯ કેસ સિરીયસ છે. પાંચમા નંબર પર ભારત આવે છે જ્યાં એક્ટિવ કેસની સંખ્યા ૮૦ હજાર ૫૭૮ છે. ભારતમાં ૮,૯૪૪ કેસ સિરીયસ છે. ભારતમાં કોરોના સંક્રમણનો આંક પણ ૧.૪૫ લાખને પાર થયો છે. જ્યારે ૪૧૭૨ લોકોના મોત પણ થયા છે. તે પછી ક્રમશ પેરુ, સ્પેન, ઈટાલી, ચીલે, પાકિસ્તાન, કતાર વગેરે આવે છે. વિશ્વમાં એક્ટિવ કેસમાં પાકિસ્તાન ૧૦ મા નંબરે અને કતાર ૧૧ મા નંબરે આવે છે.

### સંરક્ષણપ્રધાન, સીડીએસ અને ત્રણેય આર્મીના ચીફ સાથે મહામિટિંગ

# ભારત ચીનની તુલનાએ LAC પર સૈન્ય વધારવાનું ચાલુ રહેશે : રાજનાથ

**એલએસી પર ચીન જેટલી પોતાની તાકાતમાં વધારો કરશે તેટલું ભારતીય લશ્કરી ટીમમાં વધારો કરશે : આગામી વ્યૂહરચના પર વિસ્તૃત વિચારણા થઈ**

નવીદિલ્હી

સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ચીફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત અને ત્રણ સૈન્યના વડાઓ સાથે લદાખમાં એલએસી પર ચીન સાથે તણાવપૂર્ણ વાતાવરણમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં એલએસીની જમીનની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને આગળની વ્યૂહરચના અંગે વિચારણા કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે મહામંત્રન ચાર કલાકથી વધુ સમય સુધી ચાલ્યું હતું જેમાં સંરક્ષણ પ્રધાને ચીન તરફથી સૈન્યની સંખ્યા વધારવા અંગેના ભારતના જવાબ માટે બ્લુપ્રિન્ટ આપી હતી.



આ મહા મંથન દરમિયાન સ્પષ્ટ થઈ ગયું હતું કે યુદ્ધવિરામ માટેની વાટાઘાટો ચાલુ રહેશે, પરંતુ ભારતીય સૈન્ય તેની સાર્વભૌમત્વ સાથે કોઈ પણ પ્રકારનો સમાધાન કર્યા વિના ત્યાં પોતાનો હોદ્દો જાળવી રાખશે. બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ વિસ્તારમાં રસ્તાના નિર્માણનું કામ ચાલુ રાખવું જોઈએ અને ચીન સામે ભારત તેની સૈન્ય દળ વધારવાનું ચાલુ રાખશે. એલએસી પર સ્થિતિને સામાન્ય બનાવવા માટે ભારતીય લશ્કર અને ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) પૂર્વ લદ્દાખમાં ઘણી વાર મળી છે. જોકે સોમવાર સુધી કોઈ સફળતા મળી નથી. આ પહેલા રવિવારે પણ એક બેઠક મળી હતી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ ઘણા મુદ્દાઓ પર સહમતી થઈ શકી નથી. પ્રાદેશિક કમાન્ડરોના સ્તરે આગળ બેઠકો થઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ અત્યાર સુધીમાં પાંચ રાઉન્ડની વાતચીત કરી છે.

ભારતીય સેનાના એક ઉચ્ચ અધિકારીએ કહ્યું, 'કોઈ સફળતા મળી નથી. સ્થિતિ યથાવત્ છે. તેમણે કહ્યું કે આ મુદ્દો ઉકેલી લેવામાં આવશે, પરંતુ ભારતીય સેના એલએસી સાથે તેનું નિર્માણ કાર્ય ચાલુ રાખશે. સુત્રોએ જણાવ્યું હતું કે, બંને બાજુ સૈન્ય તુકડીઓ તૈનાત છે અને બંને સૈન્ય ૫ મેથી ઓછામાં ઓછી ત્રણ જગ્યાએ એકબીજાની નજર રાખી રહ્યા છે. પૂર્વી લદ્દાખમાં પેનગોંગ ત્સો સેક્ટર અને ગેલવાન વેલી પર ભારતીય સેનાએ જાગરૂકતા વધારી દીધી છે જ્યાં ચીને તેની જમાવટ વધારી દીધી છે. આ સિવાય ચીન સાથેની પશ્ચિમ સરહદના ટ્રેગ હાઈટ્સ, ડેમચોક અને ચૂમર વિસ્તારોમાં પણ ભારતીય સેના ભારે ઉત્સાહ બતાવી રહી છે. હકીકતમાં, ૫ મેના રોજ લદાખમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે બોલાચાલી થઈ હતી અને ૬ મેની સવારે બંને પક્ષો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના ઘણા સૈનિકો ઘાયલ થયા હતા. ત્યારબાદથી ચીને અથડામણની જગ્યા નજીક તેના સૈન્યની સંખ્યામાં વધારો કરવાનું શરૂ કર્યું છે. એટલું જ નહીં, ચીને પેનગોંગ તળાવમાં પેટ્રોલ પણ વધાર્યો હતો અને બોટોમાં પણ વધારો કર્યો હતો. નવીનતમ તણાવ ત્યારે શરૂ થયો જ્યારે ભારતીય સરહદ પર ચાલી રહેલા નિર્માણ કાર્ય અંગે ચીને વાંધો ઉઠાવ્યો હતો. ભારતીય સેનાએ કહ્યું હતું કે પેનગોંગમાં હવે વિરોધાભાસી જેવી સ્થિતિ નથી અને ઘણા સૈનિકો નથી. શુક્રવારે, ભારતીય સેનાના વડા, જનરલ નરવાને, લેહમાં ૧૪ કોર્પ્સના મુખ્ય મથકની મુલાકાત લીધી હતી અને એલએસી પર સુરક્ષા દળોની તહેનાતની સમીક્ષા કરી હતી. નોર્થન કમાન્ડના ચીફ લેફ્ટનન્ટ જનરલ જોશી, ૧૪ કોર્પ્સ કમાન્ડર લેફ્ટ જનરલ, અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

# MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

## જોજો ચૂકી જતા આ મોકો

**MARKET4U (OPC) PVT LTD**

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

**CONNECTINDIANS**

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

**૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે**

આજે જ જોડાઓ અને

## મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)




નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

## જીતો

MARUTI ALTO






HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

## 9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

**MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

**ઓફીસ એડ્રેસ**

**સુરત**

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

**ભરૂચ**

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

## થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

**CONNECT INDIANS : MLM Plan Rs. 200**
**INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES**

| DOWNLINE LEVEL | No. OF DOWNLINE | INCOME IN RS. | TOTAL AMOUNT IN RS. | 5% TDS DEDUCTION | TOTAL AMOUNT AFTER TDS |
|---|---|---|---|---|---|
| 1 | 5 | 20 | 100 | 5 | 95 |
| 2 | 25 | 10 | 250 | 13 | 238 |
| 3 | 125 | 5 | 625 | 31 | 594 |
| 4 | 625 | 5 | 3125 | 156 | 2969 |
| 5 | 3125 | 5 | 15625 | 781 | 14844 |
| 6 | 15625 | 5 | 78125 | 3906 | 74219 |
| 7 | 78125 | 5 | 390625 | 19531 | 371094 |
| 8 | 390625 | 5 | 1953125 | 97656 | 1855469 |
| TOTAL EARNING : | | | | | 2319520 |

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

**લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ**

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

**"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."**

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

**CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257**

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

## તંત્રી લેખ

# કચરો પર્યાવરણ હવાલે

હાલમાં પર્યાવરણને લઈને કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. જે સાબિત કરે છે કે ઓછી આવકવાળા દેશોમાં ૯૩ ટકા કચરાને પર્યાવરણને હવાલે કરી દેવામાં આવે છે. પ્લાસ્ટિક પેકેજિંગની વાત કરવામાં આવે તો મલેશિયામાં વપરાશ સૌથી વધારે રહે છે. વર્લ્ડવાઈડ ફંડ ઓર નેચરે તાજેતરમાં જ એક રિપોર્ટ જારી કર્યો છે. જેમાં કેટલીક ચોંકાવનારી બાબતોનો ખુલાસો કર્યો છે. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે દક્ષિણ એશિયાની છ ઉભરી રહેલી અર્થવ્યવસ્થાથી બજારમાં આવી રહેલી પ્લાસ્ટિક પેકેજિંગના પ્રમાણનુ નિરીક્ષણ કરવામાં આવ્યુ છે. આ રિપોર્ટ દર્શાવે છે કે ઓછી આવકવાળા દેશ પોતાના કચરા પૈકી ૯૩ ટકા કચરાને પર્યાવરણને હવાલે કરી દે છે. આવી જ રીતે ઉંચી આવકવાળા દેશમાં આ પ્રમાણ માત્ર ચાર ટકા છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ઉપભોગ વસ્તુઓના પેકેજિંગમાં ઉપયોગ થનાર પ્લાસ્ટિક વાતાવરણમાં પ્લાસ્ટિક પ્લાસ્ટિક પ્રદુષણને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. દુનિયાભરમાં ૩૬ ટકા પ્લાસ્ટિકનો ઉપયોગ પેકેજિંગમાં કરવામાં આવે છે. એકત્રિતકરણ અને અન્ય તકલીફોનો કારણે એક મોટો હિસ્સો વાતાવરણને હવાલે કરી દેવામાં આવે છે. છ દેશોના મુલ્યાંકન મુજબ પ્લાસ્ટિક પેકેજિંગની મલેશિયામાં પ્રતિ વ્યક્તિ વપરાશની સ્થિતી સૌથી વધારે ૧૬.૭૮ કિલોગ્રામ છે. જ્યારે વાર્ષિક સ્થાનિક વપરાશના મામલે ચીન સૌથી આગળ છે. ચીનમાં વાર્ષિક સ્થાનિક વપરાશ વધારે રહે છે. પ્લાસ્ટિક પેકેજિંગમાં પ્રતિ વ્યક્તિ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો ચીન સૌથી આગળ છે. ઘરમાં થનાર પેકેજિંગના કુલ વપરાશની વાત કરવામાં આવે તો પણ આંકડો વધારે રહે છે. ઘરમાં થનાર પેકેજિંગની વાત કરવામાં આવે તો ચીનુ ચિત્ર જોરદાર રીતે ઉભરીને સપાટી પર આવે છે. ચીનમાં કુલ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો પીઇટી બોટલ ૫૪૭૪ જેટલી છે. અન્ય પ્લાસ્ટિક બોટલની વાત કરવામાં આવે તો સંખ્યા ૧૦૧૬ છે. આવી જ રીતે પ્લાસ્ટિક ફિલ્મ અને બેગની વાત કરવામાં આવે તો સંખ્યા ૫૮૫૨ રહેલી છે. પ્લાસ્ટિક કપ અને કન્ટેનરની સંખ્યા ૩૭૭૭ રહેલી છે. અન્ય પ્લાસ્ટિક પેકેજિંગની સંખ્યા ૩૬૪૪ની આસપાસ છે. કુલ પ્લાસ્ટિક પેકેજિંગની વાત કરવામાં આવે તો ચીનમાં આ આંકડો ૧૯૭૬૫ સુધી પહોંચી જાય છે. આ આંકડા મિલિયન ટનમાં રહેલા છે. ઘરમાં થનાર પેકેજિંગની કુલ વાર્ષિક વપરાશની સ્થિતી પર નજર કરવામાં આવે તો આ આંકડા ચોક્કસપણે નિરાશ કરે છે. પ્લાસ્ટિક પેકેજિંગમાં વાર્ષિક પ્રતિ વ્યક્તિ વપરાશની વાત કરવામાં આવે તો ચીનમાં પ્લાસ્ટિક પેકેજિંગમાં વાર્ષિક પ્રતિ વ્યક્તિ ઉપયોગ ૧૪૦૮ કિલોગ્રામ છે. આવી જ રીતે ઇન્ડોનેશિયામાં આ આંકડો ૧૨.૫ કિલોગ્રામ છે. મલેશિયામાં આ આંકડો ૧૬.૭૮ કિલોગ્રામ છે. ફિલીપાઇન્સમાં આ આંકડો ૧૨.૪ કિલોગામ છે. આવી જ રીતે ઘરમાં થનાર પેકેજિંગના કુલ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો ઇન્ડોનેશિયામાં પીઇટી બોટલ ખપતનો આંકડો ૫૪૭૪ મિલિયન ટનની આસપાસ છે. આવી જ રીતે અન્ય પ્લાસ્ટિક બોટલનો વાર્ષિક વપરાશનો આંકડો ૧૪૨ મિલિયન ટનમાં છે.

**ઓછી આવકવાળા ઘણા દેશો પૈકીના દેશો કચરો પર્યાવરણ હવાલે કરી દેતા હોય છે**

# રાજકોટમાં પાકનો યોગ્ય ભાવ ન મળતા ખેડૂતોએ રસ્તા પર લસણ ઢોળી કર્યો વિરોધ, અટકાયત

રાજકોટ

રાજકોટમાં ધિરાણ ન મળવા અને પાકના ભાવ મુદ્દે કિસાન સંઘ અને ખેડૂત આગેવાનો એકત્ર થયા હતા અને રસ્તા પર લસણ ઢોળી વિરોધ કર્યો હતો. જો કે ઉગ્ર વિરોધ કરે તે પૂર્વે જ કિસાન સંઘના પ્રમુખ દિલીપ સખીયા સહિત અંદાજીત ૨૫થી વધુ ખેડૂત આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. જેને લઈને ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ સાથે જ અન્ય નાના ગામોમાંથી આવતા ખેડૂતોને રસ્તામાં જ અટકાવી દેવામાં આવ્યા હતા. જો કે અટકાયત કરતી વેળાએ દિલીપ સખીયા સહિત ખેડૂત આગેવાનોએ ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા.

ખેડૂતોના પ્રશ્નને લઈને ખેડૂત આગેવાનો દ્વારા શહેરના રેસકોર્સ રિંગ રોડ પર વિરોધ કરવામાં આવ્યો હતો. ખેડૂતોએ લસણ-ડુંગળીના ભાવ અને ધિરાણના અલગ અલગ પ્રશ્નોને લઈને વિરોધ કર્યો હતો. જો કે ખેડૂતોએ રસ્તા પર જ લસણ ઢોળીને વિરોધ કર્યો હતો. ખેડૂતો ઉગ્ર વિરોધ કરે તે પહેલા જ પોલીસે ૨૫થી વધુ ખેડૂત આગેવાનોની અટકાયત કરી હતી. જેને લઈને ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો.

# સુરેન્દ્રનગર ગામડાઓમાં મિશન મંગલમ હેઠળ સખી મંડળની બહેનોએ બનાવ્યા માસ્ક

સુરેન્દ્રનગર

જિલ્લામાં મિશન મંગલમ અંતર્ગત સખી મંડળની બહેનો કોરોના વાઈરસના સંક્રમણના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે, તેવા સમયે જિલ્લાની ૫૪૦ ગ્રામ પંચાયતો પૈકી ૭૭ ગ્રામ પંચાયતમાં મિશન મંગલમ યોજના અંતર્ગત સખી મંડળની બહેનો દ્વારા આ મહામારીના સમયે લોકોને



ઉપયોગી થવાના હેતુસર સ્વખર્ચે માસ્ક બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માસ્ક બનાવવાની કામગીરીમાં કુલ ૩૫ ગ્રામ સંગઠન અને ૨૩ સ્વ સહાય જૂથ મળીને કુલ ૯૧ જેટલી બહેનો સંકળાયેલી છે.

જે અન્વયે મિશન મંગલમ યોજના અંતર્ગત જિલ્લાની સખી મંડળની બહેનો દ્વારા ચોટીલામાં ૨૯૦૦, ચુડામાં ૨૫૦૦, ધ્રાંગધ્રામાં ૯૨૬૦, લખતરમાં ૩૦૦, લીંબડીમાં ૩૩૦૦, મૂળીમાં ૧૮૮૧, સાયલામાં ૬૬૫૦, પાટડીમાં ૫૩૦૦, થાનગઢમાં ૪૫૦૦ અને વઢવાણ તાલુકામાં ૧૮,૯૦૦ માસ્ક મળીને કુલ ૫૫,૪૯૧ જેટલા માસ્ક સ્વખર્ચે બનાવેલા છે. જિલ્લાના સખી મંડળની બહેનો દ્વારા ગ્રામ પંચાયતના ખ્ર્ચના કુલ ૨૩,૧૦૦ અને અન્ય સંસ્થાના ૩૨,૩૯૧ માસ્કના ઓર્ડર મુજબ બનાવેલા ૫૫૪૯૧ માસ્ક બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૧,૩૦૦ જેટલા માસ્ક લોકોને વિનામુલ્યે અર્પણ કરી સેવાકીય પ્રવૃતિ પણ કરવામા આવી છે, તેમજ બાકીના માસ્કનું વેચાણ કરી આ કામગીરી થકી સખી મંડળની એસ.એચ.જી.ની બહેનો દ્વારા આવક પણ મેળવે છે.

# અક્ષય કુમારની ફિલ્મ 'પૃથ્વીરાજ'નો સેટ વરસાદની શક્યતાને ચાલતા કરાશે ધ્વસ્ત

મુંબઈ

તેમાં કોઈ શંકા નથી કે અક્ષય કુમાર બોલીવુડના સૌથી વ્યક્ત અભિનેતાઓમાંથી એક છે. લૉકડાઉનની પરિસ્થિતિ ન હોત તો તે માનુષી છિલ્લરની સાથે પૃથ્વીરાજનું શૂટિંગ કરી રહ્યો હોત. આ વર્ષે સૂર્યવંશી સિવાય તેની ઘણી ફિલ્મ રિલીઝ થવાની હતી પરંતુ કોરોનાને કારણે બધુ સ્થગિત થઈ ગયું છે. આ વચ્ચે એક્ટરની ફિલ્મ સાથે જોડાયેલા એક ખરાબ સમાચાર છે. હકીકતમાં પૃથ્વીરાજ પેલેસના સેટને જલદી ધ્વસ્ત કરી દેવામાં આવશે. મામલો તે છે કે જૂનનો



મહિનો નજીક છે. હવે ટીમ વરસાદથી પહેલા શૂટ માટે તૈયાર કરેલા પેલેસ સેટને ધ્વસ્ત કરવાના પરિણામ પર પહોંચી છે. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું, પ્રોડક્શન હાઉસ સાથે જોડાયેલા મોટા લોકોને કારણે સેટ બે મહિનાથી બચેલો હતો. આશા કરવામાં આવી રહી હતી કે પરિસ્થિતિ સારી થઈ જશે. પરંતુ થોડા સપ્તાહમાં વરસાદની શક્યતા છે તો હવે આવનારા દિવસોમાં સેટ બચાવીને રાખવો મુશ્કેલ રહેશે નહીં.

સૂત્રએ આગળ જણાવ્યું, મેકર્સ હાલ સેટને હટાવવા માટે જરૂરી મંજૂરી લઈ રહ્યાં છે. અક્ષયે લૉકડાઉનની જાહેરાત પહેલા દહિસરમાં લાગેલા સેટ પર ફિલ્મનો મોટો ભાગ શૂટ કરી લીધો હતો પરંતુ કેટલાક મહત્વપૂર્ણ દ્રશ્યોનું શૂટિંગ બાકી છે. હવે કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે ફિલ્મનું શૂટિંગ બીજીવાર શરૂ થશે તો ઈન્ડોર સેટ લગાવવામાં આવશે. મહત્વનું છે કે ડાયરેક્ટર ચંદ્રપ્રકાશ દ્વિવેદીની આ ફિલ્મ આ વર્ષે દિવાળીના તહેવાર પર રિલીઝ કરવાનો કાર્યક્રમ છે. પરંતુ હવે તેની રિલીઝ ડેટ આગળ વધી શકે છે.

# પસંદગીકારોને સુરેશ રૈનાનો ખુલ્લો પડકાર- તકલીફ હોય તો સામે કહો



નવી દિલ્હી

લોકડાઉનના સમયમાં ક્રિકેટરો પણ સોશિયલ મીડિયા મારફતે વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરે છે. એવામાં ઘણી જૂની અને રસપ્રદ બાબતો પણ સામે આવી રહી છે. ઘણા ક્રિકેટરે તેમના સમયના પસંદગીકારોએ તેમની સાથે કરેલા અન્યાયની વાતો કરી છે. યુવરાજસિંઘ અગાઉ આ વિશે કહી ચૂક્યો છે હવે સુરેશ રૈનાએ પણ આ મુદ્દો ઉઠાવ્યો છે.

સુરેશ રૈનાએ એક મુલાકાતમાં પસંદગીકારોએ કરેલા અન્યાયનો મુદ્દો ઉપાડ્યો છે. તેણે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે તમને કોઈ સમસ્યા હોય તો સામે ચાલીને મોંઢા પર જ કહી દો ને. ૨૦૧૮થી ટીમ ઇન્ડિયાથી બહાર થઈ ગયેલા રૈનાએ જણાવ્યું હતું કે તેને શા માટે ટીમમાંથી બહાર કરી દેવાયો તે અંગે હજી સુધી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

સુરેશ રૈના પુનરાગમન માટે સતત પ્રયાસ કરી રહ્યો છે. તેણે સિનિયર ખેલાડીઓ સાથે વાતચીત નહી કરવાની પસંદગીકારોની ખામી તરફ સંકેત કર્યો હતો. તેણે કહ્યું કે દરેક ખેલાડી મહેનત કરી રહ્યો છે એટલે તેને ટીમમાંથી બહાર કરવાનું કારણ દર્શાવવાની પસંદગીકારોની જવાબદારી બને છે. રૈનાએ ઉમેર્યું કે સિનિયર ખેલાડી હંમેશાં તેનું સમર્થન કરતા હતા. દિલીપ વેંગસરકર અને કિરણ મોરે જેવા સારા પસંદગીકારો હતા જેઓ જુનિયરની સાથે સાથે સિનિયર ખેલાડી સાથે પણ વાતચીત કરતા રહેતા હતા. જો કોઈ પસંદગીકાર તેમને શું સમસ્યા છે તે કહી દે તો તે બાબત મને પસંદ પડશે.

# રોહિત શર્મા ટી૨૦માં બેવડી સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન હશેઃ ડ્વેન બ્રાવો

નવી દિલ્હી

વેસ્ટઈન્ડિઝના ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોને લાગે છે કે રોહિત શર્મા ટી૨૦માં બેવડી સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન હશે. ચેન્નઈ સુપર કિંગ્સના ઓલરાઉન્ડરને લાગે છે કે ક્રિકેટના સૌથી નાના ફોર્મેટમાં બેવડી સદી ફટકારનાર ભારતીય ટીમનો વાઈસ કેપ્ટન પ્રથમ ખેલાડી હશે. ઉલ્લેખનીય છે કે એકદિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં છ બેટ્સમેન બેવડી સદી ફટકારી ચુક્યા છે પરંતુ ટી૨૦માં હજુ સુધી કોઈ તેમ કરી શક્યું નથી. રોહિત પોતાની આક્રમક બેટિંગ માટે જાણીતો છે. વનડેમાં તેના નામે ત્રણ બેવડી



સદી છે. તે આ ફોર્મેટમાં એકથી વધુ બેવડી સદી ફટકારનાર એકમાત્ર બેટ્સમેન છે. ક્રિકઈન્ફોને આપેલા એક ઈન્ટરવ્યૂમાં બ્રાવોને જ્યારે પૂછવામા આવ્યુ કે, ટી૨૦ ફોર્મેટમાં ક્યો બેટ્સમેન પહેલા બેવડી સદી ફટકારશે તો તેણે રોહિતનું નામ લીધુ. રોહિતના નામે ટી૨૦ ક્રિકેટમાં ૬ સદી છે. તેણે ચાર આંતરરાષ્ટ્રીય અને બે લીગમાં બનાવી છે. ટી૨૦ ક્રિકેટમાં સર્વોચ્ચ સ્કોરની વાત કરીએ તો આ રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે. ગેલે આઈપીએલમાં આરસીબી તરફથી રમતા પુણે વોરિયર્સ વિરુદ્ધ ૧૭૫ રન ફટકાર્યા હતા. તો ટી૨૦ આંતરરાષ્ટ્રીયની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ આ લિસ્ટમાં સૌથી ઉપર છે. ફિન્ચે ૭૬ બોલ પર ૧૭૨ રન બનાવ્યા હતા. તેણે ઝિમ્બાબ્વે વિરુદ્ધ ૨૦૧૮માં આક્રમક સદી ફટકારી હતી. ત્યારબાદ અફઘાનિસ્તાનના હઝરતુલ્લાહ ઝઝઈનો નંબર આવે છે જેણે આયર્લેન્ડ વિરુદ્ધ ૬૨ બોલમાં ૧૬૨ રન બનાવ્યા હતા.

# શ્રીલંકન યુવા ક્રિકેટર શેહાન મદુશંકાની હેરોઈન રાખવાના આરોપમાં ધરપકડ




કોલંબો

આંતરરાષ્ટ્રયી ડેબ્યૂ પર હેટ્રિક લઈને તરખાટ મચવનારો શ્રીલંકાનો યંગ બૉલર હાલ મુશ્કેલીમાં મુકાઇ ગયો છે. રાતોરાત ચર્ચામાં આવેલો યુવા ક્રિકેટર શેહાન મદુશંકાની પોલીસે હેરોઈન રાખવાના આરોપમાં ધરપકડ કરી દીધી છે. અધિકારીઓ અનુસાર, લગભગ ૨.૫ ગ્રામ હેરોઈન મદુશંકાની પાસેથી મળ્યુ, જ્યારે તેને પોલીસે રવિવારે એક અન્ય વ્યક્તિ સાથે પન્નાલા શહેરની આજુબાજુ ડ્રાઇવિંગ માટે રોક્યો હતો, શેહાન મદુશંકા જ્યારે હેરોઈન લઈને આવી રહ્યો હતો તે દરમિયાન શહેરમાં કર્ફ્યૂ લાગેલુ હતુ. એક મેજિસ્ટ્રેટ દ્વારા સજા સંભળાવ્યા બાદ તેને બે અઠવાડિયા સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. યુવા ફાસ્ટ બૉલરને શ્રીલંકાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, તેને બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામેની સીરિઝમાં તેની પોતાની શાનદાર સ્પીડના કારણે પસંદગી કરવામાં આવી હતી. ખાસ વાત છે કે બાંગ્લાદેશ સામેની પોતાના ડેબ્યૂ પહેલા શેહાન મદુશંકાએ માત્ર ત્રણ ફર્સ્ટ-ક્લાસ અને ત્રણ લિસ્ટ-એ-ગેમ્સ રમી હતી. તેનુ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ ત્રિકોણીય સીરિઝની ફાઇનલ દરમિયાન થયુ હતુ. જ્યારે શેહાન મદુશંકાએ મુશરફે મુર્તજા, રુબેલ હુસેન અને ઓલરાઉન્ડર મહમુદુલ્લાહને સળંગ ત્રણ બૉલમાં આઉટ કર્યો હતા. શેહાન મદુશંકા હેટ્રિક લીધી હતી.

# હૈતી ફુટબૉલ ફેડરેશનનાં અધ્યક્ષ સામે જાતીય શોષણનો આરોપ, કરાયા સસ્પેન્ડ

નવી દિલ્હી

વર્લ્ડ ફૂટબોલની સર્વોચ્ચ સંસ્થા ફીફા એ હૈતી ફુટબૉલ ફેડરેશનનાં અધ્યક્ષને રાષ્ટ્રીય ટ્રેનિંગ સેન્ટરમાં યુવા મહિલા ખેલાડીઓના જાતીય શોષણના આરોપમાં તપાસ ચાલુ રહેવા સુધી ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. હૈતી ફુટબૉલ મહાસંઘનાં પ્રમુખ ૭૩ વર્ષીય યેવેસ જીન બાર્ટે આ આરોપોને નકારી કાઢ્યા છેકે, તેમણે છેલ્લાં પાંચ વર્ષમાં પોર્ટ ઓ પ્રિંસનાં બહારી વિસ્તારમાં સ્થિત ટ્રેનિંગ સેન્ટરમાં છેલ્લાં પાંચ વર્ષોમાં કોઈ યુવા મહિલા ફુટબોલરોની સાથે દુષ્કર્મ આચર્યું છે.

ફીફાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ફીફા આચારસંહિતાના આર્ટિકલ ૮૪ અને ૮૫ મુજબ સ્વતંત્ર એથિક્સ કમિટીના તપાસ વિભાગે હૈતી ફૂટબૉ.લ ફેડરેશનના પ્રમુખ યેવેસ જીન બાર્ટ પર હંગામી પ્રતિબંધ લગાવી દીધો છે. તે ૯૦ દિવસ સુધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફૂટબોલ સંબંધિત પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહીં. આ હંગામી પ્રતિબંધ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

હૈતી પોલીસ આરોપોની તપાસ કરી રહી છે. ગયા મહિનાના અંતમાં, જીન બાર્ટ પર જાતીય શોષણનો આરોપ મૂકાયો હતો, ત્યારબાદ ન્યાયાધીશોએ ફૂટબૉલ ફેડરેશનના ઘણા કર્મચારીઓની પૂછપરછ કરી છે. એપ્રિલમાં 'ધ ગાર્ડિયન' અખબારમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, જીન બાર્ટે અનેક સગીર છોકરીઓ પર બળાત્કાર ગુજાર્યો હતો અને તે દરમિયાન ઓછામાં ઓછી બે છોકરીઓનું ગર્ભપાત કરાયું હતું.

# કરણ જૌહરના ઘરે કામ કરતા બે લોકોને કોરોના પોઝિટિવ આવતા આખુ ઘર ટેન્શનમાં

મુંબઈ

માયાનગરી મુંબઈની વાત જ કંઈક ઓર છે. હાલ કોરોનાના કારણે અચાનક ધમધમતુ આ શહેર સુનુ થઈ ગયુ છે. કોરોનાએ કેટલાયે ફિલ્મી સિતારાઓને પોતાની ઝપેટમાં લઈ લીધા છે. કરણ જૌહરના ઘરે કામ કરતા બે લોકોને કોરોના પોઝિટિવ આવતા આખુ ઘર ટેન્શનમાં આવી ગયુ હતુ. હાલ આ બંને કર્મચારીઓ હોસ્પિટલમાં સારવાર અર્થે છે. જો કે સારી વાત એ છે કે કરણના તમામ ફેમિલી મેમ્બર હેમખેમ છે, તમામ લોકોએ કોરોના રિપોર્ટ કરાવ્યો છે જે નેગેટિવ આવ્યો છે. કરણે જાણકારી આપતા



કહ્યુ કે ૧૪ દિવસ માટે તેમનો પરિવાર સેલ્ફ આઇસોલેશનમાં રહેશે. હવે કરણ જૌહરની નાતા હીરૂ જૌહરનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે તેના આખા ઘરને સેનિટાઇઝેશન પ્રોસેસ કરી રહ્યા છે.

કરણે ટ્વીટ કરી કહ્યુ કે મારા ઘરે કામ કરતા બે કર્મચારીઓ કોરોના પોઝિટિવ છે. લક્ષણ આવતા તેમને બિલ્ડિંગમાં અલગ ક્વોરવટીનમાં રાખવામાં આવ્યા છે. બીએમસીને તાત્કાલીક આ મામલે જાણકારી આપવામાં આવી હતી. અમારો બાકીનો તમામ સ્ટાફ હાલ સુરક્ષીત છે અને સાવચેતીના તમામ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. અમે તમામ લોકોએ ટેસ્ટ કરાવ્યો છે. અમે ૧૪ દિવસ સેલ્ફ આઇસોલેશનમાં રહેવાના છીએ.

સોમવારે કરણનો જન્મદિવસ હતો. લોકડાઉનના કારણે ઘરવાળાઓ જન્મદિવસ ઉજવી ન શક્યા કરણ જૌહરે યશ અને રૂહી સાથે પાપાનો જન્મદિવસ ઉજવ્યો. યશ અને રૂહીએ કરણને કેક ન ખાવા દીધી કહ્યુ કે કેક ખાશો તો મોટા થઈ જશો પપ્પા. આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચામાં છે.

### ફેમ ઈન્ડિયા અને એશિયા પોસ્ટ સર્વે ૨૦૨૦નો રિપોર્ટ જાહેર

# લોકપ્રિયતામાં પીએમ મોદી ૯૯.૬ ટકા મતોની સાથે ટોપ પર

**મુખ્યમંત્રી યોગી તેમના કામોને કારણે બીજા સ્થાને, જયારે ગૃહ મંત્રી અમિત શાહ ત્રીજા સ્થાન પર, રાહુલ ગાંધી ૨૧મા સ્થાને, નીતિશકુમાર ૧૬મા સ્થાને**

નવી દિલ્હી


ફેમ ઈન્ડિયા અને એશિયા પોસ્ટ સર્વે ૨૦૨૦નાં ૫૦ પ્રભાવશાળી લોકોમાં બિહારનાં મુખ્યમંત્રી નીતીશ કુમાર સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. ૫૦ પ્રભાવશાળી લોકોની આ યાદીમાં નિતીશકુમાર ૧૬માં સ્થાન પર છે. આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાં સ્થાન પર છે. ફેમ ઈન્ડિયા અને એશિયા પોસ્ટ સર્વે ૨૦૨૦ના ટોપ ૫૦ પ્રભાવશાળીના લિસ્ટમાં નિતીશ કુમારને ૧૬માં સ્થાન મળ્યુ છે. નિતીશ કુમારે આ યાદીમાં કોંગ્રેસના રાહુલ ગાંધી, અભિનેતા અક્ષય કુમાર અને જે.પી. નડ્ડા જેવા નેતાઓને પાછળ પાડી દીધા છે. ટોપ ૫૦ની આ યાદીમાં નિતીશ કુમારનો ૧૬માં જયારે બીજેપી રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનો ૧૭મા, સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધનનો ૧૮માં, રાહુલ ગાંધીનો ૨૧માં અને અક્ષય કુમારનો ૨૩માં સ્થાન મળ્યુ છે.

સર્વે દરમ્યાન લોકોની છબિ, વ્યકિતત્વ, વિકાસના કામ અને લોકોની ભલાઈ માટે ઉઠાવવામાં આવેલાં પગલાઓને માનક બનાવવામાં આવ્યા હતા. આ લીસ્ટમાં રાજકારણ, બ્યૂરોક્રેટ્સ, અભિનેતા, વેપાર, પત્રકારિતા અને આધ્યત્મ જેવા વ્યકિતઓને સામેલ કરવામાં આવ્યા હતા. ટોપ ૫૦ લોકોની આ યાદીમાં વડાપ્રધાન મોદી ૯૯.૬ ટકા મતોની સાથે ટોપ પર છે. પીએમ મોદી પોતાની લોકપ્રિયતા અને કામોને લઈને વધારે પસંદ કરવામાં આવ્યા છે. યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને તેમના કામોને કારણે બીજું સ્થાન મળ્યુ છે. જયારે ગૃહ મંત્રી અમિત શાહ ત્રીજા સ્થાન પર છે.

સૂત્રોએ કહ્યું કે, નિતીશ કુમારને આ સ્થાન સાત નિશ્ચય જેવી યોજનાઓને સફળતાપૂર્વક લાગૂ કરવાને લઈને માનવામાં આવી રહ્યુ છે. અન્ય મુખ્યમંત્રીઓમાં, ઓડીશાનાં મુખ્યમંત્રી નવીન પટનાયકનો ૧૦મા, ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેનનો ૧૨મા જયારે દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૧૩મા સ્થાને છે. ફેમ ઈન્ડિયા અને એશિયા પોસ્ટ સર્વે ૨૦૨૦ના પ્રભાવશાળી લોકોની આ યાદી ૧૨ હજાર બુદ્ધિજીવીઓનાં મતોના આધાર પર તૈયાર કરવામાં આવી છે.

### કોરોના સંકટ: મલયાલમ અભિનેતા સૂરજ વેજરમૂડૂ અને ધારાસભ્ય ડી કે મુરલી થયા હોમ ક્વોરન્ટાઈન

મુંબઈ



સમગ્ર દેશમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે કેરેલાનાં તિરુવંતપુરમમાં એક બુટલેગરનો રિપોર્ટ પોઝિટીવ આવતા પોલીસ બેડા સહિત તામ લોકોમાં ફફડાટ મચ્યો હતો, આ આરોપીનો રિપોર્ટ પોઝિટીવ આવત ૧૫૦ લોકોને ક્વોરન્ટાઈન કરાયા હતા, ઉલ્લેખનીય છે કે જે સર્કલ ઈન્સપેક્ટર આરોપીના સંપર્કમાં આવ્યા હતા, આ સર્કલ ઈન્સપેક્ટર એક સમારોહમાં મલયાલમ અભિનેતા સૂરજ વેજરમૂડૂ અને ધારાસભ્ય ડી કે મુરલી સાથે મુલાકાત સાથે કરી હતી અને તેઓ તેમની સાથે સંપર્કમાં આવ્યા હતા.

ત્યારે આ મામલાની ગંભીરતા જોતા અભિનેતા અને ધારાસભ્ય પણ સેલ્ફ ક્વોરન્ટાઈન થઈ ગયા હતા. બુટલેગરના કારણે એક જ પોલીસ સ્ટેશનનો મોટાભાગનો સ્ટાફ ક્વોરન્ટાઈન થઈ ગયો હતો. નેદુમંગઢ અદાલતના જજ ઉપરાંત એ દિવસે હાજર રહેલા સ્ટાફને પણ હોમ ક્વોરન્ટાઈન થવાના આદેશ સરકારે આપ્યા હતા.

થોડા દિવસ પહેલાં પોલીસે ત્રણ બુટલેગરને દારુના જથ્થા સાથે ઝડપી લીધા હતા. એ આરોપીઓ પોલીસની ગાડીને ટક્કર મારીને ફિલ્મી સ્ટાઈલમાં છટકી ગયા હતા, પરંતુ લોકો પોલીસની મદદે આવ્યા હતા અને બુટલેગરની ગાડીને આગળ જતાં અટકાવી દીધી હતી. આ ફિલ્મીસ્ટાઈલમાં બનેલા ઘટનાક્રમ જેવો જ ઘટનાક્રમ ક્વોરન્ટાઈન પણ બન્યો હતો.

### જે દવાને કોરોના સામે 'સંજીવની' ગણાવામાં આવી હતી

# દુનિયામાં હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ પર WHOએ લગાવી રોક

નવી દિલ્હી

અત્યાર સુધી કોરોના વાયરસથી સંરક્ષણ મેળવવામાં જે દવાને જીવનરક્ષક, સંજીવની ગણવામાં આવી રહી હતી તેની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એ જાહેરાત કરી છે કે હવે કોરોના વાયરસથી બચવા માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ થશે નહીં. દુનિયાના અનેક દેશોમાં કોરોના વાયરસના પ્રસારને રોકવા માટે મલેરિયાની આ દવાના ટ્રાયલ થઈ રહ્યાં હતાં. અત્રે જણાવવાનું કે હાઈડ્રોક્સીક્લોરોક્વીન એ જ દવા છે જેને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કોરોના વાયરસથી બચવા માટે સૌથી કારગર દવા ગણાવી હતી. હું એ બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું છે કે હાઈડ્રોક્સીક્લોરોક્વીન મલેરિયાથી બચવા માટે સૌથી કારગર દવા છે પરંતુ આ દવા કોરોના વાયરસથી બચવા માટે કારગર નથી. સુરક્ષા કારણોસર દુનિયાના વિભિન્ન દેશોમાં ચાલી રહેલી હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલને તત્કાળ પ્રભાવથી બંધ કરવાના નિર્દેશ અપાયા છે.

હાલમાં જ બ્રિટનની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ પત્રિકા લેન્સેટમાં વૈજ્ઞાનિકોનો એક અભ્યાસ છપાયો છે. જેમાં વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસથી બચવા માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાના પ્રભાવની ચકાસણી કરી. તપાસમાં જાણવા મળ્યું કે આ દવાથી જેમની સારવાર હાથ ધરાઈ તેમાંથી મોટાભાગના લોકોના મૃત્યુ થયા છે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હાઈડ્રોક્સીક્લોરોક્વીનને સૌથી વધુ જીવનરક્ષક દવા તરીકે ગણાવતા આવ્યાં છે. તેમણે અનેકવાર અમેરિકી ડોક્ટરોને કોરોના વાયરસની સારવાર માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીનના ઉપયોગની સલાહ આપી હતી. એટલું જ નહીં તેમણે આ દવાને લઈને ભારત પર ખુબ દબાણ પણ કર્યું હતું.

# 'પાતાલ લોક'ની પર બોલી અનુષ્કા- બીજી સીઝન ટુંક સમયમાં આવશે

મુંબઈ

પહેલી સીરીઝમાં અપાર સફળતા મેળવ્યા પહેલા હિન્દી સિનેમાની સુપ્રસિદ્ધ અભિનેત્રી અને નિર્માતા અનુષ્કા શર્માએ તેની પહેલી વેબ સીરીઝ પાતાલ લોકની બીજી સીઝન માટે હા પાડી દીધી છે. અનુષ્કાને દર્શકોએ વારંવાર પુછ્યુ છે કે હવે આ સીઝન પછી બીજી સીઝન ક્યારે આવશે. અનુષ્કાએ કહ્યુ કે હાલ આ અંગે કહેવુ ઉતાવળીયુ ગણાશે. જો ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડિયો ઈચ્છશે તો આ સીરીઝની બીજી સીઝન જરૂરથી આવશે. અનુષ્કા શર્માની આ વેબ સીરીઝ ખુબજ ચર્ચામાં રહી છે. આ વેબ સીરીઝ સાથે કેટલોક વિવાદ પણ જોડાયો. આ સીરીઝને લઈને પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ.



અનુષ્કાનું કહેવુ છે કે આ વેબ સીરીઝને દર્શકોનો ભરપુર સાથ મળી રહ્યો છે. લેખક સુદીપ શર્માએ આ સીરીઝની આગળની કહાની લખવા તૈયારી દર્શાવી છે. અનુષ્કાએ કહ્યુ કે હાલ આ સીરીઝની બીજી સીઝન માટે સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હું અત્યારે આ મામલે વધારે ખુલાસો નહી કરૂ એટલુ જરૂર કહીશ કે બીજી સીઝન ટુંક સમયમાં આવશે. તમને જણાવી દઈએ કે નવ એપિસોડની આ સીરીઝ દિલ્હી પોલીસ ઈન્સ્પેક્ટર હાથીરામ ચૌધરીની આસપાસ ફરે છે. હાથીરામને લાંબા સમયથી કોઈ કેસ મળતો નથી અને અચાનક તેને એક લોકપ્રિય ટીવી પત્રકારની હત્યા કરવાનો પ્રયાસ કરવાને કારણે થયેલા હંગામાનો કેસ સોંપવામાં આવે છે. આ કેસની તપાસ કરી રહ્યો છે.

દેશમાં ફેલાતી જાતિ, ધર્મ, સમુદાય અને લિંગ જેવા ઘણા મુદ્દાઓને ઉજાગર કરે છે. સીરીઝની કહાની સુદીપ શર્માએ લખી છે જે અનુષ્કાની સાથે ફિલ્મ એનએચ ૧૦ના સમયથી જોડાયેલ છે. અનુષ્કાનું કહેવુ છે કે સુદીપ પર ભરોસો છે. તે કહે છે કે અમે લાંબા સમયથી એક બીજા સાથે કામ કરીએ છીએ તે મારા ભાઈ જેવો છે. તે જે પણ લખે છે મને ભરોસો છે કે કોઈ પણ કામ મુશ્કેલ નથી. અમે સાથે મળીને સારા કામ કરવામાં આ જ રીતે સાથે રહીશુ.

### હજારો શ્રમિકોની મદદ કરનાર સોનૂ સૂદ માટે ઉઠી 'પદ્મ વિભૂષણ' ની માંગ



મુંબઈ

બોલીવુડ અભિનેતા સોનૂ સૂદ લોકડાઉનમા ફસાયેલા મજૂરોને ઘરે પહોંચાડવામાં મદદ કરી રહ્યો છે. સોનૂ સૂદના આ કામની સોશિયલ મીડિયા પર ખુબ પ્રશંસા થઈ રહી છે. સોનૂ સૂદના કામથી ખુશ થઈને એક વ્યક્તિએ તેને સરકાર પાસે 'પદ્મ વિભૂષણ' આપવાની માગ કરી છે. અભિનેતાને પદ્મ વિભૂષણ આપવાને લઈને સોશિયલ મીડિયા પર ખુબ ચર્ચા થઈ રહી છે. સોનૂ સૂદના કામથી પ્રભાવિત થયેલા તે વ્યક્તિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ટેગ કરતા ટ્વીટ કર્યું છે. તેણે લખ્યુ, આ મહામારી સંકટમાં પ્રવાસી શ્રમિકો માટે મસિહા બનેલા સોનૂ સૂદને પદ્મ વિભૂષણ માટે સરકાર પાસે માગ કરુ છું. જેનો જવાબ આપતા સોનૂ સૂદે લખ્યુ,

મારા દ્વારા પોતાનાઘરે પહોંચનારા પ્રવાસીથી મળેલા દરેક કોલ મારા માટે સૌથી મોટો પુરસ્કાર છે. ભગવાનનો આભારી છું કે મને આ પુરસ્કાર હજારોમાં મળ્યા છે. તમને જણાવી દઈએ કે સોનૂ સૂદે પોતાના પૈસાથી બસો બુક કરીને તે પ્રવાસી મજૂરોને ઘરે પહોંચાડવાનું કામ શરૂ કર્યું છે. ત્યારબાદ હજારોની સંખ્યામાં સોનૂએ લોકોને તેના ઘરે પહોંચાડ્યા છે. આ સારા કામ બાદ ટ્વીટરથી લઈને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સોનૂ સૂદની ખુબ પ્રશંસા થઈ રહી છે. હાલમાં તેણે ઝી ન્યૂઝને કહ્યુ, જ્યાં સુધી બધા પ્રવાસી મજૂર પોતાના ઘરે નહીં પહોંચે ત્યાં સુધી આ મૂહિમ ચાલું રાખીશ. તે માટે ભગે ગમે એટલું કામ અને મહેનત કરવી પડે.

છેલ્લો મજૂર તેના ઘરે ન પહોંચે ત્યાં સુધી શાંતિથી ન રહી શકું. સોનૂ સૂદે જણાવ્યુ કે, મજૂરોને પરત મોકલવામા તેને સૌથી મોટી મુશ્કેલી તે આવી કે મજૂરોની કાગળોની કાર્યવાહી કરવામા ખુબ ભાગદોડ કરવી પડે છે. તેવામાં જે અભણ લોકો છે તેના માટે આ બધુ કરવુ ખુબ મુશ્કેલ થઈ જાય છે. સરકારે આ પ્રક્રિયાને સરળ બનાવવી જોઈએ.

### ૩૦ મે થી ભાજપ દ્વારા મોદી સરકાર ૨.૦ની ઓનલાઈન ઉજવણી

# કોરોના સામે લડવાના પ્રયાસોને પણ ઉપલબ્ધિ ગણાવવામાં આવશે

**કોરોના મહામારીના કારણે ભાજપ કોઈ જાહેર કાર્યક્રમ નહીં યોજે**

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પોતાના સૌથી વધુ લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના બીજા કાર્યકાળની પ્રથમ વર્ષગાંઠ ડિજિટલ માધ્યમથી ઉજવશે. ૩૦ મેના રોજ સરકારને એક વર્ષ થશે. સરકારની ઉપલબ્ધિઓ ગણાવવા માટે દેશભરમાં વર્ચ્યુઅલ રેલી અને પ્રેસ કોન્ફ્રેન્સ કરાશે. પાર્ટીએ નક્કી કર્યું છે કે કોરોના મહામારીના કારણે કોઈ જાહેર કાર્યક્રમ થશે નહીં. મોદીએ ગત વર્ષે ૩૦ મેના રોજ બીજીવાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા.

ભાજપના કાર્યકર્તાઓને લખેલા પત્રમાં પાર્ટીના જનરલ સેક્રેટરી અરુણ સિંહે કહ્યું છે કે તમામ રાજ્યોમાં ઓછામાં ઓછી બે અને નાના રાજ્યમાં એક વર્ચ્યુઅલ રેલી કરાશે. દરેક રેલીમાં ઓછામાં ઓછા ૭૫૦ લોકો સામેલ થશે.દેશભરમાં એક હજારથી વધારે ઓનલાઈન કોન્ફ્રેન્સ કરાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ૩૦ મેથી આ સમારોહ શરૂ થશે અને એક મહિના સુધી ચાલશે. પાર્ટી તરફથી બહાર પાડવામાં આવેલા નોટિફીકેશનમાં કહેવાયું છે કે મોદી સરકારના બીજા કાર્યકાળનું પ્રથમ વર્ષ ઘણી ઉપલબ્ધિઓથી ભરેલું છે. તેમાં આર્ટિકલ ૩૭૦ હટાવવો, ત્રીપલ તલાક સામે કાયદો પસાર કરવો પણ સામેલ છે.

કેન્દ્રીય મંત્રીઓ અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ મળીને ૧૫૦થી વધારે નેતાઓ કોન્ફ્રેન્સને સંબોધિત કરશે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ ફેસબુક લાઈવથી ભાષણ આપશે. આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટેંસિંગનું ધ્યાન રાખવામાં આવશે. સરકાર આત્મનિર્ભરતા ઉપર ભાર આપી રહી છે. એવામાં પાર્ટીના સભ્યોને લોકલ અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો સંકલ્પ લેવાનું કહેવાયું છે. આના દ્વારા કેન્દ્ર તરફથી કોરોના વાઈરસ સામે લડવા માટે કરવામાં આવેલા પ્રયોસોને લોકો સુધી પહોંચાડવાનું કહેવાયું છે.

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મને હટાવ્યો તેના પાછળ હું સત્ય બોલ્યો એ જવાબદાર: યુનિસ ખાન

નવી દિલ્હી



ટેસ્ટ ક્રિકેટમાં છ બેવડી સદી, ૧૦૯૯૯ રન, ૫૨.૦૦ની સરેરાશ અને ૩૪ સદી આ આંકડા ખરેખર આશ્ચર્ય પમાડે તેવા છે. પાકિસ્તાનનો ટેસ્ટ ક્રિકેટર યુનિસ ખાન આ રેકોર્ડનો માલિક છે. પોતાના દેશ માટે સૌથી વધુ રન બનાવનારો ખેલાડી છે. માત્ર શ્રેષ્ઠ બેટ્સમેન જ નહી તે ઉમદા કેપ્ટન પણ હતો. તેની આગાવેની હેઠળ પાકિસ્તાને ૨૦૦૯માં ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. પણ આ વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટનને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હટાવી દીધો હતો. આમ કેમ બન્યું તેનું કારણ હવે બહાર આવ્યું છે જ્યારે યુનિસ ખાને એક મુલાકાતમાં એવો દાવો કર્યો હતો કે તેને સાચું બોલવાની સજા મળી છે.તેણે કહ્યું હતું કે તેને સાચું બોલવાનું પરિણામ ભોગવવું પડ્યું છે. સત્ય બોલવા બદલ તેને ટીમનો લોકો પાગલ પણ કહેતા હતા. તેણે ઘણા ખેલાડીને કહ્યું હતું કે તમે દેશ માટે ૧૦૦ ટકા પ્રદર્શન આપી રહ્યા નથી અને આ બાબત અન્ય ખેલાડીઓને ખટકતી હતી.

યુનિસે જણાવ્યું કે ઘણી વાર તમે જીવનમાં એવી સ્થિતિમાં આવી જાઓ છો જ્યાં તમે સાચું કહો છો તો લોકો તમને પાગલ કહેતા હોય છે. મારી ભૂલ એટલી જ હતી કે મેં અમારી ટીમના ખેલાડીઓના એક ગ્રૂપને કહી દીધું હતું કે મે મહેનત કરી રહ્યા નથી. એ ખેલાડીઓને પસ્તાવો પણ થયો અને અમે લાંબા સમય સુધી સાથે રમતા રહ્યા. મને ખબર હતી કે મેં ભૂલ કરી ન હતી અને મારા પિતા પાસેથી હંમેશાં સત્ય બોલવાનું શીખ્યો હતો.

યુનિસ ખાને ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલી અને વન-ડે ટીમના વાઈસ કેપ્ટન રોહિત શર્માની ભરપુર પ્રશંસા કરી હતી. આ બંને ખેલાડીને આઉટ કરવા અત્યંત મુશ્કેલ છે.બોલર વીડિયો મારફતે તેમની નબળાઈઓ શોધે છે તેમ છતાં તેઓ મેદાન પર ઢગલાબંધ રન ફટકારતા રહે છે.

# ૨૦૧૫થી ૧૦ સપ્ટેમ્બરે અમેરિકામાં મનાવાય છે અનુપમ ખેર ડે

મુંબઈ



અનુપમ ખેરે એક્ટિંગની દુનિયામાં ૩૬ વર્ષ પૂરા કરી લીધા છે. તેમણે બોલિવૂડથી લઈને હોલિવૂડની કેટલીયે ફિલ્મોમાં દમદાર ભૂમિકા નિભાવી છે. તેમણે ૮૦ના દશકમાં ફિલ્મી કેરિયરની શરૂઆત કરી હતી. તેઓ નેગેટિવ, ગ્રે શેડ, પોઝિટિવ, કોમિક અને બીજા કેટલાયે રોલ નિભાવી ચુક્યા છે. અનુપમ ખેરની પહેલી ફિલ્મ સારાંશ હતી જે ૨૫ મે ૧૯૮૪માં રિલીઝ થઈ હતી. ફિલ્મ નિર્દેશન મહેશ ભટ્ટે કર્યુ હતુ. ખાસ વાત તો એ છે કે અમેરિકામાં વર્ષમાં એક દિવસ અનુપમ ખેર ડે મનાવવામાં આવે છે.

અનુપમ ખેરને ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫માં લાસ વેગાસમાં નેવાદાના સેનેટર રૂબેન કિહ્યુએન સર્ટિફિકેટ ઓફ એક્સીલેન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારથી ૧૦ સપ્ટેમ્બરે અનુપમ ખેર ડે મનાવવામાં આવે છે, સેનેટર રૂબેને કહ્યુ હતુ કે લોસ વેગસ અને અમેરિકાના બાકી શહેરોમાં પોતાના ખાસ પરફોર્મન્સથી દુનિયાને પરિચીત કરાવનાર અનુપમનો ખુબ ખુબ આભાર. આપણા માટે આ ખુબજ ગર્વની વાત છે કે તેમને સ્ટેજ પર જોવાનો મોકો મળ્યો.

નોંધપાત્ર વાત એ છે કે અનુપમ ખેરના નાટક 'મેરા વો મતલબ નહીંથાએ યુએસ અને કેનેડાના ૧૫ શહેરોમાં લોકપ્રિયતા મેળવી હતી. અનુપમ ખેર મિસ્ટ્રેસ ઓફ સ્પાઇસ, બેન્ડ ઇટ લાઇક બેકહમ, લસ્ટ, કોશન અને સિલ્વર લાઇનિંગ્સ પ્લેબુક જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યુ છે. હાલ માર્ચમાં જ અનુપમ અમેરિકાથી તેની ઈગ્લિંશ ટીવી સીરીઝનું શૂટિંગ કરીને ઘરે પરત ફર્યા છે અને કોરોના વાયરસને કારણે ઘરમાં છે. એટલે સોશિયલ મીડિયા પર દર્શકો સાથે જોડાયેલા રહે છે. અને તસવીરો તેમજ વીડિયો શેર કરતા રહે છે.

# કોરોનાને પગલે પ્રકાશ રાજે સેંકડો મજૂરોને વતન પહોંચવામાં કરી મદદ

મુંબઈ

કોરોના વાયરસને પગલે સમગ્ર દેશમાં લોકડાઉન છે ત્યારે મજૂરોને તેમના ઘર સુધી પહોંચવામાં તકલીફ પડી રહી છે. સરકાર આ માચે પ્રયાસો કરી રહી છે તો ઘણા સેવાભાવીઓ પણ તેમાં મદદ કરી રહ્યા છે અને તેમાં બોલિવૂડની હસ્તીઓ પણ આવી જાય છે. તેમાંની એક હસ્તી એટલે સાઉથના એકટર અને હિન્દી ફિલ્મોમાં પણ લોકપ્રિય બનેલા પ્રકાશ રાજ. પ્રકાસ રાજ તેમના ફાર્મ હાઉસમાં રહીને પોતાના ફાઉન્ડેશન દ્વારા પ્રવાસી મજૂરોને ઘર પહોંચાડી રહ્યા છે.

તાજેતરમાં જ પ્રકાશ રાજે ટ્વિટર દ્વારા એક ફોટો શેર કર્યો છે જેમાં તેઓ પ્રવાસી મજૂરોને બસમાં બેસાડી રહ્યા છે. તેમાં તેમણે લખ્યું છે માર્ગો પર પ્રવાસી, મે મારું કામ પૂર્ણ કર્યું નથી. દરરોજ સેંકડો મજૂરોની સાથે ઉભો છું. તમને પ્રાર્થના કરું છું કે તમારી નજીક કોઈ એક માટે માર્ગ શોધો, આવો ફરીથી જીવન જીવીએ. ફિલ્મોમાં વિલનની ભૂમિકા અદા કરનારા પ્રકાશ રાજ વાસ્તવિક જીવનમાં ગરીબો માટે સુપરહીરો પુરવાર થઈ રહ્યા છે. લોકડાઉનના પ્રારંભથી જ તેઓ સતત રાહતકાર્યો કરી રહ્યા છે. વચ્ચે તેમની આર્થિક સ્થિતિ લથડી ગઈ હતી ત્યારે તેમણે લખ્યું હતું કે હું લોન લઈને લોકોની સેવા કરવા માટે તૈયાર છું.

# ત્રીજા તબક્કાના સંક્રમણને શોધવા દેશના ૧૦ હોટસ્પોટ શહેરોમાં મોજણી હાથ ધરાશે

**સૌથી વધુ કેસ ધરાવતા ૧૦ શહેરોમાં મુંબઈ, દિલ્હી, પુણે, અમદાવાદ, થાણે, ઈન્દોર, જયપુર, ચેન્નાઈ અને સુરતનો સમાવેશ**

નવી દિલ્હી

ભારતમાં દરરોજ કોરોનાના દર્દીઓની સંખ્યામાં વિક્રમી વધારો થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૭ હજાર કેસ નોંધાયા છે. આ સાથે જ મૃત્યુઆંક પણ ૪ હજારને પાર કરી ગયો છે. દરમિયાન, દરેકમાં એક ડર છે કે શું કોરોના ભારતમાં ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે? ભારતમાં સમુદાય સંક્રમણ શરૂ થયો છે? તે જાણવા માટે, ભારતના ૧૦ શહેરોમાં સમગ્ર દેશમાં સૌથી વધુ કોરોના દર્દીઓ છે ત્યાં હવે સરવે કરાશે. સર્વેક્ષણ માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) અને અન્ય એજન્સીઓ દ્વારા પ્રોટોકોલ પણ તૈયાર કરવામાં આવ્યા છે. સૌથી વધુ કેસ ધરાવતા ૧૦ શહેરોમાં મુંબઈ, દિલ્હી, પુણે, અમદાવાદ, થાણે, ઈન્દોર, જયપુર, ચેન્નાઈ અને સુરતનો સમાવેશ થાય છે. ૧૦ શહેરો સાથે ૨૧ રાજ્યોના ૬૦ જિલ્લાઓ જ્યાં ૧૦ લાખ વસ્તી દીઠ ચેપના કેસોના આધારે છે ત્યાં સરવે કરાશે. કુલ ૨૪,૦૦૦ લોકોના નમૂના લેવામાં આવશે. આ અંગે ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈજેએમઆર) માં પ્રોટોકોલ્સ પ્રકાશિત થયા છે.

કોરોના સર્વેક્ષણમાં, લોકોના એક જૂથ બ્લડ સીરમ એકત્રિત કરે છે અને જુદા જુદા સ્તરે તેનું પરિક્ષણ કરે છે. દરેક જિલ્લામાંથી ૧૦ રેન્ડમ ક્લસ્ટરો ઓળખી લેવામાં આવશે અને ઘરોમાંથી નમૂનાઓ લેવાશે. આ સર્વેના પરિણામો ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેઓ નિર્ણય કરશે કે કોરોનાથી ભારત માટેના યુદ્ધની દિશા શું હશે. સર્વે પ્રક્રિયા મુજબ, અભ્યાસ ટીમ રેન્ડમ ઘરોની મુલાકાત લેશે અને તેમને સર્વેની પ્રક્રિયા અને ઉદ્દેશ્ય વિશે માહિતી આપશે. ત્યારબાદ, પરિવારો પાસેથી લેખિત સંમતિ પ્રાપ્ત કરવામાં આવશે. મૂળભૂત વસ્તી વિષયક વિગતો ઉપરાંત, કોવિડ -૧૯ કેસના સંપર્કનો ઇતિહાસ, કોવિડ - ૧૯ જેવા લક્ષણો અને ક્લિનિકલ ઇતિહાસ એક મહિનામાં નોંધવામાં આવશે.

કોમ્યુનિટી ટ્રાન્સમિશનના વલણને શોધવા માટે પીપલ્સ બ્લડ સીરમની તપાસ કરવામાં આવશે. દરેક જિલ્લાના ૧૦ ક્લસ્ટરોમાંથી ૪૦૦ લોકોની નસોમાંથી લોહીના નમૂના લેવામાં આવશે. સર્વેના પરિણામો આગળની વ્યૂહરચનામાં મદદ કરશે. આ ઉચ્ચ સંક્રમણવાળા વિસ્તારોમાં લોકડાઉન નક્કી કરવામાં પણ મદદ કરશે. સર્વે દ્વારા લોકોમાં ટોળાના રોગપ્રતિકારક શક્તિનો વિકાસ પણ શોધી કાઢવામાં આવશે. એન્ટી બોડી આ લોકોમાં વિકસિત થઈ છે કે નહીં. દસ્તાવેજમાં જણાવાયું છે કે રોગચાળો સમાપ્ત થાય તેની રાહ જોવાને બદલે, નિયમિત અંતરાલે સેરોસેર્વ પુનરાવર્તિત થવો જોઈએ. રોગચાળાના સચોટ દેખરેખ માટે તે એક ઉપયોગી સાધન બની શકે છે.

# લોકોને ઘરોમાં પુરી રાખવાનો નિર્ણય વૈજ્ઞાનિક નહીં પણ હાંફળા ફાંફળા થવાના કારણે લેવાયો

લંડન

કોરોના વાયરસ લોકડાઉનથી લોકોની જીંદગી બચવાને બદલે વધારે લોકોના મોત થયા છે.. નોબેલ પુરસ્કાર વિજેતા વૈજ્ઞાનિક માઈકલ લેવિટે આવો દાવો કર્યો છે. મીડીયા રિપોર્ટ અનુસાર, તેમણેકહ્યું છે કે લોકોને ઘરોમાં પુરી રાખવાનો નિર્ણય વૈજ્ઞાનિક નહીં પણ હાંફળા ફાંફળા થવાના કારણે લેવાયો હતો. તો બીજી તરફ દુનિયાભરમાં સંક્રમણના કેસો સતત વધવા છતા ઘણા દેશોએ પ્રતિબંધો હટાવવાનું શરૂ કરી દીધું છે.

સ્પેન, જાપાન, બ્રિટન જેવા દેશો શાળા, રેસ્ટોરા અને બીચ ખોલવાની તૈયારી કરવા લાગ્યા છે. બ્રિટનની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર લેવિટ શરૂઆતમાં કોરોના મહામારી ફેલાવા બાબતે સાચો અંદાજ મુકવામાં સફળ સાબિત થયા હતા

પ્રોફેસર લેવિટે કહ્યું કે સરકારે જે આધાર પર લોકડાઉનનો નિર્ણય કર્યો તેમાં આનાથી ૧૦ થી ૧૨ ગણા મૃત્યુદરને નજર અંદાજ કર્યો હતો. આના કારણે લાખો લોકોની નોકરીઓ જતી રહી અને આજીવિકાના સાધન બરબાદ થઈ ગયા. રિપોર્ટ અનુસાર, પ્રોફેસર લેવિટે જણાવ્યું હતું કે લોકડાઉન તેનો કાંઇ અસરકારક ઈલાજ જ નથી. સંક્રમણ રોકવા માટે વધુમાં વધુ તપાસ એટલે કે ટેસ્ટીંગ જ કોઈ પણ દેશને સફળ બનાવશે. પ્રોફેસર લેવિટે જણાવ્યું કે, મને લાગે છે કે લોકડાઉનથી જીંદગીઓ નથી બચી શકી. તેના લીધે ઘણા લોકોના જીવ ગયા તેના લીધે રોડ એકસીડન્ટમાં મરનારાઓના જીવ બચ્યા હશે. પણ ઘરેલું હિંસા, છૂટાછેડા, નશાની આદત જેવી બાબતો વધી છે. કેટલાય એવા લોકોના જીવ ગયા છે, જેમને બીજા રોગની સારવાર મળી શકી નથી.

# ડોકલામ વિવાદ બાદ ભારત અને ચીની આર્મી વચ્ચે સૌથી મોટું ઘર્ષણ થવાના અણસાર: રિપોર્ટ

**સામાન્ય પ્રકારનો ઉલ્લંઘન નહીં: પૂર્વી લદ્દાખમાં ડોકલામ પ્રકારના વલણ તરફ આગળ વધતા ભારત, ચીન**

નવી દિલ્હી

ભારત અને ચીનની વચ્ચે બોર્ડર પર તણાવની સ્થિતિ ઊભી થઈ છે. ચીન આર્મી દ્વારા લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ૨,૦૦૦થી ૨,૫૦૦ સૈનિક તૈનાત કર્યા બાદ ભારતીય સેના પણ ત્યાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી રહી છે. મળતા રિપોર્ટ મુજબ, ભારતીય સેના આ ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ પોતાની ઉપસ્થિતિ વધારી રહી છે, જેથી પીપલ્સ લિબરેશન આર્મી અન્ય ક્ષેત્રોમાં અતિક્રમણનો પ્રયાસ ન કરે. નોંધનીય છે કે, ડોકલામ વિવાદ બાદ ભારત અને ચીનના સૈનિકો વચ્ચેનું આ સૌથી મોટું ફેસ-ઓફ હોઈ શકે છે.

ભારતીય સેનાના સૂત્રોએ જણાવ્યું કે ભારત પેનગોન્ગ ત્સો અને ગલવાન વેલીમાં સૈનિકોની સંખ્યા વધારી રહ્યું છે. આ બંને વિસ્તારમાં ચીને કામચલાઉ બાંધકામનું કામ શરૂ કરવાની સાથોસાથ ધીમે-ધીમે ૨,૦૦૦થી ૨,૫૦૦ સૈનિકોને ખડકી દીધા છે. નામ ન આપવાની શરતે ભારતીય સેનાના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું કે, ચીન કરતાં આ વિસ્તારમાં ભારતીય સેનાનું સંખ્યા બળ ઘણું મજબૂત કહી શકાય તેવું છે. ભારત માટે સૌથી વધુ ચિંતાનું કારણ દ્બસ૧૨૦ પોસ્ટ આસપાસના વ્યૂહાત્મક રીતે અગત્યના પોઈન્ટ્સની આસપાસ ચીની સૈનિકોની હાજરી છે. ન્છઝની પાસે ચીન આર્મીની હલચલ અને સંખ્યા સતત વધતી જઈ રહી છે. આર્મીને મોટાપાયે



અભ્યાસ માટે તૈનાત કરી દેવામાં આવી છે. એવામાં ભારતીય સેનાએ પણ સૈનિકોને ૮૧ અને ૧૧૪ બ્રિગેડ હેઠળ આવનારા ક્ષેત્રોમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક શોર્ટ નોટિસ પર તૈનાત કર્યા છે જેથી દૌલત બેગ ઓલ્ડી અને આસપાસના વિસ્તારોમાં ચીનના દાવાનો સામનો કરી શકાય.

ભારતીય સેનાના સૂત્રોએ કહ્યું કે ચીની સૈનિક અને ભારે વાહનો વાસ્તવિક નિયંત્રણ રેખા તરફ પૈંગોગ સૌ લેક અને ફીંગર એરિયાની પાસે લઈને આવ્યા છે. તેઓ ભારતીય ક્ષેત્રની અંદર ઘૂસી ગયા છે. ગાલવાન વિસ્તારમાં ચીની આર્મીએ ટેન્ટ ઊભા કર્યા છે. સૂત્રોનું કહેવું છે કે ભારતીય ચોકીઓના વિપરિત ક્ષેત્રમાં ચીન રોડ બનાવવાનું કામ કરી રહ્યું છે, જેને લઈને ભારતીય પક્ષ તરફથી આપત્તિ પણ વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ તેઓ ન માન્ય. ગાલવન ક્ષેત્રમાં ભારતીય સેના ઈન્ડિયન પેટ્રોલિંગ પોઈન્ટની પાસે એક પુલનું નિર્માણ કરી રહી છે, જેની પર ચીને આપત્તિ વ્યક્ત કરી એન ત્યાં પોતાની ઉપસ્થિતિ વધારી દીધી.

કોઈપણ સમયે ભારતીય પોસ્ટ દ્બસ ૧૨૦ પર આર્મી અને ભારત-તિબેટ સીમા પોલીસ બંનેના ૨૫૦ સૈનિક તૈનાત હોય છે, કારણ કે કાફલાઓ ત્યાંથી પસાર થતા હોય છે. હવે ચીનની આક્રમકતાનો સામનો કરવા માટે પોસ્ટ પર જવાનોની સંખ્યા વધારી દેવામાં આવી છે. ગ્રાઉન્ડ કમાન્ડર એન વરિષ્ઠ નેતૃત્વ વહેલી તકે ગતિરોધનો ઉકેલ લાવવા માટે ચીન ની સાથે વાત કરી રહ્યા છે, પરંતુ ચીન દ્વારા દાખવવામાં આવી રહેલા આકરા વલણના કારણે તેમાં ખાસ પ્રગતિ થઈ નથી.

# રાજ ઠાકરેની ધમકી- યુપીના શ્રમિકો મંજૂરી વિના મજૂરો મહારાષ્ટ્ર પગ ના મૂકે...!

યુપીના સીએમ યોગીની બીજાં રાજ્યોમાં યુપીના મજૂરોને કામ પર રાખતાં પહેલાં તેમની સરકારની મંજૂરી લેવાની જાહેરાતનો મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. મનસે પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું કે જો યોગી એ વાત પર ભાર મૂકે છે કે યુપીના લોકોને કામ પર રાખતાં પહેલાં મંજૂરી લેવી પડશે તો તેમણે પણ અહીં કામ કરવા માટે મહારાષ્ટ્ર સરકારની મંજૂરી લેવી પડશે. તેમણે વધુમાં કહ્યું કે, અમારી સરકારે આ વાતને ગંભીરતાથી લેવી જોઈએ. કોઈ પણ કર્મી જે અહીં કામ કરવા માટે આવશે તેમણે સરકાર સાથે સ્થાનિક તંત્ર પાસે રજિસ્ટ્રેશન કરાવવું જોઈએ.

# પુલવામા હુમલાને લઈ ખુલાસો- નાની નાની માત્રામાં ભેગું કરવામાં આવ્યું હતું RDX

નવી દિલ્હી

જમ્મૂ કશ્મીરના પુલવામામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ થયેલા આતંકી હુમલાને હજુ પણ દેશ ભૂલી શક્યો નથી. આજે પણ લોકોના જેહનમાં તે ગાદસો તાજો છે, જ્યારે આતંકિયોએ વિસ્ફોટકોથી ભરેલી ગાડીને ઝઈૅહ્વ ના ટ્રક સાથે ટક્કર આપી છે. જેમાં ૪૦ ઝઈૅહ્વના જવાન શહીદ થઈ ગયા છે. આ ઘટનાના એક વર્ષ બાદ એ વાતનો ખુલાસો કર્યો છે કે, આખરે આતંકિઓની પાસે આટલી મોટી માત્રામાં વિસ્ફોટ ક્યાંથી આવ્યો છે. આ હુમલામાં વપરાશ દારૂની તપાસ કરી રહ્યા છે. અધિકારીઓએ ખુલાસો કર્યો છે કે, આતંકિઓએ આ સાજિશને પૂર્ણ પ્લાનિંગ સાથે અંજામ આપ્યો હતો. એક ખાનગી અખબારમાં પ્રકાશિત સમાચાર પ્રમાણે અધિકારીઓએ આ પૂર્ણ ઘટનાનો ખુલાસો કરતા કહ્યુ છે કે, આતંકિઓને બોમ્બ બનાવવા માટે વપરાશ કરવામાં આવેલ સામાનની છિટપુટ ચોરીને અંજામ આપ્યો હતો. મોટો હુમલો કરવા માટે આતંકિઓને પત્થરની ખાણમાંથી લગભગ ૫૦૦ જિલેટિન છેડો ચોરી હતી. તે સાથે જ તેમણે અમોનિયમ નાઈટ્રેટ અને અમોનિયમ પાઉડરની આસપાસની દુકાનોમાંથી નાની-નાની માત્રામાં ખરીદ્યુ, જેથી કોઈને પણ તેમના પર શંકા ન જાય. તે સાથે જ ઈદ્ઘઠ ને ઘણી વખત નાની-નાની માત્રામાં પાકિસ્તાનમાંથી મગાવવામાં આવ્યુ હતુ. પુલવામાં હુમલા માટે વિસ્ફોટક સામગ્રી કેવી રીતે મેળવવી તેની જાણકારી આપતા એક કાઉન્ટર ઈસર્જેસી અધિકારીએ જણાવ્યુ કે, જેશ-એ-મોહમ્મદ કમાંડર મુદસ્સિર અહમદ ખાન (૧૧ માર્ચ ૨૦૧૯ ના રોજ પિંગલિશમાં એક અથડામણમાં માર્યો ગયો), ઈસ્માઈલ ભાઈ ઉર્ફ લમ્બૂ (વર્તમાનમાં કશ્મીરમાં મુખ્ય જેએમ કમાંડર), સમીર અહમદ ડાર (ઘાટીમાં જૈશનો બીજો કમાંડર) અને શાકિર બશીર માગ્રે (૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ગિરફ્તાર) એ ખાણથી અને ખેવ (પુલવામાં), ખુન્નમ (શ્રીનગર), ત્રાલ, અવંતીપોરા અને લેથપોરા ક્ષેત્રમાં ખડકોને તોડનાર કંપનીમાં વપરાશ થતી જિલેટિનની લાકડીઓને ધીરે-ધીરે ચોરી કરી હતી.

જણાવી દઈએ કે, જિલેટિનની લાકડીઓ જેમાં નાઈટ્રોગ્લિસરીન હોય છે. જેને ખાનગી એજન્સીઓથી બચાવવા માટે ૫ કિલો અને ૧૦ કિલોની માત્રામાં જ એકઠુ કરવામાં આવ્યુ છે. અધિકારીઓએ જણાવ્યુ કે, અમોનિયમ નાઈટ્રેટ (લગભગ ૭૦ કિલોગ્રામ) અને અમોનિયમ પાઉડરને સ્થાનીય બજારમાંથી જ ખરીદી કરવામાં આવ્યો હતો. જ્યારે કે, ૩૫ કિલોગ્રામ ઈદ્ઘઠ પાકિસ્તાનમાંથી લાવવામાં આવ્યો હતો. મામલાની તપાસ કરી રહેલા ફોરન્સિક વિશેષજ્ઞોએ પહેલા જ આ વાતની પુષ્ટી કરી દીધી હતી કે, આત્મઘાતી હુમલામાં અમોનિયમ નાઈટ્રેટ, નાઈટ્રોગ્લિસરીન અને ઈદ્ઘઠ નો વપરાશ કરવામાં આવ્યો હતો. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યુ કે, હુમલાના તરત બાદ છદ્મેં એ તમામ પુરાવા એકત્રિત કર્યા હતા, વિસ્ફોટક સામગ્રી કેવી રીતે એકત્ર કરવામા આવી હતી અને ડિલીવરીની પાછળ કોણ લોકો હતા. તેની જાણકારી મેળવી લેવામાં આવી હતી. તેમણે જણાવ્યુ કે, ઈદ્ઘઠ ખૂબ નાની-નાની માત્રામાં પાકિસ્તાનમાંથી ભારત મોકલવામાં આવ્યો હતો. જણાવવામાં આવી રહ્યુ છે કે, આતંકી ભારતમાં ચોરી-ચુપીથી દાખલ થયા હતા.

# તો મુંબઈ દુનિયાનો સૌથી મોટો કોરોના હોટસ્પોટ બની જશે....!

મુંબઈ

રશિયાની રાજધાની મોસ્કો પછી ભારતનું મુંબઈ દુનિયાનું એક એવું શહેર છે જ્યાં રોજના સૌથી વધારે કોરોના પોઝીટીવ કેસ બહાર આવી રહ્યાં છે. મોસ્કોમાં રોજના સરેરાશ બે હજાર કેસ આવી રહ્યા છે જ્યારે મુંબઈમાં આ આંકડો ૧૫૦૦ સુધી પહોંચી ગયો છે.. . જોકે, મોસ્કોમાં નવા કેસો આવવાનું ધીમે ધીમે ઘટી રહ્યું છે. જો મુંબઈમાં આ જ ઝડપ રહેશે તો તે દુનિયાનો સૌથી મોટો કોરોના હોટસ્પોટ બનશે.

મિડીયા રિપોર્ટ અનુસાર, મોસ્કોમાં અત્યાર સુધીમાં કુલ ૧.૬૬ લાખ કેસ જાહેર થયા છે અને તેમાંથી ૨૦૩૪ના મોત થયા છે. તો મુંબઈમાં કુલ કેસ ૩૧૭૮૯ અને મોતની અકીલા સંખ્યા ૧૦૨૬ થઈ ગઈ છે. મુંબઈમાં ૩૦ હજારથી વધુ લોકો કનિદૈલાકિઅ બિમાર છે. ૨૨ મે એ મુંબઈમાં ૧૭૫૧ નવા કેસ આવ્યા હતા જે મોસ્કો શહેર પછી દુનિયાભરમાં સૌથી વધારે છે.

## ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

૧૪૪૬૦ લોકો સંક્રમણમાં આવ્યા છે જેમાંથી ૮૮૮ લોકોના મોત થયા છે. દિલ્હીમાં ૧૪૦૫૩, રાજસ્થાનમાં ૭૩૦૦, મધ્યપ્રદેશમાં ૬૮૫૯ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૬૫૩૨ કેસ સામે આવ્યા છે.

દિલ્હી સરકારે યાત્રીઓ માટે ગાઈડલાઈન બહાર પાડી છે. અહીંયા આવનારા યાત્રિઓએ પોતાના ફોનમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરીને રાખવી પડશે. સંક્રમણના લક્ષણ નહીં હોય તો તમામ યાત્રિઓને ૧૪ દિવસ માટે પોતે જ તેમના સ્વાસ્થ્ય પર નજર રાખવી પડશે.

એરપોર્ટ ઓથોરિટી અને નોન- શિડ્યુલ્ડ પ્રાઈવેટ ઓપરેટર્સને પણ વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપી દેવાઈ છે. જેમાં ફિક્સ્ડ વિંગ, માઈક્રોલાઈટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર સામેલ છે.

દિલ્હી-ગાઝિયાબાદ બોર્ડર પર ટ્રાફિક જામ થઈ ગયો છે. જો કે ગાઝિયાબાદ તંત્રએ ત્યાં વધતા કેસને ધ્યાનમાં રાખતા જિલ્લાની સરહદોને કડક રીતે સીલ કરી દીધી છે.

## વિશ્વભરમાં પહેલા પાનાથી ચાલુ

રીતે જ તેની નોંધ લેત. દરમ્યાનમાં . સ્પેનની સરકારે વિદેશી પ્રવાસીઓને જુલાઈ મહિનાથી દેશમાં આવવાની પરવાનગી આપી દીધી છે અને આ પ્રવાસીઓને હવે ૧૪ દિવસ ક્વોરન્ટિન નહીં કરાય. સ્પેનમાં દર વર્ષે ૮ કરોડ પ્રવાસીઓ આવે છે. સ્પેનમાં અત્યાર સુધીમાં ૨.૮૨ લાખ કેસ નોંધાયા છે અને ૨૬ હજાર લોકોના મોત થયા છે. જે સ્પેન આવતાં મુલાકાતીઓ માટે રાહત સમાન છે.

## ઠાકરે સરકારને પહેલા પાનાથી ચાલુ

રાજ્યપાલ વચ્ચે વધતી ખેંચતાણના ઘણાં કિસ્સા સામે આવ્યા છે. પછી ભલે તે ઉદ્ધવનો મનોનયનનો કિસ્સો હોય અથવા મુંબઈ યુનિવર્સિટીમાં એક્ઝામ કરાવવાની વાત હોય.

હવે અનિયંત્રિત થતાં કોરોના વચ્ચે એવી પણ રાજકીય અટકળો વહેતી થઈ છે કે કેન્દ્ર સરકાર અહીં રાષ્ટ્રપતિ શાસન લગાવીને રાજ્યને નિયંત્રણમાં લઈ શકે છે.

શ્રમિક ટ્રેનો વચ્ચે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે થયેલી ખેંચતાણ પછી શિવસેના તરફથી ભાજપ તરફ આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. શિવસેના સાંસદ સંજય રાઉતે ફરી એક વાર ભાજપ પર હુમલો કર્યો હતો. મંગળવારે તેમણે ટ્વિટ કરીને લખ્યું કે, મહારાષ્ટ્ર સરકાર સંપૂર્ણ રીતે મજબૂત છે અને તે વિશે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

સંજય રાઉતે મંગળવારે સવારે ટ્વિટ કરીને લખ્યું કે, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેએ કાલે માતોશ્રીમાં મુલાકાત કરી હતી. બંને નેતાઓએ એક કલાક કરતાં વધારે સમય સુધી ચર્ચા કરી હતી. જો કોઈ એવી વાત ફેલાવતું હોય કે, મહારાષ્ટ્ર સરકાર સંકટમાં છે તો તેમના પેટમાં દુખાવો છે. અમારી સરકાર મજબૂત છે અને ચિંતાની કોઈ વાત નથી.

પવારે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી સાથે પણ મુલાકાત કરી હતી. આ દરમિયાન એનસીપી નેતા પ્રફુલ્લ પટેલ પણ પવાર સાથે હતા. અંદાજે ૨૦ મિનિટની મુલાકાત પછી પ્રફુલ્લ પટેલે બહાર નીકળીને કહ્યું હતું કે, રાજ્યપાલે બોલાવ્યા હતા તેથી અમે તેમને મળવા આવ્યા હતા. પરંતુ અમારી વચ્ચે કોઈ રાજકીય ચર્ચા થઈ નથી.

## ૪-૪ લોકડાઉન પહેલા પાનાથી ચાલુ

આપ્યું તેનાથી કશું થવાનું નથી. લોકોના હાથમાં પૈસા પહોંચવા જોઈએ. સામાન્ય જનતા અને ઈન્ડસ્ટ્રીઝને આર્થિક મદદ નહીં મળે તો ખરાબ પરિણામ આવી શકે છે. કેન્દ્ર સરકારે રાજ્યોની પણ મદદ કરવી જોઈએ. તેના વગર કોંગ્રેસ શાસિત રાજ્યોમાં તકલીફો આવી શકે છે.

ચીન સાથે ચાલતા તણાવ વિશે રાહુલ ગાંધીએ કહ્યું, સરકારે સ્પષ્ટ જણાવવું જોઈએ કે ક્યારે-ક્યારે, શું-શું થયું? નેપાળમાં શું થયું હતું અને હવે લદ્દાખમાં શું થવાનું છે? આ વિશે હજી કોઈ પારદર્શિતા નથી.

## પ્રેમિકાની હત્યા પહેલા પાનાથી ચાલુ

યુવક રહેતો હતો. તપાસમાં સામે આવ્યું કે, સંજયના નિશાની ભત્રીજી રફીકા(૩૭)સાથે આડા સંબંધ હતા.. રફીકા પણ પશ્ચિમ બંગાળની રહેવાસી હતી પણ તે તેના પતિથી અલગ થઈ ગઈ હતી.

તેના ત્રણ બાળકો હતા. સાથે સંજયે એક રૂમ ભાડે લીધો હતો, જ્યાં સંજય અને રફીકા એક સાથે રહેતા હતા. પોલીસે જણાવ્યું કે, સંજયની રફીકાની દિકરી પર ખરાબ નજર હતી. આ વાત અંગે રફીકાએ સંજયને ચેતવણી પણ આપી હતી. આ જ કારણે સંજયે રફીકાની હત્યાનું કાવતરું ઘડ્યું. તેને મકસૂદને જણાવ્યું કે, હું રફીકા સાથે લગ્ન કરવા માંગું છું. તેના માટે રફીકાના પરિવાર સાથે વાત કરવા માટે બંગાળ જાવ છું.

પોલીસે જણાવ્યું કે, ૬ માર્ચે સંજય અને રફીકા ગરીબ રથ ટ્રેનથી વિશાખાપટ્ટનમ માટે રવાના થયા હતા. પણ સંજયે સફર દરમિયાન જ દૂધમાં ઊંઘની ગોળી ભેળવીને રફીકાને આપી દીધી હતી. જ્યારે રફીકાને ઊંઘ આવવા લાગી તો સંજયે તેનું ગળું દબાવી દીધું. ત્યારબાદ રફીકાની લાશને આંધ્રપ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાના નિદાદવોલ પાસે ટ્રેનમાંથી જ ફેંકી દીધી હતી.

## કોરોના ઈફેક્ટ પહેલા પાનાથી ચાલુ

પારસીનું નવું વર્ષ છે. સૌથી વધુ રોજી જો વર્ષ દરમ્યાન થતી હોય તો તે ગણપતિની મૂર્તિના કારીગરો અને મંડળીમાં હોય છે.

આ વર્ષે ગણપતિના મંડળ, મોટી મૂર્તિઓના જાહેર દર્શન અને વિસર્જન અંગે પ્રતિકાત્મક જ પ્રયોજન હાથ ધરાય તેમ છે. ગણપતિની મૂર્તિ બનાવનાર કારીગરો જ હાલ તેમના વતન પહોંચી ગયા છે. તેવી જ રીતે નવરાત્રિના ગરબાનું આયોજન, કલાકારો, પાર્ટી પ્લોટ, ડેકોરેશનનું બુકિંગ જન્માષ્ટમી પછી તરત શરૂ થઈ જતું હોય છે. પ્રથમ નવરાત્રિ ૧૭ ઓકટોબરની છે. ૨૬ ઓકટોબરે દશેરા છે. નવ દિવસ ચાલતા આ તહેવાર જ હજારો નાગરિકો, ગરબા કરનારાઓને નજીકના સંપર્કમાં લાવે છે. અને કોરોનાને જોતા મોટા આયોજનો તો શકય જ નથી કે જયાં એક એક પ્લોટ કે કલબમાં સ્હેજે રૂ. ૫૦-૫૦ લાખના પ્લાન હોય છે. તે પછી દિવાળી ૧૪ નવેમ્બરે છે.

કોરાના માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એવો પણ ભય વ્યકત કર્યો છે કે એક વખત નિયંત્રણમાં આવે તો પણ તેનો બીજો રાઉન્ડ આવી શકે છે. તે જોતા નવરાત્રિ, દિવાળી સુધીમાં ઝીરો કેસ હશે તો પણ સરકાર કે નાગરિકો ચાન્સ નહીં લે.

ઘણા તહેવાર ઉજવવા બે-ત્રણ મહિના પહેલા બુકિંગ આયોજન, પેમેન્ટ કરવું પડતું હોય છે. હાલ તો બીજા ત્રણ મહિના અનિર્ણાયક સ્થિતિ જ રહેવાની છે. તહેવારોમાં મીઠાઈ, રેસ્ટોરા, હોસ્પિટાલિટી, ડેકોરેશન, ગરબા, ફટાકડા, કપડાં, પ્રવાસો, ભેટ સોગાદ, ગેજેટસ, ઘરના રીનોવેશન તેમજ કાર, મકાનની ખરીદી થતી હોય છે જે બધા બિઝનેસને મરણતોલ ફટકો પડશે. દિવાળી પછી નાતાલ પણ સૂનકાર રહેશે.

## મધ્યપ્રદેશમાં પહેલા પાનાથી ચાલુ

આવે જેમને પેટા ચૂંટણી બાદ ભરી શકાય છે. આ વિષયમાં કેન્દ્રીય સંગઠન સાથે વાત કરીને અંતિમ નિર્ણય લેવામા આવશે. મંત્રી પદ માટે દાવેદાર મનાતા નેતાઓ સાથે મુખ્યમંત્રી ચૌહાણની મુલાકાતનો દોર ચાલુ છે. બેઠકો વચ્ચે મુખ્યમંત્રીએ તેમને સંકેત આપ્યો છે કે ૩૧ મે પહેલા મંત્રીમંડળનો વિસ્તાર થઈ શકે છે પરંતુ તેના માટે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની સહમતિની જરૂર પડશે. રિપોર્ટ્સ પ્રમાણે મધ્યપ્રદેશ ભાજપ અધ્યક્ષ વિષ્ણુદત્ત શર્મા તેની પહેલ કરી શકે છે. પાર્ટીના સંકેત મળ્યા બાદ જ્યોતિરાદિત્ય સિંધિયા જૂથ પેટાચૂંટણીની તૈયારીમાં લાગી ગયું છે. અત્યારે શિવરાજ કેબિનેટમાં સિંધિયા જૂથમાંથી તુલસી સિલાવટ અને ગોવિંદસિંહ રાજપૂતને જ મંત્રી બનાવવામા આવ્યા છે.

પૂર્વ AMC કમિશનર વિજય નહેરાની બદલી પછી રાજનીતિ ગરમાઈ

# ભાજપે અમદાવાદમાં કોરોનાના વધેલા કેસો માટે નેહરાને જવાબદાર ગણાવ્યાં

**BJPના નેતાઓએ ટ્વિટર પર આરોપોનો મારો ચલાવ્યો**

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાયરસે કોરો કહેર વરસાવ્યો છે, અને તેમાં પણ હોટસ્પોટ અમદાવાદમાં વધતા કેસ અને કાબુ બહાર જઈ રહેલી કોરોનાની સ્થિતિ પર ભાજપના નેતાઓ પૂર્વ એએમસી કમિશનર વિજય નેહરાના જવાબદાર ઠેરવી રહ્યા છે. ત્યારે આ મામલે જ્યારે વસ્ત્રાપુર ખાતે મેંગો ફેસ્ટિવલમાં પત્રકારોએ શહેરના મેયર બિજલ પટેલને વેધક સવાલો સાથે ઘેરી વળ્યા હતા, ત્યારે તેમની પાસે કોઈ જવાબ નહોતો. તેઓ જાણે શહેરમાં કોરોના વાયરસ પર કંઈ બોલવા જ માંગતા નહોતા.

આજે વિજય નેહરાને લઈને સોશિયલ મીડિયા પર ભાજપના નેતાઓએ કરેલી ટીપ્પણીના કારણે રાજનીતિ ગરમાઈ છે, ત્યારે આ વિશે જ્યારે મેયર બિજલ પટેલને સવાલ કર્યો તો તેમણે કહ્યું તેઓ માત્ર મેન્ગો ફેસ્ટીવલ અંગેના જ સવાલોનો જવાબ આપશે. તેના સિવાય કોઈ જવાબ નહીં આપે. શહેરમાં કોરોનાના કેસોમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે નેતાઓ પાસેથી હાલ જેવા જવાબો અને અધિકારીઓ પર થતાં આક્ષેપ કોરોનાના ફ્રન્ટલાઈન વોરીયરનું મનોબળ તોડે તેવા હોવાની છાપ ઉપસી રહી છે.

આજે અમદાવાદના પૂર્વ મ્યુનિ. કમિશનર વિજય નેહરાને લઈને રાજકારણ ગરમાયુ છે. વિજય નેહરાની બદલી કરતા હવે રહી રહીને મોટો હોબાળો જોવા મળી રહ્યો છે. વિજય નેહરા ઉપર એવા મોટા સનસનીખેજ આરોપો મૂકવામાં આવી રહ્યા છે કે તેમણે પબ્લિસિટી અને પ્રચારમાં જ સમયનો ઉપયોગ કર્યો અને અમદાવાદને ભગવાન ભરોસે છોડી દીધી હતુ. વિજય નેહરા પર દેવુસિંહ ચૌહાણે પોતાનું નિવેદન આપતા કેટલા આક્ષેપો કર્યા હતા તેમનું કહેવું હતુ કે વિજય નેહરા પ્રજાનું હિત નહોતો જોઈ શકતા. વિજય નેહરા પોતાના પ્રચારમાં રચ્યાપચ્યા રહેતા હતા. તેમણે અમદાવાદને ભગવાન ભરોસે છોડી દીધુ હતુ. આ અંગેની ટ્વિટ જો કે તેઓએ પછીથી ડિલિટ પણ કરી હતી

સોશિયલ મીડિયામાં નહેરા વિરૂદ્ધ ટ્વીટ મુદ્દે ભાજપ પ્રવક્તાએ પણ એક નિવેદન આપ્યું છે. ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ પક્ષના નેતા ઋત્વિજ પટેલના ટ્વીટને વખોડી કાઢ્યું છે અને સોશિયલ મીડિયાના કન્વીનરોને કોઈ પણ મુદ્દે વિચારી સમજીને ટ્વિટ કરવા તાકીદ કરી છે. તેમણે જણાવ્યું કે, અમે મીડિયા અને જનતાની સાથે છીએ.

વિજય નેહરા પર ભાજપના યુવા નેતા પંકજ શુક્લાએ પણ આક્ષેપ લગાવ્યા હતા. અમદાવાદમાં ૮ લાખ કેસ થવાના ભ્રામક આંકડા આપ્યા હતા. વિજય નેહરાએ લોકોમાં ડર ઉભો કર્યો હતો. અમદાવાદને

ભગવાન ભરોસે છોડી દીધુ.વિજય નેહરા પોતે ક્વોરન્ટાઈન થઈ ગયા હતા. જ્યારે કોંગ્રેસના નેતા જયરાજસિંહે કહ્યુ હતુ કે, વિજય નેહરા ભાજપના રાજકારણનો ભોગ બની ગયા હતા અને તેમની આંતરિક નીતિને કારણે જ તેમની હકાલપટ્ટી થઈ હતી.

# ભાવનગરમાં ચિત્રા વિસ્તારના બુટલેગરની પોલીસે ૨ પિસ્ટલ સાથે કરી ધરપકડ

ભાવનગર

ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારનો કુખ્યાત બુટલેગર કાન્તી મથુર બારૈયા બે પિસ્ટલ સાથે ઝડપાયો છે. મહત્વનું છે કે એસ.ઓ.જી. પોલીસને મળેલી બાતમીના આધારે ચિત્રાના કુખ્યાત બુટલેગર કાન્તી મથુરભાઈ બારૈયા (ઉંમર-૪૨)ને ચિત્રા વિસ્તારમાંથી જ ગેરકાયદેસરની બે પિસ્ટલ સાથે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ સમગ્ર મામલે જીંય પોલીસ તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે આરોપી કાન્તી મથુરભાઈ બારૈયા પ્રોહીબિશન બુટલેગર છે અને અનેક વખત દારૂના કેસમાં તથા પાસમાં જેલમા જેલવાસ ભોગવી ચૂક્યો છે.

# વડોદરામાં કોરોના થી શિયાપુરા વિસ્તારની ૭૨ વર્ષની વૃદ્ધાનું મોત થતા હડકંપ

વડોદરા

વડોદરા શહેરના શિયાપરા વિસ્તારની ૭૨ વર્ષીય વૃદ્ધ મહિલાનું કોરોના વાઈસથી સયાજી હોસ્પિટલમાં મોત થયું છે. ફાયર બ્રિગેડની ટીમ વૃદ્ધના મૃતદેહને ખાસવાડી સ્માશાન લઈ ગઈ હતી અને સરકારની ગાઈડલાઈન પ્રમાણે અંતિમ સંસ્કાર કર્યા હતા.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસની સંખ્યા ૮૭૩ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે સત્તાવાર મૃત્યુઆંક ૩૮ થયો છે. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૧૧ લોકો કોરોના મુક્ત થયા છે. જ્યારે ૩૨૪ દર્દીઓ હજી સારવાર હેઠળ છે. જે પૈકી ૧૦ દર્દી ઓક્સિજન ઉપર છે અને ૫ દર્દી વેન્ટીલેટર ઉપર છે.

# ઉનાના રાજપરા બંદર પર ગત મોડી રાત્રે એક સાથે ૪ સિંહ જોવા મળતા લોકોમાં ફફડાટ

ઉના

ગુજરાતનાં ગીર જંગલની વાત આવે એટલ ગીરનાં રાજા સિંહની તરત જ યાદ આવી જાય. ત્યારે ઉનાના રાજપરા બંદર પર ગત મોડી રાત્રે એક સાથે ૪ સિંહ જોવા મળ્યા હતા. સિંહ પરિવારની એક ડણકથી આખુ રાજપરા બંદર ધ્રુજી ગયુ હતું અને ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ વીડિયો રસ્તા પરથી પસાર થતાં એક રાહદારીએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. જે વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. જો કે ગીર વિસ્તારમાં સિંહો ઘણી વખત આમ ખુલ્લેઆમ જોવા મળતા હોય છે. ત્યારે ફરી એક વખત સિંહ પરિવારનો વીડિયો સામે આવ્યો છે.

# રાજકોટમાં હોટલને ખબર નથી ને FB પર તેના નામે વેચાય છે દારૂ...!!



રાજકોટ

છેલ્લા બે દિવસથી અજાણ્યા શખ્સે રાજકોટમાં લિકર (દારૂ) વેચવા માટેનું બનાવટી ફેસબુક પેજ બનાવ્યું હતું અને રાજકોટની જાણીતી હોટલ આઈ.ટી.સી. ફોર્ચ્યુન વાઈનશોપનું નામ વટાવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. ફેસબુક પર ડમી પેજ બનાવનાર વ્યક્તિ પોતાનું નામ સુનિલ કહે છે અને માહિતી મુજબ દારૂના ઓર્ડર સાથે ૫૦ ટકા એડવાન્સ રૂપિયા ગૂગલ પેના માધ્યમથી જમા કરાવવાનું કહે છે. સાથે જ રૂપિયા ડિપોઝીટ થયા બાદ પરમિટ વગર દારૂની ડિલિવરી ઘરે પહોચી જશે અને ડિલિવરી માટે લોકેશન વોટ્સએપમાં મંગાવી ઓર્ડર કન્ફર્મ કરે છે.

સમગ્ર મામલા અંગે ફોર્ચ્યુન હોટલના સંચાલકે સાયબર સેલમાં વિગતવાર ફરિયાદ કરી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, કોઈએ પણ આવા ફેસબુક કે બીજા કોઈ પણ પ્રકારના માધ્યમની માહિતી અથવા સંદેશાઓને માન્ય ગણશો નહીં. અમો અહીં જાણ કરવા માગીએ છીએ કે,આઇ.ટી.સી. ફોર્ચ્યુન હોટલ સરકાર માન્ય પ સ્ટાર હોટેલ છે. જેમાં માન્ય પરમિટ વગર વાઈન શોપમાં દારૂનું વેચાણ થતું નથી.

અમારી વાઈન શોપ નશાબંધી અને આબકારી ખાતાના નીતિ નિયમ મુજબ કાર્ય કરે છે. લૉકડાઉનને કારણે અમારી વાઈન શોપ હાલ પૂરતી બંધ છે. નશાબંધી અને આબકારી ખાતાના આદેશ બાદ જ અમારી વાઈનશોપ કાર્યરત થશે. હાલ તો જે રીતે ડમી પેઈજ બનાવી યુવક દ્વારા લોકોને ખોટી રીતે દારૂના નામે એડવાન્સ પૈસા ઉઘરાવવા માટેની જાહેરાત કરી છે જે મામલે હોટેલ સંચાલક ની ફરિયાદ પરથી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોનાકાળમાં મીડિયા પર વિવાદિત ટ્વિટ કર્યા બાદ ભરાતા ભાજપે ડિલીટ કરી માફી માંગી

અમદાવાદ

ભાજપના નેતાઓએ કોરોનાકાળમાં રાજનીતિ કરી. ભાજપના ધારાસભ્યો, આગેવાનો, ડેપ્યુટી મેયર સહિતે મીડિયા બાબતે કરી વિવાદીત ટિપ્પણી કરી છે. કોરોના સંકટમાં મીડિયાના કવરેજ પર અનેક સવાલો ઉઠાવ્યા છે. ત્યારે વિવાદ વકર્યા બાદ કેટલાક નેતાઓએ ટ્વિટ ડિલીટ કર્યા હતા. ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ઋત્વિજ પટેલે આવી ટ્વિટ કરવા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ભાજપ યુવા મોરચાના પ્રમુખ, ઘાટલોડિયાના ધારાસભ્ય, ભૂપેન્દ્ર પટેલ, ડેપ્યુટી મેયર દિનેશ મકવાણાના ટ્વિટર અકાઉન્ટમાંથી મીડિયા પર ટ્વિટ કરવામાં આવી હતી. #StopTargetingGujarat હેશટેગ સાથે ભાજપના નેતાએ ટ્વિટ કરી હતી. સોશિયલ મીડિયા અને મીડિયાએ ઉઠાવેલા સવાલો બાદ ભાજપ નેતાઓએ ટ્વિટ ડિલીટ કર્યા હતા.

પરંતુ યુવા મોરચાના પ્રમુખ સિવાય અન્ય કોઈ નેતાઓએ દિલગીર વ્યક્ત કરવાની દરકાર પણ લીધી ન હતી. કોરોના સંકટમાં મીડિયા પોતાની જવાબદારી અને જોખમે લોકોના પ્રશ્નોને વાચા આપી રહ્યું છે. ત્યારે લોકોના પ્રશ્નોને વાચા આપતા મીડિયા ભાજપના નેતાઓને આ બાબદ ગમી ન હતી. ફક્ત સરકાર અને પક્ષની વાહવાહી જ ભાજપના નેતાઓને ગમે છે તેવુ આ ટ્વિટ પરથી સ્પષ્ટ દેખાઈ આવ્યું હતું. આ સાથે જ અમદાવાદના મ્યૂનિસિપલ કમિશનરની બદલી અંગે પણ ટ્વિટમાં પ્રશ્નો ઉભા થયા હતા. બીજેપીની આ હરકત અંગે વિરોધ શરૂ થવા લાગ્યો હતો. જેના બાદ જોતજોતામાં કેટલાય ટ્વિટ ડિલીટ થવા લાગ્યા હતા. શહેરના ડેપ્યુટી મેયર દિનેશ મકવાણાએ પણ વિવાદિત ટ્વિટ કરી હતી. તો એએમસી તત્કાલીન કમિશનર વિજય નેહરાની બદલી અંગે થયેલા ટ્વિટને મેયરના ટ્વિટર હેન્ડલ પરથી લાઈક કરાયું હતું.

ડો.ઋત્વિજ પટેલે વિવાદિત ટ્વિટમાં લખ્યું હતું કે, ગુજરાતના ખાનગી લેબોરેટરી સરકારી નિયમોનો ભંગ કરતી હતી તે માટે એમને ફટકારવામાં આવ્યા, પરંતુ વેચાઈ ગયેલી મીડિયા અને એક મસાલેદાર સમાચાર તરીકે પોતાની ટીઆરપી વધારવામાં લાગી. જોકે, બાદમાં વિવાદ વકરતા તેઓએ માફી માંગતા કહ્યું કે, ઈલેક્ટ્રોનિક મીડિયાને કે કોઈ પણ મીડિયાને ટાર્ગેટ કરવાનો કોઈ ઈરાદો નથી. મીડિયાએ લોકશાહીનો ચોથો આધારસ્તંભ કહેવાય છે. મીડિયા હંમેશા સકારાત્મક રહ્યું છે.હું વ્યક્તિગત રીતે મીડિયાને ખૂબજ સન્માનપૂર્વક જોઉં છું. છતાં પણકોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલગીર છું.

# ભાવનગરની ઈન્ટરનેશનલ સેમિનારમાં યજ્ઞ થેરાપીમાં ડો.ઓમ ત્રિવેદીના સંશોધન પેપરની ચોથા ક્રમે પસંદગી

ભાવનગર

દેશભરમાં કોરાના હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે વૈજ્ઞાનિકો તેની દવા (રસી) શોધવામાં વ્યસ્ત બન્યા છે. ત્યારે ઈન્ટરનેશનલ સેમિનારમાં યજ્ઞ થેરાપી પર ભાવનગરના ડો.ઓમ ત્રિવેદીના સંશોધન પેપરની પસંદગી થઈ છે. જે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકશે. જે ગુજરાત અને ભાવનગર માટે ગૌરવની વાત કહી શકાય. હોમ હવન દ્વારા ૯૪થી ૯૬% બેક્ટરીયા નાશ થાય છે તેવુ વૈજ્ઞાનિકોએ પણ સાબિત કરી દીધું છે. જેથી ફરી એકવાર હોમ હવન દ્વારા બેક્ટરીયાનો નાશ કરી વાતાવરણ શુદ્ધ થતું હોવા તરફ પાછા ફરવું પડે તેમ છે.

ઈમ્પેક્ટ ઓફ વૈદિક યજ્ઞ ઓન એન્વાયરમેન્ટ ટુ કોમ્બાટ કોવિડ-૧૯ના શિર્ષકથી ઓરિસ્સાની જીઆઈઈટી યુનિવર્સિટી દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ ઓનલાઈન સેમિનારમાં ઓમ ત્રિવેદી દ્વારા આ સંશોધન રજૂ કરાયું હતું અને આ રિસર્ચ પેપર યુનિવર્સિટીની ૧૬ સભ્યો અને એક્સટર્નલ રિવ્યુઅરની કમિટી દ્વારા તમામ માપદંડોની ખરાઈ બાદ સ્વીકારી ચોથા ક્રમે પસંદ કરવામાં આવી છે. યજ્ઞ થેરાપી પર એક માત્ર પેપર પસંદ થયું છે. જે આગામી તા.૩૦ના રોજ ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર આ પેપર ચોથા ક્રમે રજૂ કરવામાં આવશે. તેવી જાણ યુનિવર્સિટી દ્વારા ઓમ ત્રિવેદીને કરવામાં આવી છે.

ઓમ ત્રિવેદી સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, મારા પિતાજી હસુભાઈ ત્રિવેદી આજીવન આર્યસમાજ અને વેદોક્ત સંસ્કૃતી સાથે જોડાયેલા હતા અને અમારા જૂના ઘરે યજ્ઞ મંડપ કાયમી માટે બનાવેલો હતો અને તેઓ જીવિત હતા ત્યાં સુધી નિત્યક્રમ મુજબ સવારે હોમ હવન કરતા હતા. તેમની પાસેથી મને ઘણું જ જ્ઞાન મળ્યું હતું. તે ઉપરાંત યજ્ઞ થેરાપી અને વૈદિકના અતિ અમૂલ્ય કહી શકાય તેવા જૂના ગ્રંથોનો ભંડાર અમારે ત્યાં હોય તેનું વાંચન કર્યા બાદ સંશોધન કર્યું હતું.

# અમદાવાદમાં આજથી ફરી ધમધમતા થશે કાલુપુર હોલસેલ અનાજ બજાર

અમદાવાદ

અમદાવાદીઓ માટે એક ખુશીના સમાચાર આવ્યા છે. અમદાવાદમાં આવતીકાલથી શહેરનું સૌથી મોટું કાલુપુર હોલસેલ લાઠ અનાજ બજાર ખૂલી જશે. અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશનને આખરે તંત્ર દ્વારા મંજૂરી મળી ગઈ છે. તંત્રના આદેશ બાદ વેપારીઓમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. હોલસેલમાં અનાજના વેચાણની મંજૂરી મળી ગઈ છે, જેથી હવે અમદાવાદની દુકાનોમાં અનાજનો જથ્થો પહોંચી શકશે.

કાલુપુર બજારને સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરીને ઓપન કરવાની મંજૂરી મળી છે. આ ઉપરાંત માત્ર ૪૦ લોડિંગ રિક્ષાને બજારમાં પ્રવેશની મળી મંજૂરી આપવામાં આવી છે. તમામ હોલસેલ વેપારીઓ અને અન્ય તમામનો થર્મલ ગનથી સ્કેનિંગ કરવામાં આવશે. માસ્ક અને ગ્લોવ્સ વગર માર્કેટમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવાયો છે. તેમજ તંત્ર દ્વારા વેપારીઓને સવારે ૮ થી ૧ સુધી વેપાર કરવાની પરવાનગી અપાઈ છે. બે મહિનાના લોકડાઉન બાદ આખરે માર્કેટ ખૂલવાની મંજૂરી મળતા વેપારીઓએ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો આભાર માન્યો હતો. હોલસેલ બજાર ખૂલતા રીટેલ બજારમાં અનાજની અછત સમાપ્ત થશે. લોકડાઉન લાગ્યા બાદ શહેરના રિટેલ માર્કેટમાં અનાજની અછત ઉભી થઈ હતી, જેને કારણે અનેક દુકાનદારો પાસેથી તોતિંગ ભાવ વસૂલ્યા હતા. હોલસેલ બજાર ખૂલી જતા માર્કેટમાંથી આ કાળાબજારી બંધ થઈ જશે અને ગ્રાહકોને મૂળ ભાવમાં અનાજ મળતુ થશે.

આ અગાઉ અમદાવાદના કાલુપુર બજાર પણ ૩ મેં સુધી બંધ રાખવાનો આદેશ કરાયો હતો. અગાઉ કાલુપુર વિસ્તારમાં બજારમાં લોકોની ભીડના કારણે લોકડાઉનનો ભંગ અને સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થતો જોવા મળતો હતો. જોકે બાદમાં કાલુપુર બજારમાં પોલીસ કાફલો પણ ઉતાર્યો હતો. ખાસ કરીને કોટ વિસ્તારમાંથી વધુ કેસ આવતા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદના કાલુપુર ઘી બજારમાં પણ લોકડાઉન ખૂલતા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. સોશિયલ ડિસ્ટન્સ પણ ભંગ થયેલુ જોવા મળ્યું હતું. લોકો લોકડાઉન હળવું થતા જ જીવન જરૂરિયાની વસ્તુ ખરીદવા ઉમટ્યા હતા.

# અમદાવાદ લૉકડાઉનમાં પૈસા કમાવવા કેશિયર રમ્યો ઓનલાઈન રમી, ૪.૩૯ લાખ હાર્યો

અમદાવાદ

હાલ મોબાઈલ ફોનની અનેક એપ્લિકેશનમાં ઓનલાઈન રમી રમો અને જીતો લાખો કરોડો રૂપિયા આવી જાહેરાત આવી રહી છે. જુગરિયાઓ તેની લતે લાગતા હોવાની ઘટનાઓ સામે આવે છે. આવો જ એક કિસ્સો અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં આવ્યો છે. એક જગ્યાએ નોકરી કરતા મેનેજર લોકડાઉનમાં પૈસા કમાવવા માટે ઓનલાઈન રમી રમતા હતા. તેઓ જ્યાં નોકરી કરતા હતા તેણે આપવાનું ૪.૩૯ લાખનું પેમેન્ટ ન આપી પોતે ઓનલાઈન રમીમાં હારી ગયા હોવાનું જણાવ્યું હતું. પાલડીના ફતેહપુરામાં આવેલી પંકજ સોસાયટીમાં રહેતા હર્ષદ ભાઈ શાહ સહેર રિટેલ પ્રાઈવેટ લિમિટેડમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે.



આ કંપની હેંડીક્રાફ્ટ વસ્તુઓનું વેચાણ કરે છે. આ શોરૂમ બોડકદેવમાં આવેલો છે અને તેના ડિરેકટર મિતુલ ગાંધી અને શીતલબહેન શાહ છે. આ સિવાય કંપનીમાં ૧૨ જેટલા કર્મચારીઓ નોકરી કરે છે. આ જ શોરૂમમાં સેલ્સમેન કમ કેશિયર તરીકે નવા વાડજમાં રહેતા ઉપેન્દ્ર મકવાણા પણ નોકરી કરે છે. વેચાણ વસ્તુઓની જે રકમ આવે તે ઉપેન્દ્ર ભાઈ રાખતા હતા અને વધુ રકમ ભેગી થાય તો તેઓ બેંકમાં જમા કરાવી આવતા હતા. કોરોનાની મહામારી આવતા જ માર્ચ મહિનાથી શોરૂમ બંધ હતો. ફેબ્રુઆરી તથા માર્ચ મહિનાની આવેલી રકમ ઉપેન્દ્રભાઈ પાસે હતી. ડિરેક્ટરના પતિએ મળવા બોલાવી રકમ પણ માંગી હતી. જોકે ઉપેન્દ્ર આવ્યો ન હતો. આ બે માસની સાતેક લાખની રકમ આવી હતી. જેમાંથી ૪.૩૯ લાખ જેટલી રકમ ઉપેન્દ્રએ તેની પાસે રાખી હતી. તે મળવા ન આવતા અને પૈસા પરત ન આપતા તેની સાથે ફોન પર ડિરેક્ટરોને સંપર્ક થતા ઉપેન્દ્રએ જણાવ્યું કે તે ઓનલાઈન રમી રમવામાં હારી જતા તેની પાસે પૈસા નથી. ઉપેન્દ્રએ કંપની સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરતા એકાઉન્ટ વિભાગમાં કામ કરતા હર્ષદ શાહએ ઉપેન્દ્ર મકવાણા સામે ફરિયાદ નોંધાવતા વસ્ત્રાપુર પોલીસે આઈપીસી ૪૦૮, ૪૨૦ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગૌરક્ષકો પર ખોટી ફરિયાદને લઈને ગોંડલ શહેર આખું બંધમાં જોડાયું

ગોંડલ

ગોંડલમાં ગત શનિવારની રાત્રે પશુધનને કતલખાને લઈ જવાતા હોવાની બાતમીના આધારે ગૌસેવકો દ્વારા અટકાવવા જતાં બે જુથ વચ્ચે અથડામણ થયું હતું. જેથી સમગ્ર મામલે પોલીસે બંને જુથ સામે ગુનો દાખલ કર્યો હતો. જેને લઈને હિંદુ ઉત્સવ સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ સહિતની સામાજિક સંસ્થાંઓ દ્વારા બંધનું એલાન અપાયું હતું. જેથી ગૌરક્ષકો પર ખોટી ફરિયાદને લઈને શહેર સ્વયંભૂ બંધમાં જોડાયું છે અને તમામ દુકાનો બંધ જોવા મળી રહી છે. ગૌરક્ષકો પર ખોટી ફરિયાદને લઈને શહેર આખું બંધમાં જોડાયું છે અને રાજમાર્ગો સુમસામ છે. જ્યારે માર્કેટિંગ યાર્ડ દ્વારા રાત્રિના મોડેમોડે યાર્ડ ચાલુ રહેવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ યાર્ડના શ્રમિકો દ્વારા કામ હાથ ન ધરાતા સરકારી ખરીદી સિવાયની તમામ હરાજી બંધ રહી હતી. શહેરની નાની-મોટી બજાર, ગુંદાળા રોડ, બસ સ્ટેન્ડ રોડ, વિક્રમસિંહ કોમ્પ્લેક્ષ, કૈલાશ કોમ્પલેક્ષ, જેલચોક, માંડવીચોક, સહિતની બજારો સ્વયંભૂ બંધ રહી હતી. જો કે પોલીસ તંત્ર દ્વારા ગતરાત્રીના જ શહેરમાં ધાડેધાડા ઉતારી આપવામાં આવ્યા હતા. રાત્રીનાં ગૌરક્ષક ગોપાલભાઈ ટોળીયા, યુદ્ધ એ જ કલ્યાણ ગ્રુપના વિજયભાઈ જાદવ અને પૃથ્વીભાઈ જોશી સહિતનાઓની અટક કરી પૂછપરછ કરવામાં આવી હતી.

### નશ્વરદેહ ભક્તો માટે અંબાજી ખાતે દર્શનાર્થે મૂકવામાં આવશે

# માત્ર હવા પર નિર્ભર રહેનાર ચુંદડીવાળા માતાજીએ ૯૧ વર્ષ કર્યો દેહત્યાગ

બનાસકાંઠા

ગુજરાતના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે આવેલ અને ચુંદડીવાળા માતાજી ના નામે ઓળખાતા પ્રહલાદભાઈ જાની કે જેઓ ચૂંદડીવાળા માતાજી તરીકે ઓળખાય છે તેમને લઈને એક મોટા સમાચાર મળી રહ્યા છે. જેમના પર મોટા મોટા સંશોધનો થઈ ચૂક્યા છે, તેવા બનાસકાંઠા ખાતે આવેલા ચુંદડીવાળા માતાજી દેવલોક પામ્યા છે. ચુંદડીવાળા માતાજીએ ચરાડા ખાતે મોડીરાતે દેહત્યાગ કર્યો હતો. હવે ૨૮મેના રોજ અંબાજી ખાતે તેમને સમાધિ અપાશે. એવું કહેવાઈ રહ્યું છે કે છેલ્લા ૭૬ વર્ષથી ચુંદડીવાળા માતાજી અન્ન-પાણી લેતા નહોતા. જે વિજ્ઞાન માટે પણ એક મોટો કોયડો સમાન છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ખ્યાતનામ દિવ્ય શક્તિ એવા પ્રહલાદભાઈ જાની ચૂંદડીવાળા માતાજીનો નશ્વર દેહ અંબાજીના ગબ્બર લવાયો છે. જેઓને અંબાજીમાં બુધવારે સમાધિ આપવામાં આવશે. ચૂંદળીવાળા માતાજીએ ૯૧ વર્ષ દેહત્યાગ કર્યો છે. ૭૬ વર્ષોથી તેઓ અન્નજળ ગ્રહણ કર્યા સિવાય માત્ર હવા પર નિર્ભર રહેતા હતા. માતાજી અન્નજળ વગર કેવી રીતે વર્ષો વર્ષ રહી શકે તે માટે મેડિકલ સાયન્સ દ્વારા પણ અનેક વાર તપાસ કરવામાં આવી હતી. ચૂંદળીવાળા માતાજી વિજ્ઞાન માટે પણ પડકાર સમાન હતા.

તેમનું આ રહસ્ય તેમના જીવન દરમિયાન કોઈ જાણી શક્યું નથી. તો ધર્મ, શ્રદ્ધા અને આસ્થામાં માનનારા ભક્તો માટે માતાજી ખુદ એક દિવ્ય શક્તિ હતા. ચુંદડી વાળા માતાજીના ભક્તોને તેમના દર્શન થઈ શકે તેના માટે તેમનો નશ્વરદેહ ૨૬ તારીખથી ૨૭ તારીખ સુધી અંબાજી ખાતે દર્શનાર્થે મૂકવામાં આવશે. થોડા દિવસ પહેલા અમદાવાદ ખાતે ચેકીંગ માટે ગયા હતા, જ્યાં તેમનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. સોશિયલ મીડિયા પર ચુંદડીવાળા માતાજી દેવલોકમા ગયા છે તેવા મેસેજ વાઈરલ થયા હતા. પરંતુ મંગળવાર રાત્રે ૨ વાગે તેમને દેહ ત્યાગ કર્યો હતો. તમને જણાવી દઈએ કે, અક્ષય કુમાર, બાલા સાહેબ ઠાકરે, નરેન્દ્ર મોદી સહિત વિવિધ લોકો તેમની સાથે મુલાકાત કરી ચૂક્યા છે.

અંબાજી ગબ્બર ઉપર રહીને છેલ્લા ૭૬ વર્ષથી અન્નજળ ત્યાગ કરીને પ્રહલાદભાઈ મગનલાલ જાની ચુંદડીવાળા માતાજીના નામથી ભિકત કરી રહ્યા છે. છ ભાઈઓ, એક બહેન સહિત ૨૫થી ૩૦ વ્યક્તિઓના જાની પરિવારના મોભી ચુંદડીવાળા માતાજી છે. ચુંદડીવાળા માતાજી પ્રહલાદભાઈ જાનીએ બાલ્ય અવસ્થામાં ૧૪ વર્ષની ઉંમરે સંસાર ત્યાગની સાથે અન્ન-જળનો ત્યાગ કર્યો હતો. અને હાલમા આ મહાન વિભૂતિ ચુંદડીવાળા માતાજીની ઉંમર ૮૮ વર્ષની છે. માતાજીનું મૂળ ચરાડા ગામ તાલુકો માણસાના વતની ચુંદડીવાળા માતાજી ની સમગ્ર દેશની સાથે ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો પણ હેરાન છે. તેનું કારણ આ ચુંદડીવાળા માતાજી એ છેલ્લા ૭૬ વર્ષથી નથી ખાધું કે નથી પીધું આ મહાન વિભૂતિ ખાધા પીધા વગર હવા ખાઈને રહેતા હોય તેમ લાગે છે. આ ચુંદડી વાળા માતાજી ની વેશભૂષાથી જાણવા મળે છે કે તે એક સંન્યાસી જોવા મળે છે.

## મહીસાગરના યુવાનને આર્મીની બોર્ડર ઈન્ફોર્મેશન આપવાના બદલે મોટી રકમની ઓફર

મહીસાગર

મહીસાગરના યુવાનને ઈદના દિવસે વોટ્સેપ દ્વારા પાકિસ્તાનથી નાણાની લાલચ આપી રાષ્ટ્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરવા પ્રેરવાની કોશિશ કરતો મેસેજ આવ્યો છે. કોરોનાની મહામારી વચ્ચે પણ નાપાક પાકિસ્તાન પોતાની ભારત વિરુદ્ધની ગતિવિધિઓ કાર્યરત હોવાનો વાઈરલ મેસેજના માધ્યમથી ખુલાસો થતાં ખળભળાટ થયો છે.

મહીસાગરના યુવાનને ઇંડિયન આર્મીની બોર્ડર ઈન્ફોર્મેશન આપવાના બદલે મોટી રકમ આપવાનો નાપાકનો મેસેજકડાણા તાલુકાના યોગેશ ડામોર નામના વ્યક્તિને પાકિસ્તાનના +૯૨ ૩૧૩૨૫૮૯૯૮૦ નંબર પરથી મેસેજ આવ્યો હતો કે, તમે આર્મીની માહિતી અમને આપો તો તમને સારા એવા પૈસા આપવામાં આવશે. આ મેસેજ કડાણા તાલુકાના યુવાનનોને પાકિસ્તાન દ્વારા લાલચ આપતો મેસેજ વોટ્સેપના મધ્યમથી ભારતીયોને લલચાવી રાષ્ટ્ર વિરુદ્ધ પ્રવૃતિ કરવા પ્રેરવાની કોશિશ કરવામાં આવી હતી.

યુવાને ફરીથી મેસેજ ન કરવાનો જવાબ આપી સ્ક્રીન શોટ મોકલ્યો હતો, જે સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જે કે ચિંતાજનક બાબત છે.આ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ જિલ્લા પોલીસ વડા ઉષા રાડાએ તપાસના આદેશ આપ્યા હતા. જિલ્લા એસઓજી પોલીસ દ્વારા યુવકના ફોન કોલ્સની તમામ ડિટેલ્સ ચેક કેરી તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

### કોંગ્રેસ નેતા ધાનાણીનો સરકાર પર આક્ષેપ

# એક લાખના ધમણ વેન્ટિલેટર પાછળ ખર્ચાયા ૨.૯૧ લાખનો

ગાંધીનગર

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે ગુજરાતમાં કોરોનાની સારવાર માટે દાનમાં આપવામાં આવેલા સ્વદેશી ધમણ-૧ વેન્ટિલેટરને લઈને રાજકારણ ભારે ગરમાયું છે. કોંગ્રેસ દ્વારા ધમણ-૧ને લઈને ગુજરાત સરકાર પર પ્રહાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ પણ ધમણ-૧ને લઈને મોટો આક્ષેપ લગાવ્યો છે.

પરેશ ધાનાણીએ ટ્વિટ કર્યું છે કે, "સોના કરતા, ઘડામણ મોંઘુ". રૂ.'એક લાખ'ની કિંમતે દાનમા મેળવેલા ૮૬૬ જેટલા 'ધમણ-૧'ને ફરી ધમધમતા કરવા નંગ દિઠ રૂ.૨,૯૧,૭૭૫ જેટલો ખર્ચ કરનારી સરકારે અંદાજીત રૂ.૨૫,૨૬,૭૭,૧૫૦ જેટલા જંગી ખર્ચ માટે "ન્યૂ એરા માર્કેટિંગ-અમદાવાદ"ને વિના ટેન્ડરે નોતરૂ કોના ઈશારે અને શું કામે કાઢ્યું..?

તેમણે અન્ય એક ટ્વિટ પણ કર્યું છે. જેમાં તેમણે "૮૮૮નો થયો, અકાળે અંત" એવાં ટાઈટલ સાથે સવાલો ઉઠાવ્યા છે કે, શું ધમણ-૧ અધુરૂ હતુ.? ધમણમાં શું શું હતી ખામી..? ક્યા ક્યા કર્યો હતો અખતરો.? કેટલા ઉપર ઉભો થયો ખતરો.? કેટલાની ફાટી ગઈ ધમણી..? શું મિત્રની કંપનીએ જ કાઢ્યુ મોતને નોતરૂ.? હવે લાખના ધમણ ઉપર ત્રણ લાખનો ખર્ચ.? ન્યુ એરા માર્કેટિંગનુ ક્યા છે કનેકશન.?

તેમણે હેશટેગ ઈંગુજરાત બચાવો અભિયાન સાથે ટ્વીટ કર્યું છે. પરેશ ધાનાણીએ ટ્વિટમાં ધમણ ૧ નીયો રાજકોટ ફાઉન્ડેશને દાન કર્યા હોવાનો ખુલાસો કર્યો છે. ધમણ ૧ દાન કરવા માટે પરેશ ધાનાણીએ નીયો રાજકોટ ફાઉન્ડેશન અને દાતાઓનો આભાર પણ માન્યો છે. પરેશ ધાનાણીએ ટ્વીટમાં નીયો ફાઉન્ડેશનનો દાનની અપીલ માટેનો પત્ર પણ એટેચ કર્યો છે.

## સુરેન્દ્રનગર એલસીબીએ ધ્રાંગધ્રાથી ૨ બાઈક સાથે ગઠીયો ઝડપાયો

સુરેન્દ્રનગર

ધ્રાંગધ્રા તેમજ સુરેન્દ્રનગરમાંથી ચોરી કરેલા ૨ બાઈક સાથે સુરેન્દ્રનગર એલસીબીએ ધ્રાંગધ્રાથી એક શખ્સને ઝડપી લીધો હતો. એલસીબી ટીમે ધ્રાંગધ્રાના લાલ બંગલા સામે ધોળીધાર તરફ જવાના રસ્તા પરથી બાતમીના આધારે સાગર કાંતિભાઈ વસાણીને શંકાસ્પદ રીતે પસાર થતાં તેને અટકાવીને પુછપરછ કરી હતી. જે દરમિયાન તેના કબ્જામાં રહેલા બાઈકના આધાર પુરાવા ન મળતા બાઈક ચોરી કે છળકપટથી મેળવેલી હોવાનું ખુલ્યું હતું.

પોલીસની વધુ પૂછપરછમાં કાળા કલરની સિલ્વર પટ્ટાવાળી બાઈક નંબર જ્ત-૧૩ છછ-૬૨૪૦ ગત તારીખ ૨૧ મેના રોજ બપોરના સમયે સુરેન્દ્રનગર હેન્ડલુમ ચોક સ્મશાન તરફ જવાના રસ્તેથી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તેમજ લાલ-સિલ્વર પટ્ટાવાળી અને નંબર વગરનું બાઈક એકાદ મહિના પહેલા ધ્રાંગધ્રા રાજકમલ ચોક પાસેથી ચોરી કર્યું હોવાની કબૂલાત કરતા પોલીસે આ શખ્સને બંને બાઈક કિંમત રૂપિયા ૩૫ હજાર સાથે ઝડપી લીધો હતો.

### રાજ્ય સરકારની કોરોના ટેસ્ટ ઘટાડ્યાની હાઈકોર્ટમાં કબુલાત...?

# વધુ ટેસ્ટ કરાવીશું તો કુલ વસ્તીના ૭૦% લોકો પોઝિટિવ આવી શકે છે

અમદાવાદ

કોરોના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે કરેલી સુઓમોટો જાહેર હિતની અરજી માં હાઈકોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે દરેક લોકોને કોરોનાનો ટેસ્ટ કરાવવા માટેની મંજૂરી આપો. હાઈકોર્ટમાં રાજ્ય સરકાર ની રજૂઆત હતી કે વધુને વધુ ટેસ્ટ કરવામાં આવશે તો કુલ વસ્તીના ૭૦ ટકા જેટલા લોકો કરોના પોઝિટિવ નીકળશે. જેના લીધે લોકોમાં એક પ્રકારના માનસિક ડરનો માહોલ ફેલાઈ જશે. આ અંગે હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી છે કે આ પ્રકારની આશંકાના પગલે કોરોનાના ટેસ્ટિંગ રોકવાનું પગલું હિતાવહ નથી.

હાઈકોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે દરેક વ્યક્તિને કોરોનાના ટેસ્ટ કરાવવા માટેનીની મંજૂરી આપો. ડિસ્ચાર્જ સમયે દર્દીના ટેસ્ટિંગ કરો. કોરોના પોઝિટિવ દર્દી કે જેને હોસ્પિટલમાંથી રજા મળી છે અથવા તો તેનું મૃત્યુ થયું છે, આ દર્દીઓનાં પરિવારજનોના ટેસ્ટ પણ કરાવો. આ ઉપરાંત ડૉક્ટરે જે દર્દીને પ્રિસ્ક્રિપ્શન લખી આપી છે, તેનો ટેસ્ટ પણ કરાવો. હાઈકોર્ટે એ પણ કહ્યું છે કે જે ખાનગી લેબોરેટરીમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં છે અને જરૂરી તમામ શરતો તે પૂર્ણ કરે છે, તો તેને RT-PCR ટેસ્ટ કરવા માટેની મંજૂરી આપો. ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ માટેનો ભાવ ઈજ. ૪૫૦૦ છે.

કોરોનાના દર્દીઓના ટેસ્ટિંગ માટે સમગ્ર રાજ્યમાં કુલ ૧૯ સરકારી અને ૧૨ ખાનગી લેબોરેટરીઓ છે, શું તે પૂરતી છે? ICMRની માર્ગદર્શિકા મુજબ જે લેબોરેટરીમાં સુવિધાઓ છે તેમને મંજૂરી કેમ અપાઈ નથી? નોંધનીય છે કે ICMR નાના ટેસ્ટિંગ માટે જે લેબોરેટરીની મંજૂરી આપી છે, તેને રાજ્ય સરકારનો આદેશ છે કે ટેસ્ટ સરકારી હોસ્પિટલમાં જ કરાવવો. સરકારની આ પ્રકારની કામગીરી કોરોનાના કેસના આંકડાને અંકુશ કરવા જેવી છે. આ સાથે હાઈકોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે કે દર્દીઓને ડિસ્ચાર્જ કરવા માટેની ICMRની નવી માર્ગદર્શિકા તેની જૂની માર્ગદર્શિકાથી વિપરીત છે. હાઈકોર્ટે આદેશ કર્યો છે કે દર્દીઓને ડિસ્ચાર્જ કરતાં પહેલાં તેનો ટેસ્ટ કરાવો. જો કોઈ પોઝિટિવ દર્દીને ડિસ્ચાર્જ કરો તો તેના ઘર પર આઈસોલેશનના સમયગાળા સુધી બોર્ડ લગાવો. આ દર્દીના કાંડા પર માર્ક પણ કરો.

### જીએમડીસી ગ્રાઉન્ડમાં અમદાવાદ મેયર બોલ્યા-"આખુંય અમદાવાદ મારૂં છે

# મેંગો મેળાનું ઉદ્ઘાટન કરવા આવેલા મેયર બિજલ પટેલ વેધક પ્રશ્નો પૂછાતા થયા રઘવાયા



બનાસકાંઠા

કેરીનુ ઉત્પાદન કરતા ખેડૂતો કેરીનાં પાકનું વેચાણ કરી શકે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશને જીએમડીસી ખાતે આજે એટલે કે મંગળવારથી વિવિધ પ્રકારની કેરીનું વેચાણ કરવાની છૂટ આપી છે. ૧૫ દિવસ દરમિયાન સવારે ૦૮ વાગ્યાથી સાંજના ૦૪ વાગ્યા સુધી નાગરિકો આ કેરીની ખરીદી કરી શકશે. તેના ભાગરૂપે આજે શહેરના મેયર બિજલબેન પટેલ ઉદ્ઘાટન માટે આવ્યા હતા. આજે અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડમાં મેંગો મેળાનું ઉદ્ઘાટન કરવા આવેલા મેયર બિજલ પટેલને જ્યારે કોરોના મહામારી વિશે કેટલાક વેધક સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેમને એકપણ શબ્દ ઉચ્ચારવાની ના પાડી દીધી હતી. અમદાવાદના મેયર પત્રકારોના સવાલોથી સરેઆમ ભાગ્યા હોવાનું દેખાતું હતું.

બિજલ બેનને જ્યારે વિજય નહેરા મુદ્દે સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેમને આ મુદ્દા ઉપર પણ જવાબ આપવાનું ટાળ્યું હતું. શહેરના મેયર બિજલ બેને પત્રકારોના સવાલો પર જવાબ આપતા જણાવ્યું હતું કે, આખુંય અમદાવાદ મારૂં છે. વિજય નેહરા પર ટ્વીટ મુદ્દે તેમને બોલવાની ના પાડી દીધી હતી. તેમણે જણાવ્યું કે, તેના વિશે મારે કોઈ સ્પષ્ટતા કરવી નથી. મેંગો ફેસ્ટિવલ સિવાય હું કોઈ વાત નહીં કરું. મેંગો ફેસ્ટિવલમાં આવેલા મેયર બીજલ પટેલ રીતસર પત્રકારોના સવાલોથી રઘવાયા બન્યા હોય તેવું જણાઈ આવતું હતું.

શહેરના મેયર બીજલ પટેલે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, આખુંય અમદાવાદ મારું છું, મારે કોઈ સ્પષ્ટતા કરવી નથી. મેંગો ફેસ્ટિવલ સિવાય હું કોઈ વાત નહિ કરું. અને મીડિયામાં ઉઠી રહેલા સવાલના જવાબ આપ્યા વગર જ ચાલ્યા ગયા હતા. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ કોરોનાના ભરડામાં છે અને અમદાવાદ મેયરને મેંગો મેળામાં રસ છે. આ ચર્ચાએ જોર પકડ્યુ છે. અમદાવાદ હોટસ્પોટ બન્યું છે. પરંતુ અમદાવાદના મેયર બિજલ પટેલને જાણે આ મામલે કંઈ પડી જ ના હોય તેમ તેઓ ઉડાઉ જવાબ આપી ચાલતી પકડી હતી. હવે બિજલ બેનનું આ વર્તન તેમને કેટલું નુકસાન પહોંચાડે છે, તે તો આવનારો સમય અને જનતા બતાવશે.

## અમરેલીના ટીંબી ગામમાં તબીબ કોરોના સંક્રમિત થતા તંત્ર હરકતમાં આવ્યું

અમરેલી

અમરેલીના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં તબીબનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે.જેના કારણે જિલ્લા વહીવટી તંત્ર ચિંતામાં મુકાયુ છે.તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તંત્ર દ્વારા ૨૪૨ લોકોને હોમકવોરન્ટીન કરવામાં આવ્યા છે.તેમજ તેના સંપર્કમાં પણ જેટલા લોકો આવ્યા હતા તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. તબીબ પાસે જેટલા પણ દર્દીઓ આવ્યા હતા તેઓ મોટાભાગે જાફરાબાદ તાલુકાના ગ્રામીણ વિસ્તારના દર્દીઓ હતા. હવે ગ્રામીણ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

### ભાવનગરમાં એક કેસ નોંધાયો

## સુરતથી જામકંડોરણા પરિવાર સાથે આવેલા કારખાનેદાર કોરોનાગ્રસ્ત

રાજકોટ

રાજકોટના જામકંડોરણાના રાયડી ગામમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. સુરતથી જામકંડોરણા પરિવાર સાથે આવેલા કારખાનેદાર યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગના અધિકારીઓમાં દોડધામ મચી ગઇ છે. ૧૩ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરમાં ૮૦ અને ગ્રામ્યમાં ૧૮ કેસ નોંધાયા છે. આથી રાજકોટ જિલ્લામાં ૯૮ કેસ નોંધાયા છે. જ્યારે ભાવનગરના જેસરમાં અમદાવાદથી આવેલા વ્યક્તિને મોડીરાત્રે કોરોના પોઝિટિવ કેસ આવ્યો છે. અમદાવાદમાં સિલાઇ કામ કરતા બાબુભાઇ ચુડાસમા (ઉ.વ.૪૯) પત્ની અને બે પુત્રો સાથે જેસરના અયાવેજ ગામે વતનમા આવ્યા હતા.

ગઇકાલે રાત્રે તેમની તબીયત વધુ લથડતા ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું સેમ્પલ લઇને પરીક્ષણ અર્થે મોકલવામાં આવતા તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પત્ની અને બંને પુત્રોને સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. અયાવેજમાં બાબુભાઇ કોના સંપર્કમાં આવ્યા હતા તેની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

### નેતાઓને ઉપર ચઢાવનાર મીડિયાને પણ હવે પોતાનો રંગ બતાવવાની જરૂર

# મીડિયાને ટાર્ગેટ કરવું ભાજપને પડ્યું ભારે, કોંગ્રેસે કહ્યું-માફી માંગે પાર્ટી પ્રમુખ અને સીએમ

રાજકોટ

અમદાવાદના પૂર્વ મનપા કમિશનર વિજય નહેરાને ટાર્ગેટ કરવા માટે ભાજપ આઇટી સેલે જોરદાર તૈયારી કરી હોવાની એક્સક્લુઝિવ માહિતી જીએસટીવીને હાથ લાગી છે. વિજય નહેરા વિરૂદ્ધના આ તમામ મેસેજની બેક તૈયાર કરી ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને આપવામાં આવી. આ તમામ મેસેજ વડે ટ્વીટર પર ટ્રેન્ડિંગ કરવાનો આદેશ અપાયો હતો. એક વ્યક્તિને ૫ મેસેજ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ વચ્ચે વિજય નહેરા મુખ્યમંત્રી રૂપાણીના નિવાસ સ્થાને પહોંચ્યા હતાં. નહેરા અને સીએમ રૂપાણી વચ્ચે બંધ બારણે બેઠક થઈ.

અમદાવાદ મહાપાલિકાના પૂર્વ કમિશનર વિજય નહેરાને ટાર્ગેટ કરીને ભાજપ દ્વારા થયેલા ટ્વિટનો કોંગ્રેસે જવાબ આપ્યો છે. તો સાથે જ મીડિયાના ટાર્ગેટ કરીને ઋત્વિજ પટેલે કરેલા ટ્વિટ પર પણ અમિત ચાવડાએ પ્રહાર કર્યા છે.તેઓએ ક્હ્યું કે મીડિયાએ સાચી વાત ઉજાગર કરી છે.અને તેને દોષ આપવો દુર્ભાગ્યપૂર્ણ છે.પોતાના દોષનો ટોપલો હવે નહેરા જેવા અધિકારીઓ પર ઢોળવામાં આવી રહ્યો છે. પાર્ટી પ્રમુખ અને સીએમએ મીડિયાની માફી માંગવી જોઈએ. અમદાવાદમાં હાલ સતત વધી રહેલા કોરોનાના કેસ અને મોતની વચ્ચે અમદાવાદના મેયર બીજલ પટેલ વસ્ત્રાપુર જીએમડીસી મેદાન પહોંચ્યા હતા જ્યાં તેમણે મેંગો ફેસ્ટિવલને ખુલ્લો મુક્યો હતો.મેયર બીજલ પટેલને મીડિયા દ્વારા પૂછવામાં આવ્યું કે અમદાવાદમાં કમિશનરને કારણે કોરોના કેસ વધ્યા? તેના જવાબમાં તેમણે કહ્યું, હું અહીં મેંગો ફેસ્ટિવલમાં ભાગ લેવા આવી છું,

કોમેન્ટ કરવા નહીં. નોંધનીય બાબત એ છે કે, ભાજપના કેટલાક નેતાઓ દ્વારા જે ફંટલાઈન વોરિયર્સ છે એમનું મનોબળ તોડવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. તે સમયે બીજલ પટેલ જે પોતે ભાજપના પણ છે તેમના દ્વારા જે પ્રકારે બીજેપી દ્વારા પૂર્વ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરા સામે કેમ્પઈન ચલાવવામાં આવી રહ્યું છે. એ અંગે કોમેન્ટ કરવા ઈક્કાર કરવામાં આવ્યો છે. એનો સીધો અર્થ એ પણ નીકળી શકે કે અમદાવાદ શહેરમાં હાલ કોરોનાના વધતા કેસ અને મોતની સાચી સ્થિતિથી લોકોનું ધ્યાન બીજે દોરવાની બીજેપી નેતાઓની રણનીતિમાં ક્યાંક મેયર બીજલ પટેલ પણ મૌન બની સમર્થન આપે છે.

## વેન્ટીલેટર ધમણ પર ધમાસાણ વચ્ચે કોંગ્રેસ નેતાઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાતે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કોરોનાનો કહેર યથાવત રહ્યો છે, ત્યારે કોરોનાની સારવાર કરતા વધુ વિવાદમાં આવેલી અમદાવાદની સિવિલ હોસ્પિટલની આજે કોંગ્રેસના નેતાઓએ મુલાકાત લીધી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભાના વિપક્ષના નેતા પરેશ ધાનાણી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને પડતી હાલાકી, હોસ્પિટલ તંત્રની બેદકારી સહિતના મુદ્દે સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી છે. અમદાવાદ સિવિલમાં રખાયેલા સ્વદેશી વેન્ટીલેટર ધમણ-૧ના મામલે પણ તેઓએ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ અને તબીબી સાથે વાતચીત કરી હતી..દર્દીઓ અપાતી સારવાર અંગે નિરીક્ષણ કર્યુ હતુ.

## રાજકોટમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા કિસાન સંઘના પ્રમુખ સહિત ૫૦ ખેડૂતોની અટકાયત

રાજકોટ

રાજકોટ કિસાન સંઘના પ્રમુખ દિલિપ સખીયા સહિત ૫૦ ખેડૂત આગેવાનોની પોલીસે અટકાયત કરી છે. ધિરાણ અને ખેડૂતોના ભાવ મુદ્દે ખેડૂત આગેવાનો રેસકોર્સ રિંગ રોડ ખાતે વિરોધ પ્રદર્શન કરવાના હતા. ખેડૂતોએ લસણ રસ્તા પર ઢોળીને વિરોધ કર્યો..અને તુરંત જ ખેડૂત આગેવાનોની અટકાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનિય છે કે, ખેતપેદાશના પૂરતા ભાવના બાબતે પાલ આંબલિયા સહિત ખેડૂત આગેવાનોએ ગત ૨૦ મેના દિવસે કલેકટર કચેરીએ રજૂઆત માટે ગયા હતા. તે દિવસે મોડી રાતે તેમની ધરપકડ કરીને માર મારવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ લાગ્યો. અને તેઓ જયારે બીજા દિવસે મામલતદાર ઓફિસે પહોંચ્યા ત્યારે તો બેભાન પણ થઈ ગયા હતા.

# પુણાની સગીરાને અપહરણ કરી ૩ મહિના શોષણ કરાયું, કાઈમ બ્રાચ સગીરાને ઘરે લાવ્યુ

સુરત

૩ મહિના પહેલાં ભેદી રીતે લાપતા થયેલી પુણાના શ્રમજીવી પરિવારની સગીરાએ અજાણ્યા નંબર પરથી પરિવારને કોલ કરી હું ફસાઈ ગઈ છું એવો કોલ કરતા અપહરણની આશંકા સાથે પોલીસ હરકતમાં આવી ગઈ હતી. પોલીસે મોબાઈલ લોકેશનના આધારે રવિવારે મોડીરાત્રે સગીરાને અંકલેશ્વરથી સગીરાને ઉગારી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં ઝાકીર નામના યુવક બળજબરી ઉપાડી જઈ અંકલેશ્વર ખાતે દેહવેપાર કરાવતો હોવાનું પીડિતાએ નિવેદન નોંધાવતા પોલીસ ચોંકી ગઈ હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે પુણા ખાતે રહેતી શ્રમજીવી પરિવારની ધો.૮માં ભણતી ૧૪ વર્ષીય સગીરા ૩ મહિના પહેલાં દાદી પાસેથી રૂપિયા ૨૦ લઈ શેમ્પુ લેવા ગઈ હતી અને ત્યારથી તેણી ગાયબ હતી. સગીરા વારંવાર માતા-પિતા સાથે ઝઘડો કરી સંબંધીઓને ત્યાં રહેવા ચાલી જતી હતી. જેથી આ વખતે પણ તેણી સંબંધીને ત્યાં ગઈ હોવાનું માની પરિવારજનોએ કોઈ ગંભીરતા દાખવી ન હતી.

દરમિયાન ચાર દિવસ પહેલાં સગીરાએ મુંબઈની મહિલાના મોબાઈલ પરથી પિતાને કોલ કર્યો હતો. સગીરાએ હું ફસાઈ ગઈ છું, જગ્યાની મને ખબર નથી, મોઢું દબાવીને મને ઊંચકી લાવ્યા છે એવું કહ્યા બાદ ફોન કટ્ટ થઈ ગયો હતો. પરિવારજનોએ પડોશીના મોબાઈલ પરથી ફરી આ નંબર કોલ કર્યો તો સામે છેડે મુંબઈની મહિલાએ અન્ય એક મોબાઈલ નંબર આપ્યો હતો. જે મોબાઈલ નંબર પર કોલ કરતા એક યુવકે કોલ રિસિવ કર્યા બાદ કટ્ટ કરી દીધો હતો. પરિવારજનોને સગીરા કોઈકની ચુંગાલમાં ફસાઈ ગયાનું લાગતા પુણા પોલીસમાં ફરિયાદ આપી હતી. પુણા પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના પિતાએ જે બે મોબાઈલ નંબર પર વાતો કરી હતી તેની કોલ ડિટેઈલ્સ મેળવવા સાથે લોકેશન ટ્રેસ કર્યા હતા.

જેમાં નવસારી અને અંકલેશ્વરના લોકેશન મળ્યા હતા. પુણા પોલીસ નવસારી તપાસાર્થે ગયા બાદ પરત ફરી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાંચની ટીમે અંકલેશ્વરમાં ધામા નાંખ્યા હતા અને મોડીરાત્રે સગીરાને શોધી કઢાઈ હતી.

# સુરત શહેરમાં કોરોનાના કુલ ૧૩૦૯ દર્દીઓ પૈકીના ૯૧૪ લોકો ડિસ્ચાર્જ

**સુરત શહેરમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૯.૮ ટકા**

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૫ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજે ૨૩ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૧૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રિકવરી રેટ ૬૯.૮ ટકા થયો છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૨૩૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૬૧૫ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૫૪ લોકો છે. ૧૪૮૭ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૫૨ લાખ ૭૩ હજાર કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યું છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૩૯ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. ૭૫ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. પાનની દુકાનો પર સોશિયલ ડિસ્ટન્સિગ જાળવવામાં આવતું નથી. આથી આવતીકાલથી સોશિયલ ડિસ્ટન્સિગનુ પાલન કડકાઈપુર્વક કરાવવામાં આવશે. મન અને શરીર બંને સ્વસ્થ હોવા અગત્યના છે. સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન બંને ખુબ જ જરૂરી છે. કોવિડ સામે લડવા માટે શરીરમાં વિટામીન ડી અને સી ખૂબ જ જરૂરી છે.

અત્યાર સુધી ૫,૫૦,૮૦૦ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના ઘરે મોકલવામાં આવ્યા હતા. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત શહેરના ૧૩૦૯ અને જિલ્લાના ૯૫ મળીને કુલ ૧૪૦૪ કેસો નોંધાયા છે.

## પૈસો મારો, સત્તા મારી; હું બહુ મોટો જ્ઞાની છું, આભ શું કે દરિયો શું ; હું ધરતીનો સ્વામી છું.



નીતિન ઠક્કર "કવિરાજ"

સમગ્ર જીવસૃષ્ટિમાં શ્રેષ્ઠ હોવાનો અને પૃથ્વી પર એકમાત્ર બુદ્ધિજીવી પ્રાણી હોવાનો અહંકાર માણસને હમેશાં જ રહ્યો છે.અને આ અહંકારમાં એ કુદરતનાં અસ્તિત્વને અવગણવાની મૂર્ખામી કરતો જ રહ્યો છે.એમાં કોઈ શંકાને સ્થાન નથી કે પોતાની આગવી કોઠાસૂઝ અને ટેકનોલોજીની મદદથી લગભગ અશક્ય લાગે એવાં ઘણાં કારનામા માણસે કર્યા છે,સગવડો અને અવનવી સુવિધાઓ ઉભી કરી પોતાનું જીવનધોરણ પણ ઘણું ઊંચું ઉઠાવ્યું છે.પરંતુ આ સફળતાનાં મદમાં એ સર્વશક્તિમાન ઈશ્વરને ભૂલવાની ભૂલ કરતો જ રહ્યો છે અને પોતે ઈશ્વરથી પણ એક કદમ આગળ હોવાની રાઈ મનમાં ભરી કહે છે કે...

*હુંકાર એવો ભરતો માણસ,*
*હું અને બસ હું જ છું;*
*બધું કરી લઉં મારી મુઠ્ઠીમાં,*
*તાત જગતનો હું જ છું.*

*પૈસો મારો,સત્તા મારી,*
*હું બહુ મોટો જ્ઞાની છું;*
*આભ શું કે દરિયો શું,*
*હું ધરતીનો સ્વામી છું.*

*હું ધારું તો વિનાશ નોતરું,*
*સર્જનહારો પણ હું જ છું;*
*સમયને નચાવું આંગળીનાં ટેરવે,*
*જગત જમાદાર બસ હું જ છું.*

કેટલી આપબડાઈ!!પોતાની આંખે અહંકારનાં એવાં તો પાટા બાંધ્યાં છે કે એ સમજવા તૈયાર જ નથી કે એનું જીવન સંપૂર્ણપણે પ્રકૃતિને આધીન છે.પતંગ આકાશમાં ઉડે છે,આમતેમ મસ્તીથી લહેરાય છે ત્યારે બહુ સુંદર લાગે છે પરંતુ એની દોરી જ્યાં સુધી એનાં માલિકનાં હાથમાં છે ત્યાં સુધી.જેવી દોરી છૂટી કે એનું અસ્તિત્વ લગભગ ખતમ.પછી એને કાંતો ફાટવાનું અને કાંતો લૂંટાવાનું.આપણી દોરી પણ ઈશ્વરનાં હાથમાં છે.જો સદભાવ અને સદાચારથી જીવીશું તો સ્થિર રહી એ દોરીસંચારકને ગમતાં રહીશું અને જીવનનાં મૂક્ત ગગનમાં આનંદથી લહેરાતાં રહીશું.આવાં જીવનપતંગને ઈશ્વર ફાટવા કે લુંટાવા ન જ દે એ ગેરંટી સહજ છે.પરંતુ ખબર નહી કઈ હવા ભરાઈ છે માણસનાં મનમાં કે એ "હું" થી આગળ કંઈ વિચારતો જ નથી.આજે એ "હું" એક નાનકડા કોરોના નામનાં વાઈરસ સામે કેટલો લાચાર છે! એની બી.એમ.ડબલ્યુ. કે ઓડી પણ ધૂળ ખાય છે.બ્રાન્ડેડ કપડાં હેન્ગરની શોભા બનીને રહી ગયાં છે.પિત્ઝા અને બર્ગરનો તો સ્વાદ પણ ભૂલી ગયો છે.કોલ્ડ્રીકનું સ્થાન ઉકાળાએ લીધું છે.ફોરેન ટૂરનાં મદમાં ફરતો માણસ આજે સોસાયટીનાં ગેટ સુધી જતાંય ડરે છે.આ માત્ર અત્યારની વાત નથી.આવી તો કેટકેટલીય ઘટનાઓ છે જ્યારે માણસ આવો જ લાચાર બનીને રહી જાય છે.પછી એ અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ,વાવાઝોડું હોય કે ધરતીકંપ,દાવાનળ હોય કે ત્સુનામી.ઈશ્વરની સામે પોતે કેટલો નિ:સહાય છે એનું ભાન એને છે જ નહી.આ "હું"ને એની મર્યાદા ખબર જ નથી.શું આ "હું" એક અન્નનાં દાણામાંથી હજાર દાણા બનાવી શકે?ભાતભાતનાં ભોજનમાંથી લાલ લોહી બનાવાનું મશીન એણે કેમ ના શોધ્યું?પાણી બનાવાની ફેક્ટરી ક્યાં છે?કેરી,સફરજન અને ચીકુનું કારખાનું ક્યાંય છે કે?આ ઉપરનાં મસ્ત આભલાની લંબાઈ પહોળાઈ માપી કે?એક નાનકડો તારો સૂર્ય,એનાં પર જવાનું આયોજન ક્યારનું છે? માનવશરીરનાં અદ્દલ એનાં જેવાં કેટલાં સ્પેરપાર્ટસ બનાવ્યાં? કોઈ ફૂલમાં ફોરમનો સંચાર કર્યો? લોહીનાં ટીપામાં કેટલાં રક્તકણો,કેટલાં શ્વેતકણો છે,એ કયાં ગ્રુપનું છે એ કહેનારો માણસ એ લોહીમાં કેટલી ખાનદાની છે એનો રીપોર્ટ આપી શક્યો? આંખમાંથી ટપકતાં આંસુમાં કેટલાં ટકા ક્ષાર અને કેટલાં ટકા પાણી છે એ જણાવતો માણસ એ આંસુનું કારણ; કે એ દુ:ખનું છે કે સુખનું એ કહી શકશે? ભલામાણસ દરિયાનાં મોજાં સાથે તણાઈ આવતી એક નાનકડી છીપ બનાવાની ઔકાત નથી અને ચાલ્યો છે જગત જમાદાર બનવા.અને છતાં તંગડી તો એની ઉંચીને ઉંચી જ.કૂવામાંનો સંકુચિત મનોવૃત્તિવાળો બુદ્ધિજીવી દેડકો! આશ્ચર્ય સાથે ઘણું દુ:ખ થાય છે જ્યારે માણસ ઈશ્વરને અવગણે છે.હાલની જ વાત લઈ લ્યો.લોકડાઉન ખૂલવાનું હતું ત્યારે બધાએ બહુ સવાલો પૂછ્યાં; સોનાચાંદીની દુકાનો ક્યારે ખુલશે?,નાસ્તા ફરસાણની દુકાનો ખુલશે કે?,પાનમસાલાના ગલ્લાનું શું? હોટલો ક્યારે ખુલવાની છે? હેરસલુન અને બ્યુટીપાર્લર માટે પણ સવાલો પૂછ્યા! પરંતુ કોઈ ઈશ્વરનાં બેલીએ એવું ના પૂછ્યું કે મારી શાંતિનાં સરનામાં સમું મારા ગામનું મંદિર ક્યારે ખુલશે? વાહ રે બુદ્ધિજીવી વાહ !

### નવસારીમાં લોકડાઉન વચ્ચે APMCએ શરૂ કર્યું કેરી બજાર

# ખેડૂતો સીધા ગ્રાહકોને કરી શકશે કેરીનું વેંચાણ

નવસારી

બદલાતા વાતાવરણમાં ફળોનો રાજા કેરીના ઉત્પાદન પર અસર થઈ હતી. અધૂરામાં પુરૂ કોરોનાના લોકડાઉનને કારણે ખેડૂતોની પડયા પર પાટૂ જેવી સ્થિતિ બની હતી. સાથે જ ખેડૂતોએ કેરી ૩૦ ટકા જ રહેવાની સંભાવના તેમજ બજાર મળવા મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. જેમાં ખેડૂતો સીધી ગ્રાહકોને કેરી વેચી શકે, એ હેતુથી વિશેષ કેરી બજાર શરૂ કરવાનો વિચાર નવસારી એપીએમસી સમક્ષ નવસારીના ધારાસભ્ય પિયુષ દેસાઈએ મુકતા, એપીએમસી તંત્રની મદદથી તેને જીવંત કર્યો છે. શહેરના રાશિ મોલ નજીક નવસારી પાલિકાના પ્લોટમાં એપીએમસીએ સોમવારથી કેરી બજાર શરૂ કર્યું છે.

નવસારી એપીએમસીએ શરૂ કર્યું કેરી બજાર, ખેડૂતો સીધા ગ્રાહકોને કેરી વહેંચી શકશેજેમાં હાલ ૧૦ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. જેમાં કેસર, હાફૂસ, લંગડો, દશેરી, ટોટાપુરી સહિત વિભિન્ન કેરીઓ સાથે ખેડૂતોએ સ્ટોલ લગાવ્યા છે. પ્રથમ દિવસે ધારાસભ્ય પિયુષ દેસાઈ સહિત પાલિકા અને ખેડૂત આગેવાનોએ કેરી બજારની મુલાકાત લઈ ખેડૂતોનો ઉત્સાહ વધાર્યો હતો. જ્યારે ખેડૂતોએ કેરી બજાર થકી, ગ્રાહકોને ખાત્રીની કેરી મળવા સાથે તેમને પોષણક્ષમ ભાવો મળવાની આશા વ્યક્ત કરી હતી. કેરી બજાર શરૂ થતા જ નવસારીના કેરી રસિયાઓ આકારા તાપમાં પણ કેરી બજારમાં કેરી લેવા ઉમટી પડયા હતા. લોકડાઉનના સમયમાં ખાત્રીની કેરી કિફાયતી ભાવે મળવાથી ગ્રાહકોમાં પણ ખુશી જોવા મળી હતી.

સાથે જ કોરોના કાળમાં હેન્ડ સેનેટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટનસિંગના પાલન સાથે કેરી બજાર શરૂ કરવા બદલ એપીએમસીના પ્રાયસની સરાહના કરી હતી. જ્યારે એપીએમસી દ્વારા ખેડૂતો સીધા ગ્રાહકોને પોતાની કેરી વેચી શકે એ માટેનો પ્રયાસ ગણાવી, માસ્ક વગર અને સોશિયલ ડિસ્ટનસિંગ ન જાળવનારને કેરી નહીં વેચવાની વાત સાથે ગ્રાહકોને કિફાયતી ભાવે કેરી મળી રહે એવી આશા વ્યક્ત કરી હતી. બદલાતા વાતાવરણ બાદ કોરોના મહામારીમાં જાહેર લોકડાઉન ખેડૂતો માટે નુકસાનકારક જ સાબિત થયું છે, ત્યારે નવસારીના જન પ્રતિનિધિઓ અને તંત્રના પ્રયાસોથી શરૂ થયેલું કેરી બજાર ખેડૂતો અને ગ્રાહકો બંને માટે લાભદાયી સાબિત થશે.

# કોરોના મહામારીમાં ગામડાના સરપંચની ભૂમિકા મહત્વપૂર્ણ

નવસારી

આજદિન સુધીમાં નવસારી જિલ્લામાં કોરોનાના કુલ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. પરંતુ કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગ ખડેપગે કાર્યરત છે. જિલ્લામાં મહાનગરોમાંથી આવતાં લોકોને હોમકોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. અને તે લોકો પર સતત દેખરેખ રાખવા ગ્રામ્ય તેમજ તાલુકા કક્ષાએ કામગીરી પણ કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લા કલેકટરશ્રી શ્રી આર્દ્રા અગ્રવાલે નવસારી જિલ્લાના સરપંચશ્રીઓને ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

જિલ્લા કલેકટરે તેમની ગામડાઓની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, હાલ કોરોનાના આ કપરા સમયમાં ગામના સરપંચ તરીકે આપની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. આપના ગામમાં જિલ્લા કે રાજ્ય બહારથી આવતા લોકોની સાથે સાથે ઘરના તમામ સભ્યોએ ફરજિયાત ૧૪ દિવસ માટે હોમ કોરેન્ટાઈન રહેવું પડશે જેની આપ સૌએ કડક અમલવારી કરાવવાની રહેશે તેમજ આવા વ્યક્તિઓનું અદ્યતન યાદી સહીતનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. સાથે જ ઘરના દરેક સભ્યોને માસ્ક, હેન્ડવોશ અને સેનિટાઈઝર અંગેની કડક સૂચના આપી તેનું અનુપાલન કરાવવાનું રહેશે. સાથોસાથ ઘરમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો, ૧૦ વર્ષથી નીચેના બાળકો, સગર્ભા બહેનો અને ગંભીર બીમારી ધરાવતા લોકોની ખાસ કાળજી લેવાની રહેશે. ઘરમાં કોઈને પણ તાવ, શરદી જેવા લક્ષણો જણાય તો આરોગ્ય કેન્દ્રને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

# લોક ડાઉનમાં ભાડુઆત પરિણીતાને ભાડા બાબતે મકાન માલિકનો ત્રાસ

સુરત

શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી પરિણીતાએ મકાન ખાલી કરવા દબાણ અને હેરાન કરી રહેલા મકાન માલિક સામે રક્ષણ મેળવવા અભયમ હેલ્પલાઈન ટીમને મદદ કરવા વિનંતી કરી હતી. જેથી ઉમરા પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાન તાત્કાલિક સ્થળ પર પહોંચી મકાન માલિક સાથે ચર્ચા કરી સમાધાન કરાવ્યું હતું.

વાત એમ છે કે, જહાંગીરપુરામાં રહેતા પુષ્પાબેનના પતિ કોઈ ગુનાસર કાચા કામના કેદી હેઠળ જેલમાં છે. જેથી તેઓની આર્થિક પરિસ્થિતિ ખુબ ખરાબ હોવાથી બાળકોનું કેવી રીતે ભરણ પોષણ કરવું તે પણ સમસ્યા છે. આવી કઠિન પરિસ્થિતિ વચ્ચે ઘણી વખત પરિણીતા અને તેના બાળકો ભૂખ્યા રહે છે. ઉપરાંત, હાલમાં ચાલી રહેલા કોરોના મહામારી અને લોકડાઉન કટોકટીના સમયમાં બહારનું કામ બંધ હોવાથી તેણી નાનુંમોટું કામ કરી ઘરની જવાબદારી પુરી કરતી રહી હતી. જેથી, આવા સંજોગોમાં તે પોતાના મકાનનું ભાડું ન ચૂકવી શકી ન હતી. પુષ્પાબહેને અભયમને જણાવ્યું હતું કે, મકાન માલિક ભાડું ચુકવવા અને ઘર ખાલી કરવા દબાણ કરે છે. જેથી મેં તેમને કામ શરૂ થાય પછી ભાડાની રકમ ચૂકવી આપવા જણાવ્યું હતું. પરંતુ મકાનમાલિક અને તેના પરિવાર મને મારવા આવી અત્યારે જ મકાન ખાલી કરો નહિતર સામાન સાથે અમને ફેંકી દેશે એવી ધમકી આપે છે. આ મુશ્કેલીભરી પરિસ્થિતિમાં અન્ય કોઈ ઉપાય ન રહેતા પરિણીતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મદદ માંગી હતી.

મહિલા માટે સર્જાયેલી આ વિકટ સ્થિતિનું નિરાકરણ લાવવા અભયમ ટીમ મકાન માલિકને મળી હતી. અને તેઓને હાલની મહામારી અને પુષ્પાબેનને આ કફોડી હાલતમાં માનવતાના ધોરણે મકાનભાડા માટે થોડો સમય વધારે આપવા સમજાવ્યું હતું. જેથી મકાનમાલિક માની જતા સમગ્ર વાત શાંત પડી હતી. આ ઉપરાંત, શહેરમાં જરૂરતમંદ પરિવારને ભોજન મળી રહે એ માટે કોઈ સેવાભાવી સંસ્થા દ્વારા સુવિધા આપવામાં આવે છે તેની માહિતી પરિણીતાને આપી હતી. પોતાના પરિવારને મુશ્કેલભરી પરિસ્થિતિમાંથી ઉગારવા અને રાહત પહોચાડવા બદલ પુષ્પાબહેને અભયમ ટીમનો ખુબ આભાર માન્યો હતો.

# આર્યુવેદ-હોમિયોપેથી દવા સેવનથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે

નવસારી

કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને નાગરિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથી દવાઓનું સેવન રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. તેની સમજ આપવા માટે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા આયુર્વેદ અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે જિલ્લા - તાલુકાના આરોગ્યતંત્રના કર્મયોગીઓ, ફિમેલ હેલ્થ વર્કર, આશાવર્કર બહેનોની સાથે સરપંચશ્રીઓ, પ્રાથમિક શિક્ષકો અને સ્વયંસેવકો સાચા અર્થમાં કોરોના વોરિયર્સ બનીને પોતાની ફરજ અદા કરી રહ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મીઓની ટીમ જે તે ગામોમાં રોજેરોજ ડોર ટુ ડોર સર્વેની કામગીરી ઉપરાંત નાગરિકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને કોરોના વાયરસ સામે સુરક્ષિત કરવા માટે ગામની મુલાકાતે પહોંચી જાય છે. આયુર્વેદિક ઉકાળા, સમસમ વટી, આર્સેનિક આલ્બમ, વિટામિન સીની ગોળીઓનું વિતરણ કરી નાગરિકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

# સુરતમાં ખાસ અભિયાન અંતર્ગત મળ્યા કોરોનાના ૭૩ સુપર સ્પ્રેડર



સુરત

પાલિકા દ્વારા ખાસ ઝુંબેશ ચલાવી સુપર સુપર સ્પ્રેડરને શોધીને ટેસ્ટ કરી ચેપને અટકાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. સુરતમાં લોકો શાકભાજી, ફ્રુટ, કરિયાણા, હેર સલૂન અને ડેરીવાળા અનેક લોકોના સંપર્કમાં આવતા હોવાથી તેમના દ્વારા મોટા પ્રમાણમાં કોરોના ફેલાઈ શકે છે. અત્યાર સુધીમાં પાલિકા દ્વારા ૧૧૭૫ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૭૩ જેટલા સુપર સ્પ્રેડર મળી આવ્યા છે. અમદાવાદમાં સુપર સ્પ્રેડરની સંખ્યામાં ખૂબ જ વધુ છે. જ્યારે સુરતમાં ૭૩ જ મળતા હાલ પાલિકાને થોડી રાહત થઈ છે. પાલિકા દ્વારા રેન્ડમલી ચેકિંગ કર્યું હતું. જેમાંથી શાકભાજી-ફ્રુટના વેચાણ કરતા ૫૫૦ લોકોનો ટેસ્ટ કર્યો હતો.

જેમાંથી ૪૩ લોકો પોઝિટિવ મળ્યા હતા. જ્યારે ડેરીના સંચાલકો ૧૧ અને કરિયાણાની દુકાન ધરાવતા ૧૮ અને હેર સૂલન ચલાવતા એક મળી કુલ ૭૩ લોકો સુપર સ્પ્રેડર મળી આવ્યા છે. આ તમામની સારવાર પાલિકા દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. હાલ શાકભાજી, ફ્રુટ, કરિયાણા અને ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા સુપર સ્પ્રેડર બન્યા છે. જોકે, લોકડાઉન હળવું થતા પાન-માવા, વાળંદની દુકાન ધરાવતા લોકો પણ સુપર સ્પ્રેડર બનવાની શક્યતાને લઈને તઓના પણ સેમ્પલ લેવાની તૈયારીઓ કરવામાં આવી છે.

ગત રોજ નોંધાયેલા વધુ કેસમાં વરાછા માતાવાડી કમલપાર્ક ખાતે રહેતા અભય ભગીરથભાઈ બહેરા (ઉ.વ.૫૦) શાકભાજીનો ધંધો કરે છે. તેમનો ભાઈ કરિયાણાની દુકાન ચલાવે છે તેઓ ત્યાં પણ બેસતા હતા. દરમિયાન તેમને શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી હતી. સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત લિંબાયત ગોડાદરા સફીરે રેસીડેન્સીમાં રહેતા વૈભવ અરૂણ મહાલે (ઉ.વ.૩૩) પર્વત પાટીયા ખાતે હેર સલૂન ચલાવે છે. સોમવારે તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

# સુરતમાં પોઝિટિવ કેસનો આંક ૧૪૦૬ પર પહોંચ્યો, મૃત્યુઆંક ૬૩ અને ૯૭૨ દર્દી રિકવર થયા

**કલેક્ટર કચેરીના ક્લાર્ક, બેંક મેનેજર, પાલિકાનો ડ્રાઈવર સંક્રમીત થયા : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ કોરોનાના કેસનો વધારો થઈ રહ્યો છે**

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૪૦૬ થઈ ગઈ છે. આ સાથે શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૬૩ પર પહોંચી ગયો છે. ગત રોજ શહેરમાં ૨૩ અને જિલ્લામાં ૩ દર્દીઓ સહિત વધુ ૨૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં ૯૭૨ દર્દીઓ રિકવર થયા છે. સોમવારે નોંધાયેલા પોઝિટિવ કેસોમાં બેંક મેનેજર, જિલ્લા સેવાસદનની ક્લાર્ક, પાલિકાનો ડ્રાઈવર, કેબલ ઓપરેટર તેમજ શાકભાજી વિક્રેતા, ડેરી સંચાલક અને વાળંદનો પણ સમાવેશ થયો છે.

પાલનપુર પાટીયા તિરૂપતિ બાલાજી સોસાયટી ખાતે રહેતા સુરભિબેન અજયકુમાર મોદી (ઉ.વ.૨૬) કલેક્ટર પીઆરઓ વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે. તેઓ હાલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોકડાઉનમાં ઓનલાઈન મંજુરી અંગેની કામગીરી કરતા હતા. બે દિવસ પહેલા જિલ્લા સેવા સદનમાં રેવન્યુ ક્લાર્ક શીલાબેનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો સુરભીબેન તેમના સંપર્કમાં આવ્યા હોવાથી તેમના સેમ્પલ લેવાયા હતા અને સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે ઘોડદોડ રોડ ખાતે આવેલી એક્સીસ બેંકના ડેપ્યુટી મેનેજર વિકાસ દિનેશ મંડલ (ઉ.વ.૩૨)ને પણ કોરોનાની અસર થતા સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે રૂસ્તમપુરા મોમનાવાડ ખાતે રહેતા નૌશાદ ગુલામ જરીવાલા (ઉ.વ.૨૭) પાલિકામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. કોરોનાના લક્ષણો બાદ તેમના સેમ્પલ લઈ તપાસ કરતા તેમનો રિપોર્ટ પો?ઝિટીવ આવ્યો છે.

વરાછા માતાવાડી કમલપાર્ક ખાતે રહેતા અભય ભગીરથભાઈ બહેરા (ઉ.વ.૫૦) શાકભાજીનો ધંધો કરે છે. તેમનો ભાઈ કરિયાણાની દુકાન ચલાવે છે તેઓ ત્યાં પણ બેસતા હતા. દરમિયાન તેમને શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી હતી. સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે સલાબતપુરા જુના માછીવાડ ખાતે રહેતા રાજેન્દ્ર હિતેન્દ્ર જરીવાલા (ઉ.વ.૪૦) ખટોદરા વિસ્તારમાં કેબલ ઓપરેટર છે. તેમને પણ કોરોનાના લક્ષણો બાદ સોમવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત લિંબાયત ગોડાદરા સફીરે રેસીડેન્સીમાં રહેતા વૈભવ અરૂણ મહાલે (ઉ.વ.૩૩) પર્વત પાટીયા ખાતે હેર સલૂન ચલાવે છે. સોમવારે તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વરાછા હંસકૃપા એપાર્ટમેન્ટમાં રહેતો અજય રમેશભાઈ (ઉ.વ.૨૦) વલસાડ ખાતે એન્જિનિયરીગનો અભ્યાસ કરે છે. પાડોશમાં રહેતા એન્જિનિયરીંગના વિદ્યાર્થી અને કોરોના પોઝિટિવ દર્દી તુષાર રાઠોડના સંપર્કમાં આવ્યો હોવાથી તેમજ કોરોનાના શંકાસ્પદ લક્ષણ દેખાતા તેના સેમ્પલ લેવાયા હતા. સોમવારે તેનો રિપોર્ટ પણ પોઝિટીવ આવ્યો હતો. તેમજ મુગલસરાઇ રોડ પર આવેલા ચિંતામણિ દેરાસર સામે પાર્શ્વનાથ એપાર્ટમેન્ટમાં રહેતા હસમુખ મણિલાલ બગડીયા (ઉ.વ.૬૯) ફાયનાન્સની ઓફિસમાં કામ કરે છે. કોરોનાના શંકાસ્પદ લક્ષણો બાદ તેમના સેમ્પલ લઈ તપાસ કરતા તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

પોલીસ દ્વારા આરોપીની ધરપકડ બાદ જેલ હવાલે કરવા પહેલા કોરોનાની તપાસ કરવામાં આવે છે. સોમવારે આવી તપાસ દરમિયાન પોલીસે જુદા જુદા ગુનામાં પકડેલા બે આરોપીઓનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. ક્રાઈમ બ્રાંચે અડાજણ આનંદ મહેલ રોડ પરથી દારૂના જથ્થા સાથે ઝડપી પાડેલા અને ગોપીપુરા મોમનાવાડ ખાતે રહેતા અલાઉદ્દીન ઈબ્રાહીમ શેખ(ઉ.વ.૫૦) તેમજ કતારગામ પોલીસે મારામારીના ગુનામાં ઝડપી પાડેલા કતારગામ શાંતીનગર ઝુપડ પટ્ટી ખાતે રહેતા સંગ્રામ મંગલ પરીડા(ઉ.વ.૨૭)ને જેલ હવાલે કરતા પહેલા તેમની કોરોનાની તપાસ કરવામાં આવી હતી. જેમાં આ બન્નેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

# નવસારીમાં ૯૦ હજારની લાંચ લેતા મામલતદાર, સર્કલ ઓફિસર, ના.મામલતદાર કલાર્ક ACBના છટકામાં ઝડપાયાં

**• પકડાયેલા ચારેય આરોપીઓએ અગાઉ ૨૦ હજાર લીધા બાદ ૯૦ હજાર લેતા એસીબીના હાથે ઝડપાયા હતાં.**

**• માટી ખનન અંગેની પરમીટ અને ટ્રકના બદલામાં લાંચ મંગાઈ હતી : ૨૦ હજાર આપ્યા બાદ બાકીના રૂપિયા લેતા આરોપી ઝડપાયા**



ડાયમંડની બાજુમાં, સીધી કેમ્પ રોડ, નવસારી

(૩) સંજય ઈશ્વરભાઇ દેસાઈ, નાયબ મામલદાર, મહેસુલ વર્ગ- ૩,રહે. સી/૪૦૨, સુરભી કોમ્પલેક્ષ, પરમેશ ડાયમંડની બાજુમાં, સીધી કેમ્પ રોડ, નવસારી

(૪) કપિલ રસીકભાઇ જેઠવા, કલાર્ક, નવસારી ગ્રામ્ય મામલતદારની કચેરી નવસારી વર્ગ- ૩,રહે. એ/૫, મહાવીર રો હાઉસ, હનીપાર્ક રોડ, અડાજણ સુરત

(૩)સંજય ઈશ્વરભાઇ દેસાઈ, નાયબ મામલદાર, મહેસુલ વર્ગ- ૩ નાઓને ફરીયાદીએ રૂ.૨૦,૦૦૦ લાંચ પેટે આપેલા અને બાકીના રૂ. ૯૦,૦૦૦ આપવાના બાકી હોય, અને આરોપી નં (૧), (૨) અને (૩) નાઓ એકબીજાની મેળાપીપણામાં રૂ. ૯૦,૦૦૦ લાંચ પેટે માંગણી કરતા હતા .

નવસારી

લોકડાઉનના સમયમાં પણ લાંચ લેવાનું અટક્યું નથી. નવસારી ગ્રામ્ય મામલતદારની કચેરી ખાતે ૯૦ હજારની લાંચ લેતા ચાર આરોપી ઝડપાયાં છે. માટી ખનન અંગેની પરમીટ મેળવી છૂટક માટી વેચાણ કરવાનો ધંધો કરતાં હોય અને માટીના ટ્રકો રોયલ્ટી પાસ હોવા છતા જમા કર્યા હતાં. તે ટ્રકો છોડાવવા માટે ફરિયાદી પાસેથી અગાઉ ૨૦ હજાર લેવામાં આવ્યા હતાં. કુલ ૧,૧૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યાં હતાં. બાકીના ૯૦ હજાર ફરિયાદી આજે આપતી વખતે એસીબીની છટકામાં આરોપી ઝડપાઈ ગયાં હતાં. હાલ એસીબીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(૧) યશપાલ પ્રકાશદાન ગઢવી, મામલતદાર,વર્ગ- ૨ ,નવસારી ગ્રામ્ય, રહે. મામલતદાર ક્વાર્ટર, સહયોગ સોસાયટી, લુન્સીકુઇ રોડ, નવસારી

(૨) શૈલેષભાઈ એ. રબારી, સર્કલ ઓફિસર, વર્ગ- ૩ ,રહે. બી/૪૦૩, સુરભી કોમ્પલેક્ષ, પરમેશ

ફરીયાદીએ માટી ખનન અંગેની પરમીટ મેળવી છુટક માટી વેચાણ કરવાનો ધંધો કરતા હોય અને માટીના ટ્રકો રોયલ્ટી પાસ હોવા છતા જમા કરેલ હતા તે ટ્રકો છોડાવા માટે ફરીયાદી આ કામના આરોપી નં. (૧)યશપાલ પ્રકાશદાન ગઢવી, મામલતદાર,વર્ગ- ૨ ને મળતા તેઓએ આરોપી નં. (૨) શૈલેષભાઇ એ. રબારી, સર્કલ ઓફિસર, વર્ગ- ૩ને મળી વ્યવહારની લેવડદેવડ કરી લેવા જણાવતા ફરીયાદી આરોપી નં. (૨)શૈલેષભાઇ એ. રબારી, સર્કલ ઓફિસર, વર્ગ- ૩ને મળતા તેઓએ આ કામે રૂ.૧,૧૦,૦૦૦ ની લાંચની માંગણી કરેલ અને જે-તે વખતે આરોપી નં. (૨)શૈલેષભાઇ એ. રબારી, સર્કલ ઓફિસર, વર્ગ- ૩ના કહેવાથી આરોપી નં. (૩)સંજય ઇશ્વરભાઇ દેસાઇ, નાયબ મામલદાર, મહેસુલ વર્ગ- ૩ નાઓને ફરીયાદીએ રૂ.૨૦,૦૦૦ લાંચ પેટે આપેલા અને બાકીના રૂ. ૯૦,૦૦૦ આપવાના બાકી હોય, અને આરોપી નં (૧), (૨) અને (૩) નાઓ એકબીજાની મેળાપીપણામાં રૂ. ૯૦,૦૦૦ લાંચ પેટે માંગણી કરતા હતા.

લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય, ફરીયાદીએ નવસારી એ.સી.બી. નો સંપર્ક કરી ફરીયાદ આપતા જે આધારે આજરોજ લાંચના છટકાનું આયોજન કરતા છટકા દરમ્યાન આ કામના આરોપી નં. (૧) નાએ ફરીયાદીને લાંચની રકમ આરોપી નં. (૨) નાઓને આપવા જણાવતા ફરીયાદી આરોપી નં. (૨) નાઓને મળતા આરોપી (૨) નાએ ફરીયાદી સાથે રૂબરૂ વાતચીત કરી લાંચની રકમની માંગણી કરી અને તે લાંચની રકમ રૂ. ૯૦,૦૦૦ આરોપી નં.(૩) ને આપવા જણાવી આરોપી નં. (૩) નાઓએ લાંચની રકમ સ્વીકારી આ લાંચની રકમ આરોપી નં. (૪) ને આપી એકબીજાની મદદગારી કરી પકડાઈ ગયાં હતાં. હાલ એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

**કોરોના ને પગલે સુરત સ્મીમેર કોવિડ હોસ્પિટલમાં સુરતીઓએ આપ્યું દાન**

# સ્મીમેરના મલ્ટીલેવલ પાર્કિંગમાં કોવિડ હોસ્પિટલ તૈયાર કરાઈ છે



સુરત

કોરોનાની આફતને પગલે આગોતરા આયોજનના ભાગ રૂપે માત્ર બાર દિવસમાં જ સ્મીમેરના મલ્ટીલેવલ પાર્કિંગમાં આઇસોલેશન વોર્ડ સાથે ૫૪૩ બેડની કોવિડ હોસ્પીટલ ઉભી કરી દીધી છે. આ તૈયારીને પગલે આફતનો અણસાર આવતા સુરતીઓએ જાતે જ આ સુવિધામાં ભાગીદાર બનીને વિવિધ ચીજોના દાનનો ધોધ વહાવી દીધો છે. સરકાર તરફથી સુવિધા અપાય તે પહેલા સુરતીઓએ સ્મીમેર હોસ્પિટલમાં તૈયાર થયેલી કોવિડ હોસ્પિટલ માટે ૫૦ એ.સી., ૧૫ ફ્રીજ, પાંચ ટીવી, ૨૫ વોટર પ્યુરીફાઇ, ત્રણ હજાર જેટલી ચાદર, ૨૫૦ પીલો કવર સહિત હોસ્પિટલના સાધનોનો ખડકલો કરી દીધો છે.

તો અન્ય એક સુરતીએ સમરસ હોસ્ટેલમાં કોવિડના દર્દીઓને રાખવામાં આવે છે ત્યાં પાણીની બોટલોની સુવિધા આપી છે. કોવિડના વાઈરસને મારવા માટે રસ્તા પર અને અનેક જગ્યાએ સોડિયમ હાઈપોક્લોરાઈડનો છંટકાવ થાય છે તે માટે બે કંપનીએ ૨૦૦ ટન સોડિયમ હાઈપોક્લોરાઈડનું દાન આપ્યું છે. દવાના છંટકાવ માટે પીવીસી સુટ અને કોરોના વોરિયર્સ માટે પીપીઈ કીટ પણ દાનમાં અપાઈ છે. હાલ સૌથી વધુ જરૂર છે તેવા માસ્ક માટે પાલિકા તંત્રએ હાંકલ કરતા પચ્ચીસથી માંડીને મોટી સંખ્યામાં માસ્કનું દાન અપાય રહ્યું છે. અત્યાર સુધી પાંચ લાખ જેટલા માસ્ક, પાંચ લાખ માસ્કનું મટીરીયલ્સ, માસ્ક માટે ઈલાસ્ટીકનો જથ્થો પણ પાલિકાને દાનમાં મળ્યો છે. તો કેટલાક લોકો સેનેટાઈઝરનું દાન પણ કરી રહ્યાં છે. કોરોના સામેની લડતમાં આ રીતે સુરતીઓ પણ મક્કમ રીતે જોડાઈ ગયા છે. પાલિકા તંત્રએ કોરોનાથી બચવા માટે સ્લમ વિસ્તારમાં મોટા પાયે હેન્ડવોશનું અભિયાન શરૂ કર્યું છે. જેમાં કેટલાક કેટરર્સ અને અન્ય લોકોએ ફુટ ઓપરેટેડ વોશ બેઝીન દાનમાં આપ્યા છે. તો કેટલીક સંસ્થા અને દાતાઓ દ્વારા ૫૦ હજાર સાબુ દાનમાં આપ્યા છે.

# સુરતમાં રાત્રી સમયે બહાનાબાજી કરી બહાર નિકળેલા ૬ની ધરપકડ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૬૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૮૪ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫.૧૫૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૬,૯૨૪ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

# નવસારીમાં મોટી સંખ્યામાં લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી

નવસારી

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સાથે સામૂહિક યુદ્ધ માટે હું પણ કોરોના વોરિયર અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન અંતર્ગત પ્રત્યેક ગુજરાતી બનશે કોરોના વોરિયર અને હું હંમેશા માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળીશ, હું મારા પરિવારના વડીલો અને બાળકો ઘરમાં જ રહે તે સુનિશ્ચિત કરીશ. હું દો ગજ દૂરી, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીશ. એમ ત્રણ સંકલ્પ લઈ સંકલ્પ બદ્ધ થશે.

આ અભિયાનમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આરોગ્ય સેતુ એપ કોરોના સંબંધિત (ઝૅફેંદ્ધ-૧૯) ના સંક્રમણને લગતા જોખમો અને તેનું સચોટ વિવરણ તમારા લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી તમે કોઈ કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ તેની તમામ માહિતી આરોગ્ય સેતુ એપમાં આપવામાં આવી છે.

આ આરોગ્ય સેતુ એપ જિલ્લાના વધુને વધુ લોકો ડાઉનલોડ કરે તે માટે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકે અપીલ કરી હતી. જિલ્લાના નાગરિકો આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરે તે માટે પ્રચાર-પ્રસાર કરવા જનજાગૃતિ કેળવવા અને સમજ આપવા અંગે પણ અપીલ કરી હતી.

આ અપીલને અનુલક્ષીને જિલ્લાના આરોગ્ય કર્મીઓ દ્વારા જિલ્લાના ગામે ગામ આયુર્વેદિક ઉકાળા, સમસમ વટી, વિટામીન - સી, આર્સેનિક આલ્બમની દવાઓના વિતરણ તેમજ સર્વેલન્સની કામગીરી દરમિયાન નાગરિકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની સમજ આપવાની સાથે ડાઉનલોડ કરાવવામાં આવી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૩ હજારથી વધુ નાગરિકો આ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી ચૂકયા છે

# નવસારી નગર પાલિકાના ઠાકોરવાડીમાં કોરોનાને પોઝીટીવ: અવર જવર થશે નહીં

સુરત

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી જિલ્લાના નવસારી નગરપાલિકા વિસ્તારના ઠાકોરવાડી ખાતે એક કોરોનો પોઝીટીવ કેસ નોંધાયો છે

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નગરપાલિકા વિસ્તારના ઠાકોરવાડીનો વિસ્તાર કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરિયામાં ઉત્તરે સયાજીરોડ (રેલ્વે સ્ટેશન રોડ) ઉપર ફાઈનલ પ્લોટ નં.૧૨૪ના કમ્પાઉન્ડ વિસ્તારથી શરૂ કરી, દક્ષિણે ઠાકોરવાડીને અડીને ફાઈનલ પ્લોટ નં.૧૨૪ના પાછળના કમ્પાઉન્ડની હદ સુધી, પૂર્વે ઠાકોરવાડી રોડ ઉપર ફાઈનલ પ્લોટ નં.૧૨૪ની ફેન્સીગ કરેલા કમ્પાઉન્ડની હદથી શરૂ કરી, પશ્ચિમે ફાઈનલ પ્લોટ નં.૧૨૪ને લાગુ પડતો કમ્પાઉન્ડ દિવાલને અડીને ગીતાંજલિ સોસાયટીના એપરોચ રોડ સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરીયામાં નગરપાલિકા વિસ્તારના ઠાકોરવાડીના આ વિસ્તારના તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ તંતર દવારા હોમ ડીલેવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે. આ જાહેરનામાનો અમલમાં તા.૦૮/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# નવસારી પોલીસ દ્વારા વધુ ૧૧૦ વાહનો જમ્પ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૨૪ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૬૭ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૧૬ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૧૦ વાહનો ડીટેઈન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તા.૨૪ મે સુધીમાં કુલ ૧૦૮૬૦ એફઆઈઆર તેમજ કુલ ૧૨૧૫૧ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

# તાપમાનનો પારો ૪૧ ડીગ્રી ઉપર પહોંચી જતા ગરમીથી લોકો ત્રાહિમામ

સુરત

દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારાનો અનુભવાઇ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી ગરમ પવન ફૂંકાઇ રહ્યો છે. ગત રોજની સરખામણીમાં આજે સાંજ સુધી ગરમીનો પારો યથાવત રહે તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૪૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૭.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૦ % અને હવાનું દબાણ ૧,૦૦૮.૨ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઇ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો વધી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ ક્રમશ: ગરમીમાં વધારો નોંધાશે. આજે મંગળવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઇ છે.

# દેડીયાપાડા CPI સાથે BTP નાં આગેવાન ચૈતર વસાવાની ચકમક નો વિડિઓ વાયરલ થતા ભારે કુતુહલ



**સોશિયલ મીડિયામાં વિડિઓ વાઇરલ થતાં પોલીસ તંત્ર તેમજ રાજકીય ક્ષેત્રે આ બનાવે ભારે ચર્ચા ઉપજાવી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના મહામારી વચ્ચે હાલ સમગ્ર દેશમાં અને ગુજરાતમાં લોકડાઉન ચાલુ છે જેમાં નિયમોનાં કડક પાલન સાથે દિવસ દરમિયાન લોકડાઉનમાં કેટલીક છૂટ છાટ અપાઈ છે.નર્મદા જિલ્લાના દરેક તાલુકા માં પોલીસ દ્વારા કડક ચેકીંગ થઈ રહ્યું હોય જેમાં દેડિયાપાડા તાલુકા માં પણ પોલીસ વાહન સહિતનું ચેકિંગ કરતી હોય એવાં દરમિયાન ડેડિયાપાડાનાં CPI ચૌધરી સાથે BTP નાં કાર્યકર અને તેમના સહયોગી દ્વારા ગેરવર્તણૂંક કરતો એક વીડિયો સોશિયલ મીડિયા માં વાયરલ થતા પોલીસ બેડામાં આ બાબતે ચકચાર મચી ગઈ છે.

નર્મદા જિલ્લા BTP આગેવાન ચૈતર વસાવાએ આ વાયરલ વીડિયો વિશે જણાવ્યું કે,લોકડાઉન દરમિયાન પોલીસ મોઝદા રોડ પર કાચો માલ લઈ જતા લોકોની ગાડીઓને રોકતી હતી. એમની પાસે જરૂરી દસ્તાવેજો હોવા છતાં પોલીસ એમની પાસે પૈસા માંગતી હતી. આ બાબતની ફરિયાદ મને મળતા હું ત્યાં ગયો હતો. જ્યાં મે જોયું કે, જે પૈસા આપે એની ગાડી જવા દે અને જે પૈસા ના આપે એની ગાડી ડોક્યુમેન્ટ હોવા છતાં પોલીસ રોકતી હતી. માટે ડેડિયાપાડા CPI ચૌધરી સાથે મારે આ બાબતે થોડીક રકઝક પણ થઈ હતી.જો કે અંતે પોલીસે ગાડીઓ જવા દીધી હતી અને સમાધાન થતા અમે ત્યાંથી નીકળી ગયા હતાં.

બીજી બાજુ ડેડિયાપાડા CPI ચૌધરીએ જણાવ્યું કે, અમે રમઝાન ઈદનાં બંદોબસ્ત દરમિયાન લોકડાઉન નાં અમલ માટે જેની પાસે જરૂરી ડોક્યુમેન્ટ ના હોય એમની ગાડીઓ રોકતા હતાં. અમુક લોકો પાસે ફોરવ્હીલ નું લાઈસન્સ હતું અને હેવી મોટર વ્હિકલનું લાઈસન્સ ન હતું. જેથી આવી ગાડીઓને અમે ડિટેઈન કરી તો ચૈતર વસાવાએ મને કહ્યું કે કેમ ગાડી ડિટેઈન કરી, અમે ગાડીઓ વાળા પાસેથી પૈસા લઈએ છે એ ઉપજાવી કાઢેલી વાત છે,પોલીસને દબાવવા અને ખોટા પાડવાના પ્રયાસ છે.

હવે આ મામલો સોશીયલ મિડીયામા વાયરલ થઈ રહયો છે ત્યારે નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકરસિહ દ્વારા આ બાબતે શુ પગલાં લેવામાં આવે છે એ બાબતે હાલ પોલીસ વિભાગ માં ભારે ચર્ચા જગાવી છે.

# કડોદરામાં ઘરમાં ઘુસી યુવક દ્વારા કિશોરી પર બળાત્કાર

**યુવકે કિશોરી સામે જ આપઘાત કરી લેવાની કોશિશ કરી**

સુરત

પલસાણાના કડોદરા વિસ્તારમાં યુવકે ઘરમાં ઘુસી કિશોરી ઉપર બળાત્કાર ગુજારી આ બાબતે કોઈને કહેશે તો તેણીને ગળે ફાંસો આપી મારી નાંખવાની ધમકી આપી પોતે આરોપી યુવકે જાતે ગળે ફાંસો ખાવાની કોશિશ કરતા કિશોરીએ બુમાબુમ કરી મુકતા લોકો દોડી આવ્યા હતા.

કડોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરાના કિષ્ણાનગરમાં રહેતો સુરેશ ઉર્ફે રાજેન્દ્ર વિશ્વકર્મા મહોલ્લામાં રહેતી ૧૨ વર્ષીય કિશોરીને ઘરમાં એકલી જોઈ ઘુસી જઈ કિશોરીની મરજી વિરૂદ્ધ શારીરિક અડપલા કરી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ આ બાબતે કોઈને કહશેતો તેણીને ફાંસી આપીને મારી નાંખી પોતે પણ ગળે ફાંસો ખાઈ લેવાની ધમકી આપી હતી. તેમજ તેણીની મમ્મીની સાડી લઈ આરોપી સુરેશ ઉર્ફે સન્નીએ ગળે ફાંસો ખાવાની કોશિશ કરતા કિશોરીએ ઘરનો દરવાજો ખોલી બુમાબુમ કરી મુકી હતી. જેથી આજુબાજુના લોકો દોડી આવતા આરોપી ભાગી છુટ્યો હતો. બનાવ સંદર્ભે પીડિતાના પિતાએ કડોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોસ્કો એક્ટ અન્વયે ગુનો દર્જ કર્યો હતો.

# તિલકવાડાના વજેરીયા ગામની ૨૨ વર્ષીય યુવતી ગુમ થતાં અનેક તર્ક વિતર્ક : યુવતી અચાનક ગુમ થવાનું રહસ્ય અકબંધ

**યુવતીના પિતા એ પોતાની દીકરી બે દિવસ સુધી ઘરે પરત ન ફરતાં તિલકવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકા ના વજેરીયા ગામ થી એક પુખ્ત વયની યુવતી પોતાના ઘરે થી બે દિવસ થી ગુમ હોય પરિવાર જનોની શોધખોળ ને અંતે પણ તેની કોઈજ ભાળ ન મળતા પિતા એ તિલકવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડા તાલુકા ના વજેરીયા ગામમાં રહેતા બંસીલાલ રતિલાલ તડવી ની દીકરી બિંદીયા તા ૨૪ મી ના રોજ પોતાના ઘરે થી બપોર ના સમયે ઘરના કોઇ પણ સભ્ય ને જાણ કર્યા વિના અચાનક જ કયાંક ગુમ થઇ હતી, પરિવાર જનોને તેના ગુમ થયાની જાણ થતા તેણીની ગામ સહિત આસપાસ સગાં સબંધી ઓમા તેની શોધખોળ શરૂ કરી હતી.પરંતુ યુવતી ક્યાંયે મળી ન આવતા આખરે યુવતી ના પિતા એ તિલકવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.ગુમ થનાર યુવતી એ શરીરે લાલ રંગનો પંજાબી ડ્રેસ, કાળા કલરની ઓઢણી, કાળા કલરની લેધી પહેરેલી છે, યુવતી ની ઊંચાઈ સાડા ચાર ફુટ જેટલી હોવાનું જાણવા મળ્યું છે.

આમ અચાનક આ યુવતી ગુમ થતા વજેરીયા ગામ માં અનેક તર્કવિતર્ક વહેતા થયા હતા. યુવતી નું અપહરણ થયું હશે..? તેણે કોઈક કારણોસર અજુગતું પગલું ભર્યું હશે..? હાલ ગામમાં અનેક ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે પોલીસે આ મામલે હાલ જાણવા જોગ ફરિયાદ નોંધી શોધખોળ ચાલું કરી છે.

# લોકડાઉનમાં છૂટછાટ મળતા બેદરકાર લોકો સોશિયલ ડિસ્ટન્સ ભૂલી ગયા

**'દો ગજ કી દૂરી'ના ફરમાનની અવગણના સુરત માટે ઘાતક સાબિત થઈ શકે**

સુરત

દો ગજ કી દૂરી, સોશિયલ ડિસ્ટન્સિંગના ફરમાનો સુરત શહેરમાં માત્ર કાગળ ઉપર જ રહી ગયા છે. કોરોના વાયરસની મહામારીમાં સરકારે લોકડાઉન લાદ્યા બાદ આ મહામારીથી બચવા માટે એકબીજાથી દૂરી બનાવી રાખવા સહિત સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્ત પાલન કરવાની માર્ગદર્શિકા જારી કકરી હતી. ચોથા લોકડાઉનમાં અપાયેલી છૂટછાટો સાથે પણ નિયમોનું અચૂક પાલન કરવાનું છે. પરંતુ લોકડાઉન-૪માં જેવી છૂટછાટો મળી એવી લોકો કોરોના વાયરસની મહામારી ભૂલી જઈ આજે પણ સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવી રહ્યા છે.

લોકડાઉનમાં સરકારી માર્ગદર્શિકાના થોકબંધ વીડિયો મેસેજો ફોરવર્ડ કરનારા સુરતીજનોની છુટછાટમાં રાબેતા મુજબનું જ વર્તન જોવા મળ્યું છે. ઠેર ઠેર લોકો ટોળુ વળીને ઉભા રહે છે. શાકભાજીની ખરીદી હોય કે દુકાનો ઉપરની ખરીદી હોય, ક્યાંય સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવામાં આવતું નથી. દુકાનદારો બુમો પાડે છે, પરંતુ એક વ્યક્તિ સરખો થાય તો બીજો ગ્રાહક આવીને સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવી દે છે. આ સિનારિયા સુરત શહેરના સમગ્ર છુટછાટવાળા વિસ્તારોમાં નજરે પડે છે. સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન નહીં કરનારા સામે એપેડેમિક એક્ટ અન્વયે કાર્યવાહી કરવાની પણ ચેતવણી છે. તેમ છતાં સુરતીલાલા પોતાની મરજી ઉપર વર્તન કરીને કોરોના વાયરસ નામની મહામારીની ભયાનકતાને નજરઅંદાજ કરી રહ્યું છે.

# ભટારમાં રૂપાલી નહેર પાસે શોપિંગ સેન્ટરના મીટર પેટીમાં આગ, ફાયરબ્રિગેડે કાબૂ મેળવ્યો



સુરત

સચિન જીઆઈડીસીમાં લાગેલી આગની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ભટાર વિસ્તારમાં આવેલી રૂપાલી નહેર નજીકના શિવ શક્તિ શોપિંગ સેન્ટરમાં આગ લાગી ગઈ હતી. શોપિંગ સેન્ટરની મીટર પેટીમાં આગ લાગ્યા બાદ લોકોમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. લોકો દોડીને રસ્તા પર આવી ગયાં હતાં. ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયરબ્રિગેડની બે ગાડીઓએ આગ પર કાબૂ મેળવ્યો હતો. શોપિંગ સેન્ટરમાં બહારની સાઈડ આવેલી મીટર પેટીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે ફાયરના અધિકારીઓએ જણાવ્યું હતું.

આગના ધૂમાડાના કારણે ડરી ગયેલા વેપારીઓ દોડીને રસ્તા પર આવી ગયા હતાં. જેથી ટ્રાફિક જામ સર્જાયો હતો. ફાયરબ્રિગેડની સાથે પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો. લોકાડાઉનમાં આંશિક છૂટછાટ મળી હોવાથી રસ્તા પરથી લોકો પસાર થઈ રહ્યા હતા અને ફાયરની ગાડીઓના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હોવાથી પોલીસ કાફલાએ આવીને ટ્રાફિક પૂર્વવત કર્યું હતું. આગ વધુ ન લાગી હોવાથી દુકાનદારો અને લોકોએ રાહતનો દમ લીધો હતો.

# બીલીમોરા પોસ્ટ માસ્ટરની દાદાગીરી : રૂપિયા લેવા કલાકો લાઈનમાં ઉભા રખાયા

**એજન્ટો પૈસા લેવા ઘરે આંટા મારે છે અને અમારે પૈસા લેવા હોય તો લાંબી લાઈનોમાં ઉભા રાખી દેવામાં આવે છે**



બીલીમોરા

બીલીમોરા પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટરની દાદાગીરી છાપરે ચઢીને પોકારી રહી છે. આવા બળબળતા ઉનાળામાં લોકોને રૂપિયા લેવા માટે લાઈનમાં કલાકોના કલાકો ઉભા રાખવામાં આવે છે.

બીલીમોરામાં પોસ્ટ ઓફિસના પોસ્ટર માસ્ટર સંજય પટેલ દ્વારા લોકોને હેરાનગતિ કરવામાં આવી રહી છે. લોકડાઉનના કારમા સમયે લોકોની પૈસાની જરૂર હોય પૈસા લેવા માટે લોકોએ લાંબી લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે જ્યાં કોઈપણ પ્રકારની પાણીની કે મંડપ સુદ્ધાની વ્યવસ્થા પણ કરવામાં આવતી નથી. લોકોને ત્રણથી ચાર કલાક લાંબી લાઈનોમાં ઉભા રાખવામાં આવે છે જેમાં સીનીયર સીટીઝનો પણ બાદ નથી. એક સીનીયર સીટીઝન દ્વારા કહેવામાં આવ્યું હતું કે જ્યારે પણ પૈસા લેવાના હોય ત્યારે એજન્ટો ઘરે આંટા ફેરા મારે છે અને જ્યારે પૈસા આપવાના આવે છે ત્યારે પોસ્ટ ઓફિસમાં લઈ આવે છે અને આવી લાંબી લાઈનોમાં ઉભા કરી દેવામાં આવે છે.

# ઉનાળામાં હીટવેવને કારણે સનસ્ટ્રોકનું મોટું જોખમ છે

નવસારી

વધુ પડતી ગરમીએ મનુષ્યના આરોગ્યને હાનિકર્તા છે. અને ઉનાળામાં હીટવેવના કારણે સન સ્ટ્રોક (લૂ) લાગવાના કેસો ખૂબ બનવા પામે છે. ઉનાળાની ઋતુમાં લુ લાગવાના કેસોને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા સનસ્ટ્રોક (લૂ) થી બચવા જાહેર જનતા માટે આરોગ્યલક્ષી સુચનાઓ જાહેર કરી છે.

તે મુજબ હીટવેવ દરમિયાન બહાર નીકળવાનુ ટાળવું, આખું શરીર અને માથું ઢંકાઇ તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા, ટોપી, ચશ્મા, છત્રીનો ઉપયોગ કરવો, નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત અને બિમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી, સીધા સુર્યપ્રકાશથી બચવુ, ભીના કપડાથી માથુ ઢાંકી રાખવુ અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવુ, દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પાણી પીવુ, લીંબુ શરબત બનાવીને પીવા જોઈએ. બાળકો માટે કેસુડાના ફુલ તથા લીમડાના પાનનો નાહવાના પાણીમાં ઉપયોગ કરવો. ગરમીમાં બહારથી ઘરે આવ્યા બાદ શરીરનું તાપમાન નીચું આવે ત્યારબાદ જ નહાવું, શક્ય હોય તો ઘરના બારી અને બારણા સાથે ખસની ટટ્ટી પાણી છાંટી બાંધી રાખવી, દિવસ દરમિયાન ઝાડ નીચે, ઠંડક અને છાંયામાં રહેવું, બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહી. બજારમાં મળતા બરફનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગે દૂધ, માવામાંથી બનાવેલ ખાધપદાર્થો ખાવા નહી. ઉપવાસ કરવાનુ ટાળવું.

માથાનો દુખાવો, ઉલ્ટી થવી, ઉબકા આવવા,ચક્કરઆવવા કે તાવ આવે તો તુરત જ નજીકના દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલનો સંપર્ક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયુ છે.

# ભરૂચમાં ટ્રકે કારને ટક્કર મારતા ડિવાઈડરનો સળિયો વૃદ્ધની છાતીમાં ઘુસી જતા મોત

ભરૂચ

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં-૪૮ ઉપર અન્સાર માર્કેટ નજીક ટ્રકે કારને ટક્કર મારતા કારમાં બેઠેલા વૃદ્ધની છાતીમાં ડિવાઈડરનો સળિયો ઘૂસી ગયો હતો. અને છાતીની આરપાર નિકળી જતા તેમનું મોત થયુ છે. સળિયા સાથે જ વૃદ્ધને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સુરતના ૬૫ વર્ષના વૃદ્ધ અમરતભાઈ ખેંગારભાઈ દેસાઈ સિદ્ધપુર પાસે સામાજિક કામ અર્થે



ગયા હતા. જ્યાંથી નેશનલ હાઈવે પર અંસાર માર્કેટ પાસે કારને ટ્રકે પાછળથી ટક્કર મારી હતી. જેથી કાર સર્વિસ રોડની સાઈડમાં રહેલી પાઈપવાળા ડિવાઈડર સાથે કાર ટકરાઈ હતી. કારમાં બેઠેલા વૃદ્ધ અમરતભાઈની છાતીના ભાગમાં સળિયો ઘૂસી ગયો હતો. અને છાતીની આરપાર નિકળી ગયો હતો. જેથી તેમનું મોત નિપજયું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સમાં છાતીમાં ઘૂસેલા સળિયા સાથે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# સુરતમાં પરપ્રાંતીયોને મફત ટિકિટના ૧૫૦૦ રૂ. વસુલાતા ગઠિયાને ધરપકડ

સુરત

કોરોના વાયરસને લઈને સતત વતન જવાની માંગ કરતા શ્રમિકોને સરકાર દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. આ શ્રમિકો પાસે ટિકિટ કરતા વધુ રૂપિયા લેવાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી ત્યારે કેટલાક શ્રમિકોને મફતમાં આપવામાં આવેલી ટિકિટ કેટલાક લોકોએ બ્લેકમા વેચી હોવાની વિગત સામે આવી હતી. ત્યારે બિહાર અને ઝારખંડના શ્રમિકો પાસે મફત ટિકિટ ૯ શ્રમિકોને ૧૫૦૦ રૂપિયામાં વેચીને ૧૩,૫૦૦ રૂપિયા પડાવનાર ઉધના અંબર કોલોનીના એઝાઝ મિસ્ત્રી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

ઉધના જીવનજ્યોત હુન્ડાઈ શો રૂમ પાસે ઉધના અંબર કોલોનીમાં રહેતા એઝાઝ અસ્લમ મિસ્ત્રીએ શ્રમિકોની મફત ટિકિટ રૂ. ૧૫૦૦માં વેચી હતી. એઝાઝે કુલ ૯ શ્રમિકોને ટિકિટ વેચી રૂ.૧૩,૫૦૦ પડાવ્યા હતા. તમામ શ્રમિકોને ગતરાત્રે રિંડોલી સાંઈ પોઈન્ટ પાસેથી બસમાં સ્ટેશન લઈ જવાતા હતા ત્યારે સમસ્ત બિહાર ઝારખંડ સમાજના ટ્રસ્ટી ચંદનસિંહ અરુણસિંહ અને અન્યોએ ત્યાં જઈ શ્રમિકોને મફત ટિકિટ મળી કે નહીં તે અંગે પૂછતાં એઝાઝ પાસેથી રૂ.૧૫૦૦ આપી ટિકિટ ખરીદનારા ૯ શ્રમિકોએ હકીકત જણાવી હતી.

ચોંકાવનારી વાત તો એ હતી કે, શ્રમિકોએ જે ટિકિટ માટે રૂ.૧૫૦૦ એઝાઝને આપ્યા હતા તે ટિકિટ ઉપર ફ્રી ટિકિટ લખેલું હતુ જેને કારણે આ આગેવાન ચંદનસિંહ અરુણસિંહે મફત ટિકિટના કાળાબજાર કરનાર એઝાઝ મિસ્ત્રી વિરુદ્ધ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે એઝાઝ મિસ્ત્રી વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી. જોકે, આ ઈસમની ધરપકડ બાદ પોલીસે આ ઈસમનું પૂછપરછ શરુ કરી છે કે તેને અત્યાર સુધીમાં કેટલી ટિકિટ આ રીતે કરીને રૂપિયા કમાયા છે.

# સુરતમાં કોરોના વોરિયરે કોરોનાને હરાવી ફરજ પર હાજર થયો, કહ્યું ફરજ પહેલા

સુરત

સિવિલ હોસ્પિટલમાં દવા બારી પર ફરજ બજાવતા કર્મચારીને કોઈ દર્દી દ્વારા કોરોના થયા બાદ સાજા થઈ જતા ફરજ પર હાજર થઈ ગયા છે. પાંડેસરાની સત્યનારાયણ નગરમાં રહેતા અરૂણ મોર્યા નવી સિવિલ હોસ્પિટલમાં દવા બારી પર ફરજ બજાવે છે. કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા તેમણે સિવિલની ઓપીડીમાં તપાસ કરાવતા તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સિવિલમાં ૫ દિવસની સારવાર બાદ ૯ દિવસ સુધી સમરસ હોસ્ટેલમાં સારવાર હેઠળ રહ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. ત્યાર બાદ ક્વોરન્ટીનના પંદર દિવસ પુરા થતા તેઓ ૨૩મી થી



ફરજ પર હાજર થઈ ગયા છે. અરૂણે જણાવ્યું હતું કે, પરિવારની જવાબદારી સાથી કર્મચારીઓએ ઉપાડી હતી. જેથી ફરજ પહેલા અને બીજુ બધું પછી.

અરૂણએ વધુમાં જણાવ્યું હતું કે નવી સિવિલમાં રોજ ૧૫૦ વધુ લોકોને દવા આપતા હોય છે. આવા જ કોઈ વ્યક્તિના સંક્રમણમાં તે પણ કોરોનાની ઝપેટમાં આવ્યો હોવાની સંભાવના છે. ત્યારે તેના પરિવારની જવાબદારી તેના સાથી કર્મચારી અને કોન્ટ્રાક્ટવાળા તથા મિત્રોએ લીધી હતી. ઘરે જઈને તેઓ તેના પરિવારને મદદ કરતા હતા. હવે તે સંપૂર્ણ કોરોના મુક્ત થતા ફરજ ઉપર પહેલાથી વધારે ઉત્સાહ હોવાથી હાજર થયો છે. ફરજ પહેલા બીજુ બધું પછી હોવાનું જણાવ્યું હતું.

# રાજપીપળાથી રામગઢને જોડતા પુલ પર કામ કરતો મજૂર ૨૫ ફુટથી નીચે પડતાં ગંભીર ઈજાઃ વડોદરા ખસેડાયો

## રેલીંગનું બેલેન્સ હટતા મજુર રેલીંગ સાથે ૨૫ ફુટ નીચે પટકાયો, બીજી રેલીંગ પણ મજુર પર પડી પરંતુ મજુર નો આબાદ બચાવ



**કોન્ટ્રાક્ટર દ્વારા મજૂરો ને કોઈ પણ જાતના સેફ્ટી ના સાધનો ન અપાતા આ બ્રિજ પર કામ કરતા મજૂરો ને જીવનું જોખમ ની ચર્ચા**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા કરજણ ઓવારે થી રામગઢ ને જોડતા પુલ નું કામ જોર શોર માં ચાલી રહ્યું છે.ઘણા મજૂરો આ પુલ નું કામ કરી રહ્યા છે, જલ્દી જ આ પુલ નું કામ પૂર્ણ થવા ને આરે છે ત્યારે મંગળવારે બપોરે ૩ વાગ્યા ના અરસામાં આ પુલ પર ૨૫ ફુટ જેટલી ઊંચી રેલીંગ પર કામ કરતો મજુર નીચે પડી જતાં ગંભીર ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દિલીપભાઈ ચતુરભાઈ બારીયા નામ નો મજુર આ પુલ ના રેલીંગ પર કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક જ રેલીંગ નું સમતુલન ખોરવાતા દીપિલ બારીયા રેલીંગ સાથે જ લગભગ ૨૫ ફુટ ની ઊંચાઈ એ થી નીચે પડી જતા બીજી રેલિંગો પણ તેના ઉપર પડી હોવાનું જાણવા મળ્યું હતું.જોકે દીપીપ બારીયા નો આ ઘટના માં આબાદ બચાવ થયો હતો.એટલી ઊંચાઈ પર થી પડતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટના બાદ બધા મજૂરો દોડી આવ્યા અને બ્રિજ નું કામ થોડા સમય માટે થંભી ગયું હતું. આ ઘટના દરમીયાન લાલ ટાવર પાસે રહેતા સામાજિક આગેવાન રાજુભાઈ રાઉલજી ત્યાં પુલ નજીક નદીના ઓવારા પાસે જ હોય તેમણે ૧૦૮ ને ફોન કરી બોલાવી હતી અને દિલીપભાઈ ને રાજપીપળા સરકારી હોસ્પિટલ માં સારવાર હેઠળ લઈ જવામાં આવ્યા હતા.જોકે જાણવા મળ્યા મુજબ દિલીપ બારીયા ને છાતી માં દુખાવો થતા તેને વડોદરા રીફર કરાયા હતા.

જાણવા મળ્યા મુજબ પુલ નું કામ જોર માં ચાલુ છે પણ કોન્ટ્રાક્ટર દ્વારા મજૂરો ને કોઈ પણ જાતના સેફ્ટી ના સાધનો આપવામાં નથી આવ્યા સેફ્ટી ના સાધનો ન હોવાથી આ બ્રિજ પર કામ કરતા મજૂરો ના જીવનું જોખમ બમણું થઈ જાય છે. કરોડો ના ખર્ચે બની રહેલા આ બ્રીજ ના કોન્ટ્રાકટર પાસે શું મજૂરો ની સેફ્ટી માટે ના સાધનો જ નથી? જો આ મજૂરો ને સેફ્ટી ના સાધન આપ્યા હોત તો આ દુર્ઘટના માં મજૂર ઈજાગ્રસ્ત થતા બચી શક્યો હોત,આવી ગંભીર બેદરકારી બાબતે તંત્ર એ પણ કોઈજ તકેદારી ન રાખી..?જો આજની આ દુર્ઘટના માં મજૂરે જીવ ગુમાવ્યો હોત તો એ માટે જવાબદાર કોણ..?

કરોડો ના ખર્ચે બની રહેલા આ પુલ ના મજૂરો સેફ્ટી ના સાધનો વગર જ જીવના જોખમે કામ કરે છે. કોન્ટ્રાકટર અને લાગતા વળગતા તંત્ર ના અધિકારી ની નિષ્કાળજી કે મિલી ભગત બાબતે યોગ્ય તપાસ કરી કડક પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.સાથે સાથે મજૂરો ને સેફ્ટી ના સાધનો બાબતે પણ કાળજી લેવાય તે જરૂરી છે.

# GVK 108 દ્વારા ઉમલ્લા ખાતે ઈન્ટરનેશનલ પાયલોટ ડે ની ઉજવણી




નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

હાલમાં ચાલી રહેલ કોરોના રૂપી મહામારીમાં ૧૦૮ ઈમરજન્સી સેવા તેમજ ૧૦૮ ના બીજા પ્રોજેક્ટ જેમકે ખિલખિલાટ, મહિલા અભ્યમ, આરોગ્ય સંજીવની તથા ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સના કર્મચારીઓ છેલ્લા ૬૦ દિવસથી ૨૪ કલાક, દિવસ અને રાત જોયા વગર લોકોના જીવ બચાવવા માટે કાર્યરત છે અને તેમનો માત્ર એક જ સંકલ્પ છે માનવ જીવન બચાવવી અને આ મહામારીમાં લોકોની વહારે આવવું તેવા જ સાહસિક કર્મચારીઓ નું આજે ઈન્ટરનેશનલ પાયલટ ડે નિમિત્તે ભરૂચ ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા ઉમલ્લા ખાતે ચોકલેટ ખવડાવી મોઢું મીઠું કરાઈ અભિવાદન કરવામાં આવ્યું હતું અને આવનારા સમયમાં પરિસ્થિતિ કેટલી પણ વિકટ બને પણ લોકોના જીવ બચાવવા માટે તેવો તત્પર છે તેઓ ઉત્સાહ પણ ૧૦૮ ઈમરજન્સી સેવાના pilot મિત્રોએ બતાવ્યો હતો આવી ઉત્કૃષ્ટ કામગીરીને ભરૂચ જિલ્લાના સુપરવાઈઝર અશોક મિસ્ત્રી તેમજ જિલ્લાના મેનેજર અભિષેક ઠાકર એ તેમની આ કાર્ય નિષ્ઠ ભાવનાને બિરદાવી હતી અને તમામ પાયલટ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા

# વણાકોપર ગામે એક યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું



ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના વળાંકપોર ગામે બાવીસ વર્ષીય પરેશ વસાવા નામનો યુવાન કોઈ કામ અર્થે ઘરેથી બહાર ગયો હતો ત્યારબાદ બપોરના બપોરે તેની બહેન અને માતાએ પરેસ ઘરે ન આવતાં તેને ફોન કર્યો હતો પરંતુ તેનો ફોન બંધ હતો ત્યારબાદ સાંજના સુમારે ગામનો ખેડૂત મૃતકની માતાને આવીને કીધું હતું કે તમારો છોકરો વણાકપોર ગામની સીમમાં સમડીના વૃક્ષનિચે ગળેફાંસો ખાધેલિ હાલતમાં મળેલો છે ત્યા મૃતકની માતા અને ફળિયાના યુવાનો સ્થળ પર પહોંચતા જોયું હતું કે પરેશ મૃત્યુ પામ્યો છે ત્યારબાદ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી અને યુવાનની લાશને અવિધા પીએચસી સેન્ટર ખાતે પીએમ અર્થે મોકલી હતી યુવકની મોતનુ કારણ અકબંધ છે આગળની તપાસ રાજપારડી પોલીસે હાથ ધરી છે

# તળાવમાં ડૂબી જવાથી માસુમ બાળાનું મોત

સુરત

નવસારી નજીક ગણેશ સિસોદ્રા ગામે રહેતા શ્રમજીવી પરિવારની છ માસની બાળકી અકસ્માતે તળાવના પાણીમાં ડૂબી જતાં કરૂણ મોત નીપજ્યું હતું. ગણેશ સિસોદ્રા ગામે ગૌચર ફળીયામાં રહેતાં શ્રમજીવી પરિવારની વસિતાકુમારી ધર્મેશભાઈ હળપતિ ગઈકાલે બપોરે પોતાના ઘર નજીક વાડાગામની સીમમાં આવેલ તળાવની પાળ ઉપર અન્ય બાળકોસાથે રમતી હતી. તેવખતે રમતા રમતા વસિતાકુમારી અકસ્માતે તળાવના પાળ ઉપરથી પાણીમાં પડી જતા તળાવમાં ડૂબી જતા અન્ય બાળકોએ બુમાબુમ કરી મુકી તેના પરિવારને જાણ કરી હતી અને તળાવના પાણીમાંથી વસિતાકુમારીની લાશ બહાર કાઢવામાં આવતા ગામમાં શોકની કાલીમાં વ્યાપી ગઈ હતી. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસમાં ધર્મેશભાઈ ભૂલાભાઈ હળપતિએ પોતાની પુત્રીના મોત અંગે ફરિયાદ નોંધાવી હતી.

# અંકલેશ્વર શહેર વિસ્તારમાં લારી તથા પાથરણા રાખી શાકભાજીનું વેચાણ કરતા છુટક વેપારીઓને માસ્ક તથા હેન્ડગ્લોઝનું વિતરણ



ભરુચ

રાજેન્દ્રસિંહ ચુડાસમા ભરૂચ પોલીસ અધિક્ષક તરફથી જિલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા સારૂ જરૂરીયાતમંદોને માસ્ક તથા હેડગ્લોઝ નું વિતરણ કરવા સુચના આપેલ હોય જે.આધારે નાયબ પોલીસ અધિક્ષાક ચિરાગ દેસાઈ અંકલેશ્વર ડિવીઝન ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર ઓ.પી. સિસોદિયા ની સુચના મુજબ. અંકલેશ્વર શહેર વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ લારી તથા પાથરણા રાખી શાકભાજી ના વેપારીઓ શાકભાજીનું વેચાણ કરતા હોય જ્યા ઘણા ગ્રાહકો શાક ભાજી લેવા આવતા હોય અને કોરોના વાઈરસ શ્વાસો શ્વાસ તથા હાથ વડે ફેલાતો હોય જેથી કોરોના વાઈરસનુ સંક્રમણ અટકાવવા આજરોજ અંક્લેશ્વર શહેર પોલીસ દ્વારા આશરે ૨૦૦ થી ૨૫૦ જેટલા માસ્ક તથા હેન્ડગ્લોઝનું વિતરણ કરવામાં આવેલ છે અને હજુ પણ આ વિતરણ ની કામગીરી ચાલુ છે.આ કોરોના વાયરસ નુ સંક્રમણ વધુ ફેલાય નહી તે સારૂ માસ્ક તથા હેન્ડગ્લોઝ ફરીજીયાત પેહરી શાકભાજીનુ વિતરણ કરવાનુ રેહશે તેમજ માસ્ક તથા હેન્ડગ્લોઝ નહી પેહરે તો જાહેરનામા ભંગના કેસ થશે તેવી કડક સુચના આપવામાં આવેલ છે.

# વીજબીલ,સ્કૂલ ફી અને તમામ પ્રકારના વેરા માફીની માંગ સાથે નર્મદા જીલ્લા કોંગ્રેસનુ આવેદન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



કોરોના મહામારી અને ત્રણ મહીના જેટલાં લાંબા લોકડાઉન ને પગલે આખાં દેશ સહીત ગુજરાત મા પણ સંક્રમણ વધવાની સાથે-સાથે લોકો ના વેપાર ધંધા પડી ભાંગ્યા છે, જે લોકો ખાનગી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં તેમની પણ નોકરીઓ ઝુંટવાઈ જવા પામી છે કે ઝુંટવાઈ જવાની તૈયારીમાં છે. લોકો પાસે જે બચત મુડી હતી તે ત્રણ મહીના ની તાળાબંધી મા ખર્ચાઈ ગઈ છે. જેથી કરીને પ્રજાના એક મોટા વર્ગને રાહત મળે તે હેતુથી માર્ચ, એપ્રિલ, મે અને જુન મહીના સુધી વિજળી નુ બિલ માફ કરવામા આવે, ગરીબ અને મધ્યમ વર્ગના પાણી,રહેઠાણ, મિલ્કત વેરા અને નાનાં ધંધાર્થીઓના વેરા માફ કરવામા આવે,ખાનગી શાળાઓ ની આગામી શૈક્ષણીક વર્ષ ના પ્રથમ સત્ર ની ફી માફ કરવામા આવે અથવા સરકાર એ ફી નુ વહન કરે,ખેડુતો એ ખેતી માટે લીધેલ કૃષિ લોનના વ્યાજ ની માફી અને લોન પરત કરવાની મુદતને વધારવા માં આવે.

તાળાબંધી મા લોકો ઘર મા પુરાઈ રહેવા મજબુર બન્યાં છે અને આવક ના સ્ત્રોત મંદ પડ્યા છે તો આ સમયે દયનીય હાલત મા મુકાયેલી પ્રજા ની મદદ કરવી એ સરકાર ની બંધારણીય ફરજ ગણાય,સૌથી જુનો રાષ્ટ્રીય પક્ષ હોવાના નાતે પણ કોંગ્રેસ કપરાં સમયે લોકો ના પ્રશ્નો ને વાચા આપી પડખે રહેવાની કોંગ્રેસ ની નીતિ રહી છે. તે અંતર્ગત નર્મદા જીલ્લા કોંગ્રેસે મામલતદાર નાંદોદ ને આવેદન પત્ર આપી વેરા,સ્કુલ ફી વિગેરે માફ કરવાની માંગણીઓ કરતું આવેદનપત્ર આપ્યું હતું.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના માંડણના ચીનકુવા ફળિયાના લોકો આઝાદી બાદથી વિકાસની રાહ જોઈ રહ્યા છે



**આઝાદી કાળથી આજદિન સુધી વિકાસથી વંચિત આ ગામના લોકો પાયાની સુવિધા વિના ઝઝૂમી રહ્યા છે**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોનાના કહેર વચ્ચે લોકો વિકટ પરિસ્થિતિ માં જીવી રહ્યાં છે ત્યાં ઉનાળાના ધગધગતા તાપમાં નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારો માં પાણીની પોકાર પડી રહી છે,લોકોને ભર ઉનાળે પીવાના પાણી ની પારાવાર મુશ્કેલી પડી રહી છે. નર્મદા જિલ્લામાં હજુ પણ એવા ઘણા ગામડાઓ છે કે જ્યાં આઝાદી પછી નથી રસ્તો બન્યો કે નથી પાણી ની સુવિધા સરકારે ઉપલબ્ધ કરાવી તેવુજ એક ગામ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક નું અંતરિયાળ માંડણ ગામના ચીનકુવા ફળિયા ના ગ્રામજનો પણ પાયાની સુવિધા વિના મુશ્કેલી વેઠી રહયા છે. માંડણ ચીનકુવા ફળિયાના ગ્રામજનો ના જણાવ્યા મુજબ અમારા ગામમાં ૫૦૦ જેવા લોકોની વસ્તીમાં અત્યાર સુધી કોઈ સરકારી યોજનાઓ આવી જ નથી.૧ થી ૫ ધોરણની શાળા પણ ઝુંપડામાં ચાલે છે,આ શાળામાં એક બાજુએ લોકો રહે છે તો બીજી બાજુ શાળા ચાલે છે.

પાણી માટે ફક્ત કૂવો જ એક માત્ર સ્ત્રોત છે.પાણી ભરવા ઉનાળાના બળબળતા તાપમાં ગામની મહિલા ઓએ બે કિમી સુધી પથ્થરો પર ચાલી ટેકરી પરથી નીચે ઉતરી ૬૦-૭૦ ફૂટ ઊંડા કુવામાંથી પાણી ભરે છે,ત્યારે અમુક લોકો પાણીનાં ઝર ફૂટે છે ત્યાંથી પાણી ભરે છે.રસ્તો પણ કાચો છે.ચોમાસામાં જો કોઈ બીમાર પડ્યું હોય તો ગામ સુધી ૧૦૮ કે અન્ય કોઈ વાહન આવી જઈ શકતું ન હોવાથી અમારે ઝોળીમાં બાંધી બીમાર વ્યક્તિને બહાર લઈ જવો પડે છે.અમારા ગામમાં આઝાદી પછી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ જ નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સરકાર ભલે સ્ટેચ્યુ ઓફ યુનિટીને લીધે એની આસપાસના ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કરે પણ સાથે સાથે વર્ષોથી વિકાસ ઝંખતા આવા કેટલાક ગામો નો પણ વિકાસ કરવો જોઈએ, બીજું કંઈ નહીં તો પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જ રહી.

# નર્મદા પોલીસે લોકડાઉનના બે મહિના દરમ્યાન ૧૯૨૩ વાહનો ડિટેઈન કરી રૂ.૩.૮૫ લાખનો દંડ વસુલ કર્યો

**પોલીસે લોકડાઉન માં ૧૦૬૫ કેસો કરી ૧૯૯૧ વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગની ફરિયાદો દાખલ કરી છતાં હજુ કેટલાક લોકો સુધરવાનું નામ નથી લેતા**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



લોકડાઉન અને કોરોના ના કહેર વચ્ચે લોકો ના સ્વાસ્થય બાબતે ચિંતિત તંત્ર એ લોકોને અપીલ કરી લોકડાઉન નું પાલન કરવાનો અનુરોધ કરવા છતાં કેટલાક બિન્દાસ બનેલા લોકો નહિ સુધરતા પોલીસે કાયદાનું શસ્ત્ર ઉગામી કાયદેસર કાર્યવાહી કરી હતી.

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિહ ની માર્ગદર્શન હેઠળ સમગ્ર જીલ્લા ની પોલીસ ટિમોને જાહેરનામા નો કડક અમલ કરાવવાની સુચનાઓ આપવામાં આવી હતી જે અંતર્ગત નર્મદા જિલ્લા મા જાહેરનામા નો ભંગ કરતા લોકો પર પોલીસ વિભાગ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી ઉપરાંત ડ્રોન કેમેરા સર્વેલન્સ દ્વારા પણ ઠેરઠેર લોકો પર નજર રખાઈ હતી.

જેમાં લોકડાઉન ના બે મહિના દરમ્યાન ૨૫ માર્ચ થી ૨૫ મી મે સુધી પોલીસ વિભાગ દ્વારા જાહેરનામા ભંગની કુલ ૧૦૬૫ ફરિયાદો દાખલ કરવામાં આવી જે પૈકી ડ્રોન કેમેરા સર્વેલન્સ દ્વારા ૬૭ અને શહેર માં ગોઠવવામાં આવેલા કેમેરા સર્વેલન્સ સહિત અન્ય કેમેરા ની મદદથી ૯૩ કેસો કરી ૧૯૯૧ લોકો ને અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. લોકડાઉન ના આદેશ ની પરવાહ ન કરી માર્ગ પર ફરનારા ૧૯૨૩ વાહનો ડિટેઈન કરી રૂ.૩,૮૫,૮૦૦ નો દંડ વસુલ કરાયો હતો.

આ બાબતે જીલ્લા પોલીસ વડા હિમકરસિહે જણાવ્યું હતું કે દંડ ની પ્રક્રિયા લોકો ના હિત માં જ હાથ ધરી છે, કોરોના ની મહામારી થી લોકો સુરક્ષિત રહે, લોકડાઉન નુ ચુસ્ત પાલન થાય એ માટે નર્મદા પોલીસે કાયદાનું કડક પાલન કર્યું છે.